અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૮ ઓગસ્ટ ૨૦૨૩, સોમવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, નિ.શ્રાવણ સુદ બારસ | અંક : ૩૩ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ન્યૂઝ બ્રિફ

### અમિત શાહ ત્રણ રાજ્યોના મુખ્યમંત્રી સાથે કરશે બેઠક



। ગાંધીનગર, તા.૨૭ ।

કેન્દ્રીય ગૃહ મંત્રી અને ભાજપના દિગ્ગજ નેતા અમિત શાહ સોમવારે ગુજરાતની મુલાકાતે છે. વેસ્ટ ઝોન કાઉન્સિલની ગાંધીનગર ખાતે સોમવારે અમિત શાહના અધ્યક્ષ સ્થાને મહત્વની બેઠક મળશે. જેમાં ગુજરાત, મહારાષ્ટ્ર અને ગોવાના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી ઉપસ્થિત રહેશે. ગાંધીનગરમાં મળનારી મહત્વની બેઠકમાં ત્રણેય રાજ્યો વચ્ચે વહીવટી કામ અને અન્ય મહત્વના પ્રોજેક્ટનું સંકલન થશે. મહારાષ્ટ્ર સીએમ એકનાથ શિંદે, ગોવાના ષ્દ્ધ પ્રમોદ સાવંત તેમજ મહારાષ્ટ્રના બંને નાયબ મુખ્યમંત્રી હાજર રહેશે. વર્ષમાં એકાદ બે વખત મળતી મહત્વની બેઠક આ વખતે ગુજરાતમાં મળશે. ત્યારે હવે રાજકારણમાં નવાજૂની થાય તેવા સંકેત છે.

### અમદાવાદ-મુંબઈ વચ્ચે વધુ એક વંદે ભારત ટ્રેન શરૂ થશે

। અમદાવાદ, તા.૨૭ ।

ગુજરાતને વધુ એક વંદે ભારત ટ્રેનની ભેટ મળવા જઈ રહી છે. એક વર્ષ કરતા ઓછા સમયમાં વંદેભારત ટ્રેનને મળેલા સારા પ્રતિસાદને પગલે આ નિર્ણય લેવાયો છે. હવે અમદાવાદ-મુંબઈ વચ્ચે વધુ એક વંદે ભારત ટ્રેન શરૂ કરાશે. વંદે ભારત ટ્રેનને મળેલા સારા પ્રતિસાદ બાદ અમદાવાદ મુંબઈ વચ્ચે વધુ એક ટ્રેન શરૂ કરવાનો નિર્ણય કરાયો છે. અમદાવાદ-મુંબઈ વચ્ચે દરરોજ ૩૦ હજાર લોકો મુસાફરી કરે છે. આવામાં ૨૦ થી વધુ ટ્રેન હોવા છતા વેઈટિંગ લિસ્ટ લાંબુલચક જોવા મળે છે. તેથી મુસાફરોની વધતી સંખ્યાથી વંદે ભારત ટ્રેન શરૂ કરી શકાય છે.

## પીએમ મોદીએ કહ્યું - ભારત જી-૨૦ માટે તૈયાર

# મિશન ચંદ્રયાન નવા ભારતની સ્પિરિટનું પ્રતિક : વડાપ્રધાન મોદી

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મન કી બાત કાર્યક્રમનો આજે ૧૦૪મો એપિસોડ હતો : આ દરમિયાન પીએમ મોદીએ તેમની કવિતા પણ વાંચી હતી

। નવી દિલ્હી, તા.૨૭ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રેડિયો કાર્યક્રમ મન કી બાત દ્વારા દેશવાસીઓને સંબોધિત કર્યા. મન કી બાત કાર્યક્રમ દર મહિનાના છેલ્લા રવિવારે પ્રસારિત થાય છે. આજે ૨૭મી ઓગસ્ટે કાર્યક્રમનો ૧૦૪મો એપિસોડ છે. આ દરમિયાન વડાપ્રધાન મોદીએ ચંદ્રયાનની સફળતાનો ઉલ્લેખ કરતા કહ્યું કે મિશન ચંદ્રયાન એ ન્યૂ ઈન્ડિયાની ભાવનાનું પ્રતિક છે. કાર્યક્રમમાં પીએમ મોદીએ તેમની કવિતા પણ વાંચી હતી. પીએમ મોદીએ કહ્યું, ચંદ્રયાનની સફળતા ઘણી મોટી છે. તેની ચર્ચા સર્વત્ર થઈ રહી છે. ચંદ્રયાનની સફળતાએ બતાવ્યું છે કે સફળતાના કેટલાક સૂર્ય ચંદ્ર પર પણ ઉગે છે. ચંદ્રયાન નવા ભારતની ભાવનાનું પ્રતિક બની ગયું છે, જે કોઈપણ પરિસ્થિતિમાં જીતવા માંગે છે અને કોઈપણ પરિસ્થિતિમાં કેવી રીતે જીતવું તે પણ જાણે છે. તેમણે કહ્યું કે આ મિશન મહિલા શક્તિનું જીવંત ઉદાહરણ છે.



આ સમગ્ર મિશનમાં ઘણી મહિલા વૈજ્ઞાનિકો અને એન્જિનિયરો સીધી રીતે સામેલ થઈ છે. પીએમ મોદીએ કહ્યું, ભારતની દીકરીઓ હવે અનંત ગણાતી જગ્યાને પણ પડકાર આપી રહી છે. જ્યારે દેશની દીકરીઓ આટલી મહત્વાકાંક્ષી બની જાય છે તો તે દેશને વિકસિત થતા કોણ રોકી શકે છે. આ દરમિયાન પીએમ મોદીએ તેમની કવિતા વાંચી હતી. વડાપ્રધાન મોદીએ કહ્યું કે સપ્ટેમ્બર મહિનો ભારતની ક્ષમતાનો સાક્ષી બનવા જઈ રહ્યો છે. ભારત આવતા મહિને યોજાનારી ૪-૨૦ લીડર્સ સમિટ માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. ૪-૨૦ કોન્ફરન્સના ઈતિહાસમાં આ અત્યાર સુધીની સૌથી મોટી ભાગીદારી હશે.

પીએમ મોદીએ કહ્યું કે તેમની અધ્યક્ષતા દરમિયાન ભારતે ૪-૨૦ને વધુ સમાવિષ્ટ ફોરમ બનાવ્યું છે. ભારતના આમંત્રણ પર જ આફ્રિકન યુનિયન પણ ૪-૨૦માં સામેલ થયું અને આફ્રિકાના લોકોનો અવાજ વિશ્વના આ મહત્વપૂર્ણ પ્લેટફોર્મ સુધી પહોંચ્યો. પીએમ મોદીએ કહ્યું કે થોડા દિવસ પહેલા જ ચીનમાં વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સ યોજાઈ હતી. આ વખતે ભારતનું અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન આ ગેમ્સમાં રહ્યું છે. અમારા ખેલાડીઓએ કુલ ૨૬ મેડલ જીત્યા જેમાંથી ૧૧ ગોલ્ડ મેડલ હતા. તેમણે કહ્યું, તમને જાણીને આનંદ થશે કે ૧૯૫૯થી આયોજિત વિશ્વ યુનિવર્સિટી ગેમ્સમાં જીતેલા તમામ મેડલને ઉમેરવામાં આવે તો પણ આ સંખ્યા માત્ર ૧૮ પર પહોંચી જાય છે. પીએમ મોદીએ કહ્યું કે આપણે ઘણા દિવસોથી કાર્બન ક્રેડિટમાં ફસાયેલા છીએ અને કેટલાક લોકો કાર્બન ક્રેડિટનો આનંદ પણ લઈ રહ્યા છે. હું ગ્રીન ક્રેડિટની વાત લઈને આવ્યો છું. પીએમ મોદીએ વિશ્વના વ્યાપારી નેતાઓને ગ્રીન ક્રેડિટ અભિયાનમાં જોડાવા અપીલ કરી હતી.

### આજે સમગ્ર વિશ્વ ભારતથી ખુશ છે ભારતમાં સૌથી વધુ યુવા પ્રતિભા છે : પીએમ મોદી

**મોદીએ ૪૨૦ બિઝનેસ લીડર્સને પોતાના સંબોધનમાં કહ્યું કે આ વખતે ભારતમાં તહેવારોની સીઝન ૨૩ ઓગસ્ટથી શરૂ થઈ છે. આ ચંદ્રયાન ચંદ્ર પર પહોંચવાનો ઉત્સવ છે. પીએમએ કહ્યું કે આપણે આપત્તિમાંથી શીખીએ છીએ. આજે સમગ્ર વિશ્વ ભારતથી ખુશ છે. આજે ભારતમાં સૌથી વધુ યુવા પ્રતિભા છે. ભારત સાથેની તમારી મિત્રતા જેટલી મજબૂત હશે તેટલી જ બંનેને વધુ સમૃદ્ધિ મળશે. પીએમે કોરોના સમયગાળા દરમિયાન રસીની નિકાસનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે ભારતે આખી દુનિયાના જીવ બચાવ્યા. વડાપ્રધાન મોદીએ કહ્યું કે જ્યારે કોરોનાના સમયે વિશ્વને તેની જરૂર હતી ત્યારે ભારતે ૧૫૦થી વધુ દેશોમાં દવાઓ મોકલી હતી. તેમણે કહ્યું કે વિશ્વમાં કોરોનાની રસી મોકલીને તેમણે વિશ્વના લોકોનો જીવ બચાવ્યો. પીએમે કહ્યું કે અગાઉ એવું કહેવામાં આવતું હતું કે જ્યાં સુધી વૈશ્વિક સપ્લાય ચેઇન કાર્યક્ષમ છે ત્યાં સુધી કોઈ ચિંતા નથીપ શું આવી સપ્લાય ચેન તૂટી જાય ત્યારે તેને વધુ સારી કહી શકાય? જ્યારે વિશ્વને તેની સૌથી વધુ જરૂર હતી. આજે જ્યારે વિશ્વ આની સાથે સંઘર્ષ કરી રહ્યું છે, ત્યારે હું સ્પષ્ટ કરવા માંગુ છું કે ભારત જ આનો ઉકેલ છે. વડાપ્રધાન મોદીએ સૌર ઉર્જા પર વાત કરી. પીએમે કહ્યું કે અમારો પ્રયાસ છે કે જે મુજબ ભારતને આ ક્ષેત્રમાં સફળતા મળી છે, આપણે તેને ગ્રીન હાઈડ્રોજન સેક્ટરમાં રિપીટ કરીએ. ભારતનો પ્રયાસ આમાં વિશ્વને પણ સાથે લેવાનો છે. પીએમએ કહ્યું કે આ પ્રયાસ આંતરરાષ્ટ્રીય સૌર સંબંધોના રૂપમાં પણ દેખાઈ રહ્યો છે.**

**મૃતકોમાં ત્રણ બાળકોનો સમાવેશ થાય છે**

**પશ્ચિમ બંગાળના જગન્નાથપુર ઉત્તર ૨૪ પરગણા વિસ્તારમાં દત્તાપુકુરની ફટાકડાની ફેક્ટરીમાં વિસ્ફોટ થયો । ચારે બાજુ કાટમાળ ફેલાય ગયો છે**

# પશ્ચિમ બંગાળની ફટાકડાની ફેક્ટરીમાં વિસ્ફોટ : ૬ના મોત

। જગન્નાથપુર, તા.૨૭ ।

પશ્ચિમ બંગાળના ઉત્તર ૨૪ પરગણા જિલ્લામાં એક મોટી દુર્ઘટના ઘટી છે. રવિવારે સવારે દત્તાપુકુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ફટાકડાની ફેક્ટરીમાં જોરદાર બ્લાસ્ટ થયો હતો. આ અકસ્માતમાં છ લોકોના મોત થયા હોવાની માહિતી મળી રહી છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચી ઘટનાનું કારણ જાણવા તપાસ હાથ ધરી છે. પોલીસના જણાવ્યા અનુસાર આ ઘટના જગન્નાથપુર ગામની છે. આ વિસ્ફોટથી એટલો જબરદસ્ત હતો કે ફેક્ટરીની ઈમારત આખે આખી ધારાશાયી થઈ ગઈ છે. ચારે બાજુ કાટમાળ ફેલાય ગયો છે. આખી ઈમારત પત્તાના ઢેરની જેમ તૂટી પડી હતી. પોલીસે કાટમાળમાં દટાયેલા લોકોને બહાર કાઢ્યા હતા. ફાયર બ્રિગેડે આગ બુઝાવી રહી છે. સ્થળ પર કૂલિંગની કામગીરી ચાલી રહી છે. બ્લાસ્ટને કારણે ઘણા લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. મૃતદેહો ખરાબ રીતે દાઝી ગયા હતા.

### વસ્ફોટ એટલો જોરદાર હતો કે ૧૦૦થી વધુ ઘરોમાં તિરાડો પડી ગઈ



**ફટાકડાની ફેક્ટરી અંગે માહિતી એકત્ર કરવામાં આવી રહી છે. આ ફટાકડાની ફેક્ટરીનું લાઇસન્સ હતું કે નહીં? આની ખાતરી કરવામાં આવી રહી છે. ફટાકડાની ફેક્ટરીમાં આગ કેવી રીતે લાગી તે અંગે માહિતી એકત્ર કરવામાં આવી રહી છે. ઘટના સમયે ફેક્ટરીમાં કેટલા લોકો હતા તે જાણી શકાયું નથી. પોલીસે જણાવ્યું કે કોલકાતાથી લગભગ ૩૦ કિમી ઉત્તરે આવેલા દત્તાપુકુર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ નીલગંજના મોશપોલ વિસ્તારમાં ફટાકડાની ફેક્ટરીમાં ઘણા લોકો કામ કરી રહ્યા હતા ત્યારે સવારે ૧૦ વાગ્યાની આસપાસ વિસ્ફોટ થયો હતો. મળતી માહિતી મુજબ, પશ્ચિમ બંગાળના જગન્નાથપુર ઉત્તર ૨૪ પરગણા વિસ્તારમાં દત્તાપુકુરની ફટાકડાની ફેક્ટરીમાં વિસ્ફોટ થયો હતો, જેમાં ૬ લોકોના મોત થયા છે. સ્થાનિક રહેવાસીઓએ દાવો કર્યો છે કે ઓછામાં ઓછા ૬ લોકો માર્યા ગયા છે. મૃતકોમાં ત્રણ બાળકોનો સમાવેશ થાય છે. ઘટનાની જાણ થતાં જ દતપુકુર પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને બચાવ કાર્ય શરૂ કર્યું. જણાવવામાં આવી રહ્યું છે કે વિસ્ફોટ એટલો જોરદાર હતો કે ૧૦૦ થી વધુ ઘરોમાં તિરાડો પડી ગઈ છે. અનેક મકાનોની છત અને દિવાલોને નુકસાન થયું છે.**

### ચંદ્રયાન-3ની પ્રથમ શોધ

## ચંદ્રયાન-3 દ્વારા ચંદ્ર વિશે જાણકારી આપવાનું શરૂ કર્યું

**વિક્રમ લેન્ડર પર લાગેલ ChaSTE ધ્રુવની આસપાસ ચંદ્રમાની ઉપર રહેલી માટીનું તાપમાન માપે છે**

। નવી દિલ્હી, તા.૨૭ ।

ભારતના ચંદ્રયાન-૩ એ ચંદ્ર વિશે જાણકારી આપવાનું શરૂ કરી દીધુ છે. વિક્રમ લેન્ડર અને રોવર પ્રજ્ઞાન પર લાગેલા તમામ ઉપકરણ સારી રીતે કામ કરી રહ્યાં છે. વિક્રમના ChaSTE પેલોડે તો શરૂઆતી ડેટા મોકલી આપ્યો છે. ભારતીય અંતરિક્ષ એજન્સી (ISRO) એ આ અપડેટ ઠ પર શેર કર્યુ છે. વિક્રમ લેન્ડર પર લાગેલ ChaSTE (ચંદ્રની સપાટીનો થર્મોફિઝિકલ પ્રયોગ) ધ્રુવની આસપાસ ચંદ્રમાની ઉપર રહેલી માટીનું તાપમાન માપે છે. તેની મદદથી ચંદ્રમાની સપાટીના તાપના વ્યવહારને સમજી શકાશે. ChaSTE માં એક ટેમ્પ્રેચર પ્રોબ છે જે કંટ્રોલ્ડ એન્ટ્રી સિસ્ટમની મદદથી સપાટીમાં ૧૦ સેમીની ઉંડાઈ સુધી પહોંચી શકાય છે. તપાસમાં ૧૦ અલગ-અલગ તાપમાન સેન્સર લાગેલા છે. ઈસરોએ જે ગ્રાફ શેર કર્યો છે, તે અલગ-અલગ ઊંડાણ પર નોંધાયેલ ચંદ્રની સપાટી/નજીકની સપાટીના તાપમાનનું અંતર દર્શાવે



છે. તે ચંદ્રના દક્ષિણી ધ્રુવ પર કરવામાં આવેલી પ્રથમ તપાસ છે. ભારત આ કરનારો પ્રથમ દેશ છે. ઈસરોએ કહ્યું કે ડેટાનો વિસ્તૃત અભ્યાસ કરવામાં આવી રહ્યો છે.

વિક્રમ લેન્ડપ પર લાગેલ ChaSTE એ આપણને શું જણાવ્યું - ISRO એ જે ગ્રાફ શેર કર્યો છે, તે પ્રમાણે ચંદ્રની સપાટીનું તાપમાન ૫૦ ડિગ્રી સેલ્સિયસ છે.

ઊંડાણમાં જવા પર તાપમાન ઝડપથી નીચે આવે છે. ૮૦ મિલીમીટર અંદર જવા પર તાપમાન -૧૦ ડિગ્રી સુધી નીચે આવે છે.

બીજા શબ્દોમાં કહો તો તેમ લાગે છે કે ચંદ્રમાની સપાટી હીટને રિટેન કરી શકતી નથી. ઈસરોના અધ્યક્ષ એસ. સોમનાથે કહ્યું કે રોવર ચંદ્રની સપાટી પરથી જે તસવીરો લઈ રહ્યું છે તેને ઈસરો સ્ટેશન સુધી પહોંચવામાં સમય લાગશે.

## LICના વડાઓની નિવૃત્તિની ઉંમર અંગે ટૂંકમાં નિર્ણય થશે

। નવી દિલ્હી, તા.૨૭ ।

સરકારી કર્મચારીઓ માટે સારા સમાચાર. વધી શકે છે તમારી નિવૃત્તિની વય મર્યાદા. નિયમ ઉંમર કરતા વધુ એકથી બે વર્ષનો વધી શકે છે કર્મચારી તરીકેનો કાર્યકાળ. હાલ આ સમાચારો અંગે સૌ કોઈ જાણકારી મેળવવા માંગે છે. કારણકે, આનાથી નિવૃત્તિના લાભોમાં પણ વધારો થશે. ઉલ્લેખનીય છેકે, સરકાર દ્વારા નિવૃત્તિની ઉંમર વધારવાની યોજના બનાવવામાં આવી રહી છે. સમાચાર આવી રહ્યા છે કે PSBs અને લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (LIC)ના વડાઓની નિવૃત્તિની ઉંમર અંગે ટૂંક સમયમાં નિર્ણય લેવામાં આવી શકે છે.

કેન્દ્ર સરકાર દ્વારા સમયાંતરે સરકારી કર્મચારીઓના પગાર અને નિવૃત્તિ વયમાં વિવિધ સુધારા કરવામાં આવ્યા છે. હવે ફરી એકવાર સરકાર જાહેર ક્ષેત્રની બેંકોના વડાઓ અને એમડીની નિવૃત્તિ વય વધારવાની યોજના બનાવી રહી છે, પરંતુ નીચલા સ્તરના કર્મચારીઓને તેનો લાભ નહીં મળે.

## બે યુક્રેનિયન ફાઈટર જેટ કિવ નજીક હવામાં અથડાયા

। કીવ, તા.૨૭ ।

બે યુક્રેનિયન ફાઈટર જેટ કિવ નજીક હવામાં અથડાયા હતા. જેમાં યુક્રેનના ત્રણ સૈન્ય પાયલોટના મોત થયા છે. યુક્રેન તેના એરમેનને યુએસ તરફથી મળતા F-16 ફાઈટર જેટને ઉડાવવા માટે તાલીમ આપવા માટે એક મોટી કવાયતની તૈયારી કરી રહ્યું છે. આ તૈયારીની ઝડપમાં અકસ્માત સર્જાયો હતો. જેમાં યુક્રેનની રાજધાની કિવ પાસે બે L-39 ટ્રેનિંગ એરક્રાફ્ટ હવામાં અથડાતાં ત્રણ યુક્રેનિયન પાઈલોટ્સનું દુઃખદ મોત થયું હતું. યુક્રેનિયન વાયુસેનાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ઝિતોમીર ક્ષેત્રમાં શુક્રવારે ક્રેશ થયું હતું. જે રાજધાની કિવની પશ્ચિમે છે. યુક્રેન તેના પાઈલોટ્સને પશ્ચિમ તરફથી મળતા F-16 ફાઈટર જેટને ઉડાવવાની તાલીમ આપી રહ્યું છે. એવામાં ત્રણ પાયલટોનું મોત યુક્રેન માટે મોટો ઝટકો છે. આ ઘટના પર દુખ વ્યક્ત કરતા યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સકીએ જણાવ્યું હતું કે વિમાન દુર્ઘટનામાં માર્યા ગયેલા ત્રણ સૈન્ય પાયલોટમાં યુક્રેનના આર્મી ઓફિસર એન્ડ્રી પિલશ્ચિકોવનો પણ સમાવેશ થાય છે.



**ન્યૂઝ બ્રિફ**

## ભારત-પાકિસ્તાન બોર્ડર પર ઝીરો પોઇન્ટ સુધી ફરી સીમા દર્શન શરૂ

| બનાસકાંઠા,તા.૨૭ |

બનાસકાંઠા જિલ્લામાં નડાબેટ હવે પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યુ છે. અહીં સીમા દર્શન પોઈન્ટ ઉભો કરવામાં આવ્યો છે. અહીં લોકો ભારત અને પાકિસ્તાનની બોર્ડર પર સીમા દર્શન પોઈન્ટ ઉભો કરવામાં આવ્યો છે.જ્યાં પ્રવાસીઓ અટારી બોર્ડર અને વાઘા બોર્ડરની જેમ જ મ્જીહ્લના જવાનોનો જુસ્સો અને દેશભક્તિના દર્શન કરી શકે છે. ત્યારે નડાબેટ પર સીમા દર્શન માટે આવતા પ્રવાસીઓ માટે ખુશીના સમાચાર સામે આવ્યા છે. ભારત-પાકિસ્તાન બોર્ડર પર ઝીરો પોઈન્ટ સુધી ફરી સીમા દર્શન શરૂ માટે કરવામાં આવ્યું છે.રક્ષાબંધન અને જન્માષ્ટમીનો પર્વ નજીકમાં જ છે. જેને ધ્યાનમાં રાખીને નડાબેટ પર સીમા દર્શન શરુ કરવામાં આવ્યુ છે.૧૬ ઓગસ્ટથી આ સીમા દર્શન બંધ કરવામાં આવ્યું હતું. જો કે હવે ટુરિઝમ વિભાગ દ્વારા બોર્ડર પર ઝીરો પોઈન્ટ સુધી ફરી સીમા દર્શન શરૂ કરવામાં આવ્યુ છે. સીમા દર્શન માટે નડાબેટ ખાતેથી ૧૦થી વધુ બસો દોડાવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પ્રવાસીઓ નડાબેટથી બસોમાં મુસાફરી કરી શકશે.

## ભાવનગરમા આઠ વર્ષના બાળકને હડકવા ઉપડતા મૃત્યુ થયું

| ભાવનગર,તા.૨૭ |

ગુજરાત માં રખડતા ઢોર અને રખડતા શ્વાનનો આતંક યથાવત જોવા મળી રહ્યો છે. સમગ્ર ઘટનાની વિગતવાર વાત કરીએ તો ભાવનગર જિલ્લામાં રખડતા શ્વાને ૮ વર્ષના બાળકનો જીવ લીધો છે. હોસ્પિટલમાં સારવાર દરમિયાન બાળકે અંતિમ શ્વાસ લેતા પરિવારમાં શોક વ્યાપી ગયો છે. બાળકની સારવાર ન કરાવતા હડકવા ઉપડતા થયું મૃત્યુ ભાવનગરના લોલિયા ગામે રહેતા શ્રમિક પરિવારના મુકેશ નીરદાસભાઈ મોરી નામના ૮ વર્ષના બાળકને ૨ માસ અગાઉ શ્વાન કરડ્યું હતું. જે બાદ મુકેશને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો નહોતો. સાથે જ તેને એન્ટી રેબિક રસી પણ અપાવવામાં આવી નહોતી. પરિવારની બેદરકારીના લીધે બાળકે ગુમાવ્યો જીવ બે માસ બાદ મુકેશને હડકવા ઉપડતા માતા-પિતા તેને લઈને હોસ્પિટલ ખાતે પહોંચ્યા હતા.

### અમદાવાદ રિવરફ્રન્ટ પર નવું નજરાણું

# પૂર્વ કોટ વિસ્તારની હેરિટેજ દિવાલને અડીને ગાર્ડન બનશે

## ૧૮ હજાર સ્કવેયર મીટરમાં બનશે હેરિટેજ ગાર્ડન, સુવિધાઓ હશે ચાર ચાંદ લગાડે તેવી

| અમદાવાદ,તા.૨૭ |

અમદાવાદમાં રિવરફ્રન્ટ પૂર્વ તરફની કોટ વિસ્તારની હેરિટેજ દિવાલને અડીને ૧૮ હજાર સ્કવેર મીટર જગ્યામાં હેરિટેજ ગાર્ડન બનાવાશે. સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કંપની દ્વારા એક સંસ્થાની મદદથી ખાનપુર રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કંપની દ્વારા હેરિટેજ ગાર્ડન બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે તેની તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. તેમજ આગામી મહિનાથા આ ગાર્ડનની કામગીરી પણ શરૂ



કરવામાં આવશે. ત્યારે હેરિટેજ દિવાલ સાથે બનનાર આ શહેરનો પ્રથમ ગાર્ડન હશે. અમદાવાદને હેરિટેજને દરજ્જો તો મળ્યો પણ સ્થાપત્યોની જાળવણીમાં અમદાવાદીઓ ઉદાસીન મહાનગર પાલિકા દ્વારા મળતી માહિતી મુજબ ખાનપુર રિવરફ્રન્ટ તરફનાં સરદાર બ્રિજની નીચે કોટ વિસ્તારમાં વર્ષો જુની હેરિટેજ દિવાલ પાસે જ હેરિટેજ ગાર્ડન બનાવાશે.

જેમાં પાથવે, લોન તેમજ આસપાસનાં વિસ્તારનાં બાળકોને રમવે માટેની જગ્યા અને ઓપન થિયેટર પણ બનાવાશે. ત્યારે વર્લ્ડ હેરિટેજ સીટીનો દરજ્જો મેળવ્યા બાદ લોકોમાં હેરિટેજ સ્થાપત્યો અંગે હજુ પણ જાગૃતતાનો અભાવ છે. ત્યારે લોકો હેરિટેજ સ્થાપત્યો અંગે જાગૃત થાય તેવા ઉદ્દેશ્ય સાથે આ ગાર્ડન બનાવવામાં આવી રહ્યો છે. તેમજ કોટ વિસ્તારની જુની દિવાલને રંગબેરંગી લાઈટોથી શણગારવામાં પણ આવશે.

અમદાવાદને વર્લ્ડ હેરિટેજમાં સ્થામ મળ્યા બાદ પણ લોકો તેનાં સ્થાપત્યોની જાળવણીમાં ઉદાસીનતા દાખવી રહ્યા છે. ત્યારે શહેરમાં કોટ વિસ્તારની દિવાલ જર્જરિત બની જવા પામી છે. તો હયાત દિવાલની કોઈ દેખભાળ રાખવામાં આવતી નથી. જેથી જમાલપુર વિસ્તારનાં રિવરફ્રન્ટ તરફની હેરિટેજ દિવાલ હાલ જર્જરીત હાલતમાં જોવા મળી રહી છે.

### હિન્દુ સંગઠને ઉચ્ચારી ઉગ્ર આંદોલનની ચીમકી

# ડાકોરમાં વીઆઈપી દર્શન : ૫૦૦ રૂપિયાની ફી મુદ્દે ભડક્યો વિરોધ

| ડાકોર,તા.૨૭ |

ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોર મંદિરમાં VIP કલ્ચર શરૂ કરવામાં આવતા ભક્તોમાં રોષ જોવા મળી રહ્યો છે. ડાકોર ટેમ્પલ કમિટી દ્વારા VIP દર્શનનો ચાર્જ લાગું કરવામાં આવ્યો છે. ડાકોર ટેમ્પલ કમિટીના આ નિર્ણયનો જોરશોરથી વિરોધ કરવામાં આવી રહ્યો છે. ત્યારે આજે હિન્દુ સંગઠનો અને ઠાસરા તાલુકાના સરપંચ એસોસિએશન દ્વારા VIP દર્શનના નિર્ણયનો મંદિરમાં ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો. આજે મોટી સંખ્યામાં હિન્દુ સંગઠનોના યુવાનો અને ઠાસરા તાલુકાના સરપંચ એસોસિએશનના સરપંચો ડાકોર મંદિર ખાતે પહોંચ્યા હતા. જ્યાં તેઓએ 'ભગવાન તો પ્રેમના ભૂખ્યા તમે પૈસાના ભૂખ્યા'ના નારા સાથે ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. જે બાદ તેઓએ મંદિરના મેનેજરને આવેદન પત્ર આપ્યું હતું. સાથે જ તેઓએ અલ્ટીમેટર આપ્યું હતું કે, જો આજે સાંજે ૬ વાગ્યા સુધીમાં નિર્ણય પાછો ખેંચવામાં નહીં આવે તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે. ભગવાનના નજીકથી દર્શન કરવા રૂ.૫૦૦ ચૂકવવા પડશે.

# સુરત BRTS રૂટ પર બાળકોની મારામારી, સ્ટંટબાજો બેફામ

| સુરત, તા.૨૭ |

સુરતના બીઆરટીએસ રૂટ પર વારંવાર ગંભીર અકસ્માતોની ઘટના બનતી રહે છે. સુરત શહેરના બીઆરટીએસ રૂટ પર બેદરકારીના અનેક બનાવો બન્યા છે અને વીડિયો વાયરલ પણ થયા છે. ત્યારે સુરતના અમરોલી કોસાડમાં બીઆરટીએસ રૂટમાં બે નાનાં ટાબરિયાં ઝઘડો કરી મારામારી કરતાં હતાં. બીઆરટીએસ બસ આવતી જોઈ એક બાળકે બીજા બાળકને ઊંચકીને બસની સામે દોડ્યું હતું. તો થોડા દિવસ અગાઉ ડીંડોલીમાં સાંઈ પોઈન્ટથી પ્રમુખ પાર્ક બ્રિજ પર બીઆરટીએસ રોડ પર મોટી સંખ્યામાં લોકો અવરજવર કરતા જોવા મળ્યા હતા. મહિલાઓ-બાળકો બીઆરટીએસ રૂટની વચ્ચે બેસી જતા અકસ્માતની પૂરેપૂરી સંભાવનાઓ ઉભી થઈ હતી. તો બીજી બાજૂ સ્ટંટબાજો બીઆરટીએસ રૂટ પર જીવના જોખમે રીલ બનાવી રહ્યા છે. હીરાબાગ BRTS રૂટનો સ્ટંટબાજોનો વીડિયો વાયરલ થયો હતો. બીઆરટીએસ રૂટ પર અનેક દુર્ઘટનાઓ બની છે તે છતા લોકો કાયદાનું પાલન નથી કરી રહ્યા ત્યારે તંત્ર હવે શું પગલા લે છે તે જોવું રહ્યું.

બીઆરટીએસ રોડ પર અવાર નવાર અકસ્માતોની ઘટના બનતી રહે છે. આવી ઘટનાઓમાં દર વખતે બીઆરટીએસ બસના ડ્રાઈવરની ભૂલ દર્શાવી બસમાં તોડફોડ કરવામાં આવતી જોવા મળી છે. ત્યારે સુરતના અમરોલી કોસાડ આવાસ વિસ્તારના BRTS રૂટમાં વિચિત્ર ઘટના સામે આવી છે. BRTS રૂટમાં બે નાનાં ટાબરિયાં ઝઘડો કરી મારામારી કરતાં હતાં. BRTS બસ આવતી જોઈ એક બાળકે બીજા બાળકને ઊંચકીને બસની સામે દોડ્યું હતું. બસના ટાયર સુધી આવી ગયા. સદનસીબે બસના ડ્રાઈવરે બ્રેક મારતા બંને બાળકો બસના ટાયર નીચે આવતાં આવતાં બચી ગયાં હતા. સમગ્ર ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે.

### ૩૯૦૦ કરોડનો ભ્રષ્ટાચારનો પર્દાફાશ

# કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ દ્વારા સરકાર પર ગંભીર આક્ષેપ કરવામાં આવ્યા

| અમદાવાદ,તા.૨૭ |

ગુજરાત પ્રદેશ કોંગ્રેસે સરકાર પર ભ્રષ્ટ્રાચારને લઈ ગંભીર આક્ષેપો કર્યો છે. સરકાર દ્વારા રૂ. ૩,૯૦૦ કરોડના ભ્રષ્ટાચાર થયાના દસ્તાવેજી પુરાવાઓ સાથે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શક્તિસિંહ ગોહિલે ગંભીર આક્ષેપ કર્યા છે. તેમણે કહ્યું કે, ભારતીય જનતા પાર્ટીની સરકારમાં ભયમુક્ત ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે. માનીતા ઉદ્યોગપતિઓને માલામાલ કરવા માટે ગુજરાતની જનતાની તિજોરીની ખુલ્લી લૂંટ ભાજપના શાસનમાં ચાલી રહી છે. શક્તિસિંહ ગોહિલે સરકાર પર નિશાન સાંધતા કહ્યું કે, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા વીજળી ખરીદી માટે પાવર પર્ચેઝ એગ્રીમેન્ટ અદાણી પાવર મુન્દ્રા લિમિટેડ સાથે કરવામાં આવ્યો હતો. આ પાવર પર્ચેઝ એગ્રીમેન્ટ મુજબ જે એનર્જી ચાર્જીસ એટલે કોલસાની ખરીદીની કિંમત પર અદાણી પાવર મુન્દ્રા લિમિટેડને પૈસા આપવા માટેની સ્કીમ બની હતી. તે મુજબ અદાણી પાવર દ્વારા ખરીદાયેલા કોલસાના બીલો સ્પર્ધાત્મક રીતે ખરીદ્યા છે. તેના ડોક્યુમેન્ટ્સ અને પારદર્શિતા દર્શાવતા તમામ પેપર રજુ કરવામાં આવે, ત્યારબાદ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ તેની ચકાસણી કરે અને તેની સરખામણી ARGUS (કોલસાનો આંતરરાષ્ટ્રીય બજારમાં ભાવ નક્કી કરતી સંસ્થા)નો જે ભાવ હોય તેની સરખામણી બાદ જો અદાણીએ ખરીદેલ કોલસો ઓછી કિંમતનો હોય તો તેને ધ્યાને લેવાનું થાય.

### એએમસીએ પાર્કિંગ ટેન્ડર બહાર પાડતા વેપારીઓએ કર્યો વિરોધ

# બાપુનગરમાં પે એન્ડ પાર્કિંગ ટેન્ડર મામલે વિવાદ સર્જાયો

## દુકાન પાસે વાહન પાર્ક કરવા માટે પૈસા આપવા મુદ્દે વેપારીઓએ વિરોધ નોંધાવતા મામલો ગરમાયો છે

| અમદાવાદ,તા.૨૭ |

અમદાવાદના બાપુનગરમાં પે એન્ડ પાર્કિંગ ટેન્ડર મામલે વિવાદ સર્જાયો છે. બાપુનગરના ભીડભંજન રોડ પર છસ્ઝ્રએ પે એન્ડ પાર્કિંગ માટે ટેન્ડર બહાર પાડવામાં આવતા વેપારીઓએ વિરોધ નોંધાવ્યો છે. દુકાન પાસે વાહન પાર્ક કરવા માટે પૈસા આપવા મુદ્દે વેપારીઓએ વિરોધ નોંધાવતા મામલો ગરમાયો છે.ભીડભંજન રોડએ બાપુનગર વિસ્તારનો સૌથી વ્યસ્ત રસ્તો ગણાય છે. આ રોડ પર ટ્રાફિકની સમસ્યા વધુ હોય છે. જો કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને આ રોડ પર પે અન્ડ પાર્કિંગ શરૂ કરતા વિરોધના શૂર ઉઠ્યા છે. અહીં ૨૦૦થી વધુ દુકાનો આવેલી છે. જે તમામ વેપારીઓએ દુકાનો બંધ રાખી વિરોધ પ્રદર્શન કર્યું હતું. વેપારીઓનું કહેવું હતું કે, એક તરફ આ રોડ પર ટ્રાફિક રહે છે અને બીજી તરફ અહીં પે એન્ડ પાર્કિંગ શરૂ કરતા ટ્રાફિકની સમસ્યા બે ગણી વધી જશે. સ્થાનિક લોકો દ્વારા વિરોધ કરવામાં આવતા પોલીસ પણ ઘટનાસ્થળે દોડી આવી હતી. કોર્પોરેટર દ્વારા પણ વિરોધ કરવામાં આવ્યોછસ્ઝ્રના ઉત્તર ઝોન દ્વારા પે એન્ડ પાર્કિંગનું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું.

## વિશેષ લેખ

### ચન્દ્રયાન-૩ના પ્રજ્ઞાન રોવર મુનવોકના ૧૪ દિવસના DNA ટેસ્ટ

# માત્ર ૨૬ કિલો વજનનું ૬ પૈડાં વાળા પ્રજ્ઞાન રોવરની કામગીરીના ૧૪ દિવસ મહત્વના

## રોવરમાં સોલર પેનલ દ્વારા ૭૩૮ વોટ વીજળી ઉત્પન્ન થઈ રહી છે । જ્યારે રોવરમાંથી ૫૦ વોટ જેટલી વીજળી તૈયાર થાય છે



**સાંપ્રત પ્રવાહો**

લેખક : દીપક જગતાપ





૨૩ ઓગસ્ટે ચંદ્રયાન- ૩ દક્ષિણ ગોળાર્ધ ઉપર ૬.૪કલાકે લેન્ડ થયું. ત્યાર પછી ૧૦ કલાક પછી રાત્રે ૧૨:૩૦ કલાકે લેન્ડરમાંથી પ્રજ્ઞાન રોવર બહાર આવ્યું હતું. જેની ઈસરોએ પુષ્ટિ કરી છે. માત્ર ૨૬ કિલો વજનના ૬ પૈડાં વાળા પ્રજ્ઞાન રોવરની ૧૪ દિવસ સુધી મહત્વની ભૂમિકા રહેશે . ચંદ્રની ધરતીના દક્ષિણ ગોળાર્ધ ઉપર છુપાયેલા રહસ્ય શોધવામાં રોવરની ભૂમિકા મદદરૂપ થવાની છે. જેના પર આખી દુનિયાની નજર છે. પ્રજ્ઞાન રોવર જ્યારે બહાર આવ્યું ત્યારે ૧સેમી / સેકન્ડની સ્પીડે રોવર બહાર આવી ધીરે ધીરે ચન્દ્રની સપાટી પર ઉતર્યું હતું. જેનો વિડિયો ઈસરોએ શેર કર્યો છે. સૂરજના કિરણોની મદદથી સોલર પેનલો કામ કરતી થઈ ગઈ છે.પાવર સપ્લાય મેળવવા માટે સોલર પેનલ દ્વારા ૭૩૮ વોટ વીજળી ઉત્પન્ન થઈ રહી છે. જ્યારે રોવરમાંથી ૫૦ વોટ જેટલી વીજળી તૈયાર થાય છે. અને વધારાની બેટરી પણ તૈયાર રાખેલી છે.

રોવરના પૈડાં પાછળ ભારતનું રાષ્ટ્રીય ચિન્હ અને ઈસરોનો લોગો અને તિરંગાની કાયમી છાપ રોવરે ચન્દ્રની ધરતી પર કાયમી છાપ અંકિત કરી દીધી છે . ત્યાર પછી રોલરમાંથી સોલર પેનલ ખુલી હતી.હવે૧૪ દિવસમાં તે લેન્ડરની ૫૦૦ મીટરની આજુબાજુ ફરશે. હવે બાકીના ૧૨દિવસ દરમ્યાન રોવર ડેટા જમા કરશે અને માહિતી લેન્ડરને મોકલશે. આ રોવરમાં ખાસ પ્રકારની ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે.આમ તો રોવર એક ડ્રાઈવર લેસ કાર જેવું કામ કરશે.જાતે જ ડ્રાઈવરની ભૂમિકા ભજવશે અને જાતે જ નેવિગેશનની કામગીરી પણ કરશે. એ માટે રોવરમાં સ્માર્ટ કેમેરા લગાવેલા છે.પાવરફુલ કહી શકાય એવા સ્માર્ટ કેમેરાથી થ્રી ડી મોડેલ બનાવશે.અને એની મદદથી નેવિગેશન કરશે. ચંદ્રની ધરતી પર નાના-મોટા ખાડા ટેકરાઓ છે. જો રોવર કોઈ મોટા પથ્થર સાથે ટકરાઈ જાય કે ખાડામાં ફસાઈ જાય તો મિશન ફેલ થઈ જાય.તેથી રોવર કેમેરાની મદદથી એક થ્રી ડી ચિત્ર તૈયાર કરશે. અને એમાં જોશે કે ત્યાં કેટલા મોટા પથ્થર છે? તેની ઊંચાઈ કેટલી છે? ખાડો કેટલો ઊંડો છે? આ બધાની માહિતીએકઠી કરીને પ્લાન તૈયાર કરશે.આગળ કોઈ મુશ્કેલી તો નથી ને એ જોઈને અને પછી રોવર ધીરે ધીરે આગળ વધશે. ચંદ્ર ઉપર આમતો નાના મોટા ભૂકંપના ઝટકા આવતા રહે છે. જો ધરતીકંપ થાય તો રોવરને નુકસાન થઈ શકે તેમ છે.એનુંપણ રોવર પણ ખાસ ધ્યાન રાખી રહ્યું છે. ત્યાર પછી રોવરની મહત્વની ભૂમિકા ચન્દ્રની ધરતી પર છુપાયેલા ખનીજની શોધ કરવાની રહેશે.. ચંદ્રની ધરતી પર પાણી છે કે નહીં. ઉપરાંત સોનું, પ્લુટોનિયમ,યુરેનિયમ હાઈડ્રોજન જેવા તત્વો છે કે નહીં તેને પણ શોધ કરશે. રોવરમાં પાવર ફુલ સેન્સર લગાડેલા છે.તેમાં છઁઠજી :( આલ્ફા પાર્ટીકલ એક્સરે સ્પેક્ટોમીટર)ની મદદથી માટીની અંદર કયા તત્વ રહેલા છે તે શોધવાનો પ્રયત્ન કરશે.જે ચંદ્રની માટીનું વિશ્લેષણ કરશે..જેમાં રેડિયો થર્મલ પદાર્થો છે.જેમાં ક્યૂરિયમ ૨૪૪ જેવા રેડિયો એક્ટિવ પદાર્થ જેમાંથી આલ્ફા કણ અને એક્સરે નીકળે છે. તેમાંથી ઊર્જા પરિવર્તિત થઈને સ્પેક્ટ્રોમીટર માં ૫ હોંચે છે ત્યારે તેની ઊર્જામાં કેટલો ઘટાડો થાય છે, માટેની સંરચના શું છે તેનો પણ અભ્યાસ કરશે. એ ઉપરાંત અહીં મુકાયેલ મશીન LIBS (લેજર ઈન્ડિયુસ્ડ બ્રેક ડાઉન સ્પ્રેક્ટ્રોસ્કોપ)ની મદદથી ચંદ્રની ધરતી પર માટીના તત્વોની શોધ કરશે.

લેસરની મદદથી લેસર કિરણ છોડાશે. માટી પીગળશે અને રોશની પેદા થશે. રોવારમાં ડ્રીલીંગની પણ સુવિધા છે. રોવર ડ્રિલિંગ કરશે.જમીનની અંદરથી માટીના સેમ્પલ લેશે.આ સેમ્પલ રોવરમાં રહેલા સ્પેક્ટરોમીટરથી માટીમાં રહેલા તત્વોની તપાસ કરશે. આ માટીમાં પાણી છે કે નહીં? યુરેનિયમ, સોનું, પ્લેટિનમ વગેરે તત્વ છે કે નહીં તેની જાણકારી મેળવશે. ભવિષ્યમાં સ્પેસ ટુરીઝમ અને સ્પેસ માઈનીંગનો મોટો બિઝનેસ બનવાનો છે. ત્યારે આ જાણકારી મહત્વની પુરવાર થશે. અત્યાર સુધી રોવર ચંદ્રની ધરતી પર આઠ મીટરનું અંતર કાપ્યું છે. હજી બીજા ૧૨ દિવસ સુધી ૫૦૦ મીટરના વિસ્તારમાં ફરવાનું છે. એમાંના સેન્સર કામ કરતા થઈ ગયા છે. લેન્ડરમાં એન્ટીના લગાડેલા છે.જે પ્રજ્ઞાન રોવર સાથે સંપર્ક કરશે. ૧૪ દિવસની ચાંદની સફરમાંઘણી બધી માહિતી જેમકે ચંદ્રની ગતિ વિશેની જૂનામાં જૂની માહિતી મેળવવાનો પ્રયાસ કરશે. એ ઉપરાંત લેન્ડિંગ સ્થળ પર ભૂકંપો કેવા થાય છે તેની પણ માહિતી મેળવશે.ચન્દ્રની ધરતીની ઉપર અને નીચેનું તાપમાન કેવું છે તે જાણવાનો પણ પ્રયત્ન કરશે. ચન્દ્રની માટીમાં કયા પ્રકારના રસાયણો, તત્વો છે તેની માહિતી મેળવવાનો પ્રયાસ કરશે ૧૪ દિવસમાં ચંદ્રની ધરતી પર અડધો કિલોમીટર સુધી ફરશે.અને એની આજુબાજુના વાતાવરણની તમામ માહિતી ફોટોગ્રાફ વિડીયો પણ મોકલશે.૧૪દિવસ પછી આખી દુનિયાને ચન્દ્રની ધરતીમાં છુપાયેલું રહસ્ય જાણવા મળશે.

### ગઠિયાએ ૭ લાખની પર્સનલ લોન ઉપાડી લીધી

# ક્રેડિટ કાર્ડના નામે વધુ એક મહિલા સાથે છેતરપિંડી થઈ

**મહિલાના ક્રેડિટ કાર્ડની ડિટેલનો ઉપયોગ કરીને ચિટરોએ તેના નામે લોન લઈને પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાવ્યા**



। નવી દિલ્હી, તા.૨૭ ।

ભારતમાં સાઈબર ફ્રોડના કેસ સતત વધતા જાય છે અને સામાન્ય લોકો તેનો ભોગ બની રહ્યા છે. ખાસ કરીને જેઓ ક્રેડિટ કાર્ડ અથવા બેંક ખાતાની દરેક ડિટેલ પર ધ્યાન નથી રાખી શકતા તેવા લોકો વધારે છેતરાય છે. આણંદમાં એક મહિલાને તેના સેલેરી એકાઉન્ટની સાથે પ્રિ-એપ્રૂવ્ડ ક્રેડિટ કાર્ડ મળ્યું હતું જેના પર એક ગઠિયાએ સાત લાખની પર્સનલ લોન લઈને મહિલા સાથે છેતરપિંડી કરી છે. આ મહિલાએ ક્યારેય પર્સનલ લોનની અરજી કરી ન હતી. છતાં ગઠિયાએ તેની પાસેથી વારંવાર ઓટીપી લઈને પર્સનલ લોન એપ્રૂવ કરાવી અને પછી બધા રૂપિયા પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધા હતા.

આ મહિલાએ એક બેંકમાં સેલેરી એકાઉન્ટ ખોલાવ્યું ત્યારે તેને ફોન પર પ્રિ-એપ્રૂવ્ડ ક્રેડિટ કાર્ડની ઓફર મળી હતી. મહિલાએ ક્રેડિટ કાર્ડની ઓફર સ્વીકારી લીધી હતી. માર્ચ મહિનામાં તેના આણંદ સ્થિત ઘરે કુરિયર દ્વારા ક્રેડિટ કાર્ડ ડિલિવર થઈ ગયું, પરંતુ તેણે તેને એક્ટિવેટ કર્યું ન હતું. ૨૩ માર્ચે તેમને એક વ્યક્તિનો ફોન આવ્યો જેણે તેની ઓળખ રજત સક્સેના તરીકે આપી હતી અને બેંકના એક્ઝિક્યુટિવ હોવાનો દાવો કર્યો હતો.

સક્સેનાએ તેને કહ્યું કે તેઓ તેમના કાર્ડને એક્ટિવેટ કરશે તો તેમને ગિફ્ટ વાઉચર મળશે અને ક્રેડિટ કાર્ડની લિમિટ પણ વધી જશે. સક્સેનાએ વેરિફિકેશન માટે મહિલાના પાન કાર્ડ અને જન્મતારીખની વિગત માગી. ત્યાર પછી તેણે મહિલાને તેના મોબાઈલ પર એક OTP મોકલ્યો અને આ OTP જણાવવા માટે કહ્યું. ૬ એપ્રિલે તેમને તે જ એક્ઝિક્યુટિવનો એક વોટ્સએપ મેસેજ મળ્યો, પરંતુ તેનો નંબર અલગ હતો. તેણે કહ્યું કે ફાઈનાન્શિયલ વર્ષ સમાપ્ત થતું હોવાથી તેના ગિફ્ટ વાઉચર થોડા દિવસમાં મળી જશે અને કુલદીપ નામનો એક્ઝિક્યુટિવ તેમને ફોન કરશે. તેણે ફરીથી તેને એક OTP મોકલ્યો અને શેર કરવા કહ્યું. આ રીતે મહિલાએ ફોન પર ત્રણ વખત OTP શેર કર્યા. ત્યાર પછી રજત સક્સેના નામની વ્યક્તિએ કહ્યું કે તેની ડિટેલ અપડેટ થઈ ગઈ છે.

ત્યાર પછી મહિલાએ બેંકના મોબાઈલ એપ પર વિગતો ચેક કરી તો જોવા મળ્યું કે તેના ઈમેઈલ એડ્રેસમાં ફેરફાર છે. તેણે આ વિશે સક્સેનાને ફોન કર્યો તો તેણે કહ્યું કે એન્ટ્રી કરવામાં કદાચ ભૂલ થઈ ગઈ હશે. ૧૦ એપ્રિલે ફરી સક્સેનાનો ફોન આવ્યો જેમાં તેણે કહ્યું કે તમારી ક્રેડિટ લિમિટ વધારી આપવામાં આવશે જેમાં તમારે એક OTP આપવાનો રહેશે. તેમણે આ OTP આપતા જ મહિલાના ખાતામાં ૭.૧૦ લાખ રૂપિયા જમા થયા અને તરત તેમાંથી ૬.૯૭ લાખ રૂપિયા બીજી કોઈ વ્યક્તિના બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર થઈ ગયા. તેમના ખાતામાં જે ૭.૧૦ લાખ જમા થયા હતા તે કોઈ પર્સનલ લોન માટે હતા.. થોડી વારમાં બેંકનો ફોન આવ્યો અને વેરિફિકેશનની માગણી કરી ત્યારે મહિલાએ કહ્યું કે તેણે કોઈ પર્સનલ લોનની અરજી કરી ન હતી. તેણે પોતાનું એકાઉન્ટ બ્લોક કરી દેવા માટે પણ જણાવ્યું. મહિલા બેંક પર ગઈ અને તેને જણાવ્યું કે તેની સાથે છેતર પિંડી થઈ છે. બેંકે તેને ક્રેડિટ કાર્ડ ડિપાર્ટમેન્ટ પાસે જવા કહ્યું જ્યારે ક્રેડિટ કાર્ડ વિભાગે તેમને લોન ડિપાર્ટમેન્ટમાં ફરિયાદ કરવા કહ્યું. આ રીતે ધક્કા ખાઈને થાકી ગયેલી મહિલાએ અંતે સાઈબર ક્રાઈમમાં ફરિયાદ કરી છે.



ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા અને તેમની પત્ની મલ્લિકા નડ્ડા સાથે હરિદ્વારમાં મહાકાલ મંદિરમાં પૂજા-પ્રાર્થના કરી હતી. આ પ્રસંગે ઉતરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી પણ ઉપસ્થિત રહ્યા હતાં.



રક્ષાબંધન તહેવાર પહેલા પ્રયાગરાજ ખાતે મહિલાઓ દ્વારા આર્મીના જવાનોને હાથ પર રાખી બાંધી રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી.

### સાંતાક્રૂઝ વિસ્તારમાં આગ ઘટના બની

# મુંબઈની હોટલમાં આગ લાગતા હડકંપ, ત્રણ લોકોના મોત, બે ઈજાગ્રસ્ત થયા

**આ જાણકારી મુંબઈ પોલીસે આપી છે. પ્રાપ્ત જાણકારી પ્રમાણે આ ઘટનામાં ૬ લોકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે**

। મુંબઈ, તા.૨૭ ।

મહારાષ્ટ્રના મુંબઈ સ્થિત સાંતાક્રૂઝ વિસ્તારમાં એક મોટી ઘટના બની છે. અહીં ગેલેક્સી હોટલમાં આગ લાગવાથી હડકંપ મચી ગયો છે. આ ઘટનામાં ત્રણ લોકોના મોત થયા છે અને ૧૨ લોકો ઈજાગ્રસ્ત થયાછે. આ જાણકારી મુંબઈ પોલીસે આપી છે. પ્રાપ્ત જાણકારી પ્રમાણે આ ઘટનામાં ૬ લોકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે. મુંબઈના સાંતાક્રૂઝ વિસ્તારમાં બપોરે ૧ કલાકે હોટલ ગેલેક્સીમાં ભીષણ આગ લાગી હતી. તેમાં ત્રણ લોકોના મોત થયા છે. પ્રાપ્ત જાણકારી પ્રમાણે હોટલ ગેલેક્સીના ત્રીજા અને ચોથા ફ્લોર પર આગ લાગી, ત્યારબાદ ફાયર ટીમે સીઢીના સહારે કાંચ તોડી છ લોકોના રેસ્ક્યૂ કર્યા હતા. આ દરમિયાન ત્રણ લોકોના મોત થયા અને બે ઈજાગ્રસ્ત છે. આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો છે. જે લોકોના મોત થયા છે, તેની ઓળખ થઈ ગઈ છે. તેનું નામ રૂપલ કાંઝી (૨૫), કિશન (૨૮), કાંતીલાલ ગોર્ધન વારા (૪૮) છે. તો ઈજાગ્રસ્તોમાં ૧૯ વર્ષની અલ્ફા વખારિયા અને ૪૯ વર્ષના મંજુલા વખારિયાના રૂપમાં થઈ છે. તેની સ્થિતિ સ્થિર છે અને હોસ્પિટલમાં દાખલ છે.

### મધ્યપ્રદેશથી ચોંકાવનારી અને માનવતાને શર્મશાર કરતી ઘટના

# એમ.પીમાં દલિત યુવકની હત્યા, બચાવવા માટે આવી મા તો ચીરહરણ કર્યું

**પોલીસે હત્યા સહિત અન્ય કલમોમાં ૯ નામના અને અન્ય ચાર આરોપીઓ વિરુદ્ધ કેસ નોંધ્યો હતો પોલીસે મુખ્ય આરોપી સહિત ૮ આરોપીઓની ધરપકડ કરી છે**

। મધ્યપ્રદેશ, તા.૨૭ ।

મધ્યપ્રદેશથી એક ચોંકાવનારી અને માનવતાને શર્મશાર કરતી ઘટના સામે આવી છે. વાત જાણે એમ છે કે, મધ્યપ્રદેશના સાગરમાં એક દલિત યુવકને માર મારવામાં આવ્યો. જ્યારે આરોપી યુવકને બચાવવા પહોંચ્યો ત્યારે તેની માતાને પણ નગ્ન કરીને માર મારવામાં આવ્યો હતો. વાત જાણે એમ છે કે, હકીકતમાં થોડા દિવસો પહેલા આરોપીઓએ મૃતકની બહેનની છેડતી કરી હતી, જેનો કેસ નોંધવામાં આવ્યો હતો. આરોપીઓ પીડિતાના પરિવાર પર સમાધાનનું દબાણ કરી રહ્યા હતા. મધ્યપ્રદેશ સાગર ખુરાઈ દેહાત પોલીસ સ્ટેશન વિસ્તારના બરોડિયા નૌનાગીરનો છે. અહીં ગુરુવારે રાત્રે કેટલાક ગુંડાઓએ એક દલિત યુવકને માર માર્યો હતો. આ તરફ દરમિયાનગીરી કરવા આવેલી મૃતકની માતાને નગ્ન કરીને માર મારવામાં આવ્યો હતો. આ ઘટના પ્રકાશમાં આવ્યા બાદ પોલીસે હત્યા સહિત અન્ય કલમોમાં ૯ નામના અને અન્ય ચાર આરોપીઓ વિરુદ્ધ કેસ નોંધ્યો હતો. પોલીસે મુખ્ય આરોપી સહિત ૮ આરોપીઓની ધરપકડ કરી છે.

ઘટનામાં સંડોવાયેલા આરોપી સરપંચ પતિ અને અન્ય ફરાર છે. ઘટનાને લઈને ગામમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. કલેક્ટર દીપક આર્ય પણ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. મૃતકના પરિજનોએ ૪૦ કલાક સુધી મૃતદેહના અંતિમ સંસ્કાર કર્યા ન હતા. ૧૦ માંગણીઓ પર આશ્વાસન મળતાં પરિજનોએ અંતિમ સંસ્કાર કર્યા હતા. મૃતકના સંબંધીઓએ માંગ કરી હતી કે, આરોપીના ઘરે બુલડોઝરનો ઉપયોગ કરવામાં આવે.

### પશુપાલકો માટે એક ખુશખબર મળી રહ્યા છે

# ૨ ગાય ખરીદવા પર ૮૦ હજાર રૂપિયાની સહાય

**માથાદીઠ દૂધની ઉપલબ્ધતા વધારવાનો અને તેને રાષ્ટ્રીય સરેરાશ દૂધની ઉપલબ્ધતાના સ્તરે લઈ જવાનો ઉદ્દેશ્ય છે**

। નવી દિલ્હી, તા.૨૭ ।

ગ્રામીણ વિસ્તારો માટે પશુપાલન આવકના સૌથી મોટા સ્ત્રોત તરીકે ઉભરી આવ્યું છે. મોટી સંખ્યામાં ગ્રામીણ ગાય અને ભેંસ તેમની આવકમાં વધારો કરી રહી છે. આ કડીમાં ઉત્તર પ્રદેશ સરકારે નંદ બાબા દૂધ મિશન હેઠળ મુખ્ય મંત્રી સ્વદેશી ગૌ સંવર્ધન યોજના શરૂ કરી છે. આ અંગે સરકારે નોટિફિકેશન પણ બહાર પાડ્યું છે. નોટિફિકેશન અનુસાર, સરકારે સાહિવાલ, થરપારકર, ગીર અને અન્ય રાજ્યોમાંથી હાઈબ્રિડ જાતિની ગાયો ખરીદીને ટ્રાન્સ પોર્ટેશન, ટ્રાન્ઝિટ ઈન્સ્યોરન્સ અને પશુ ઈન્સ્યોરન્સ પર ખર્ચવામાં આવતી રકમ પર સબસિડી આપવાનો નિર્ણય કર્યો છે. ગાયોના પશુપાલકોને આ સબસિડી મહત્તમ બે દેશી જાતિની ગાયોની ખરીદી પર મળશે. આના આધારે કુલ ખર્ચની રકમના ૪૦ ટકા એટલે કે ૮૦ હજાર રૂપિયા સુધીની રકમ ગૌપાલકોને આપવામાં આવશે. પ્રથમ તબક્કામાં આ યોજના રાજ્યના ૧૮ વિભાગીય મુખ્યાલયોના જિલ્લાઓમાં



લાગુ કરવામાં આવશે. આ પછી તેને રાજ્યના તમામ જિલ્લાઓમાં લાગુ કરવામાં આવશે.અધિક મુખ્ય સચિવ પશુપાલન ડો. રજનીશ દુબેએ જણાવ્યું હતું કે નંદ બાબા મિશન અંતર્ગત મુખ્યમંત્રી સ્વદેશી ગૌ સંવર્ધન યોજનાનો ઉદ્દેશ્ય રાજ્યમાં દેશી અદ્યતન ઓલાદની ગાયોની સંખ્યા અને સંવર્ધન વધારવાનો છે, જેથી રાજ્યમાં દૂધ ઉત્પાદનમાં વધારો થશે. સાથે રાજ્યના ગ્રામ્ય વિસ્તારના યુવાનો અને મહિલાઓને પશુપાલન દ્વારા રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ ઉપરાંત, માથાદીઠ દૂધની ઉપલબ્ધતા વધારવાનો અને તેને રાષ્ટ્રીય સરેરાશ દૂધની ઉપલબ્ધતાના સ્તરે લઈ જવાનો ઉદ્દેશ્ય છે.મિલ્ક કમિશનર અને મિશન ડાયરેક્ટર શશિ ભૂષણ લાલ સુશીલે જણાવ્યું હતું કે આ યોજનાનો લાભ લેવા માટે ગાય પાલક માટે અન્ય રાજ્યોમાંથી સ્વદેશી અદ્યતન જાતિની ગાયો ખરીદવી ફરજિયાત છે. આ માટે મુખ્ય વિકાસ અધિકારી દ્વારા લાભાર્થીને અન્ય રાજ્યમાંથી દેશી ઓલાદની ગાય ખરીદવા માટે પરવાનગી પત્ર આપવામાં આવશે. આ કારણે તેને ગાયોના પરિવહનમાં કોઈ મુશ્કેલી નહીં પડે. આ ગાયોનો ૩ વર્ષ માટે પશુપાલક દ્વારા એકસાથે પશુ વીમો મેળવવો જરૂરી છે. સાથે અન્ય રાજ્યોમાંથી તમારા રાજ્યમાં લાવવા માટે પરિવહન વીમો મેળવવો ફરજિયાત છે.યોજના હેઠળ લાભાર્થીને ગાયની ખરીદી, તેના પરિવહન, પશુ પરિવહન વીમો, ૩ વર્ષનો પશુ વીમો, ઘાસચારો કાપવા માટેના મશીનની ખરીદી અને ગાયોની જાળવણી માટે શેડના બાંધકામ પર સબસિડી આપવામાં આવશે. વિભાગ વતી આ તમામ વસ્તુઓમાં દેશી ઓલાદની બે ગાય માટે ગાયના ઉછેરનો ખર્ચ ૨ લાખ રૂપિયા ગણવામાં આવ્યો છે.

**વિશેષ** | **સરકારની RBSK યોજના હેઠળ ચારથી છ વર્ષના ચાર મૂકબધિર બાળકોને ‘કોક્લિયર ઈમ્પ્લાન્ટ’ થકી ‘વાણી-શ્રવણ’ અને નવી જિંદગીની ભેટ મળી**

# સુરત સિવિલ હોસ્પિટલમાં એક જ દિવસમાં જન્મથી મૂકબધિર ચાર બાળકોની ‘કોક્લિયર ઈમ્પ્લાન્ટ’ની સફળ સર્જરી

**મૂકબધિર બાળકોના પરિવારો માટે આશીર્વાદ સમાન નીવડ્યો ‘રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ’: સારવારના ૮ થી ૧૦ લાખના ખર્ચથી રાહત**

રાજ્ય સરકારના ‘રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ’ (RBSK) અંતર્ગત સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે આજે એક જ દિવસમાં જન્મથી મૂકબધિર ચાર થી છ વર્ષની વયના ચાર બાળકોની ‘કોક્લિયર ઈમ્પ્લાન્ટ’ની વિનામૂલ્યે સફળ સર્જરી કરવામાં આવી છે. મૂળ અને સુરત સિવિલ અને અમદાવાદ સિવિલના નિષ્ણાત તબીબોએ સાથે મળી સફળતાપૂર્વક ચાર સર્જરી કરીને સુરતમાં રહેતા અને મૂળ મહારાષ્ટ્રના બે, અમરેલી જિલ્લાના એક અને બારડોલીના વતની એક એમ કુલ ચાર પરિવારોના મૂકબધિર (બોલી અને સાંભળી ન શકતા) ત્રણ બાળકો અને એક બાળકીને ‘વાણી-શ્રવણ’ અને નવી જિંદગીની ભેટ આપી છે.

પ્રાઈવેટ હોસ્પિટલમાં જે સર્જરીનો રૂ.૮ થી ૧૦ લાખ જેટલો ખર્ચ થતો હોય છે, તે સર્જરી નવી સિવિલમાં ‘રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ’ અંતર્ગત નિઃશુલ્ક કરવામાં આવતા ચાર મધ્યમવર્ગીય પરિવારોને મોટી આર્થિક રાહત સાથે બાળકોને નવી જિંદગી મળી છે. મૂળ જલગાંવ, મહારાષ્ટ્રના અને હાલ સુરતના ભેસ્તાનમાં રહેતા સોમનાથ



મરાઠેના ૪ વર્ષીય પુત્ર કુણાલ, અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના સેંજળ ગામના વતની અને હાલ વરાછામાં રહેતા લક્ષ્મણભાઈ રાણાવાડીયાની ૪ વર્ષીય પુત્રી વૈશાલી, બારડોલીના અનિલભાઈ હળપતિના ૫ વર્ષીય પુત્ર પ્રિન્સ અને મૂળ મહારાષ્ટ્રના અને સુરતના વેડરોડ વિસ્તારમાં રહેતા નરેન્દ્રભાઈ રાઠોડના ૫ વર્ષીય પુત્ર સમરની સફળ ‘કોક્લિયર ઈમ્પ્લાન્ટ’ સર્જરી સુરત અને અને અમદાવાદ સિવિલના તજજ્ઞ તબીબોએ સફળતા પૂર્વક પાર પાડી છે.

જન્મથી મૂકબધિર ચાર બાળકોના પરિવારો માટે ‘રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ આશાનું કિરણ બનીને આવ્યો છે. આ બાળકોના પરિવારજનોએ સરકારની સહાયથી અને દેવદૂત સમાન તબીબોની જહેમતથી સફળ ઓપરેશન થતા સુખની નવી દુનિયા મળી ગઈ હોવાનું જણાવી સરકાર પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી હતી.

‘કોક્લિયર ઈમ્પ્લાન્ટ’ વિષે સિવિલના ENT વિભાગના વડા ડૉ. જૈમિન કોન્ટ્રાકટરે જણાવ્યું હતું કે, આ સર્જરી જેટલી નાની વયે થઈ શકે એમાં એટલા જ સારા અને પ્રોત્સાહક પરિણામ આવે છે. તેમજ બાળકોની સંપૂર્ણ રિકવરી માટે ઓપરેશન બાદ પણ ૧ થી ૨ વર્ષ સુધી બાળકોને ‘ઓડિટરી વર્બલ થેરપી’ (ATB) માટેની જરૂર મુજબની સિટિંગો આપવામાં આવે છે. જે બાળકોને સ્પીચમાં મદદરૂપ થાય છે.

નોંધનીય છે કે, ૬ વર્ષ કે તેથી નાના, જન્મથી મૂકબધિર બાળકોને ‘કોક્લિયર ઈમ્પ્લાન્ટ’ અને ત્યારબાદના રિહેબિલીટેશન (પુનર્વસન)ની સંપૂર્ણ સારવાર માટે રૂ.૮ લાખથી વધુનો ખર્ચ થાય છે. તેમાં ઓપરેશન પહેલા કે દરમિયાનની સ્ક્રિનિંગ, ટેસ્ટ, ઓપરેશન, વેક્સીનેશન તેમજ રિહેબિલીટેશનના તમામ ખર્ચનો સમાવેશ થાય છે, જે સંપૂર્ણપણે સરકારની RBSK યોજના અંતર્ગત નિઃશુલ્ક આપવામાં આવે છે.

નવી સિવિલના તબીબી અધિક્ષક ડો. ગણેશ ગોવેકરના માર્ગદર્શનમાં GMERS(ગુજરાત મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી)-મેડિકલ કોલેજ, સોલાના ડીન ડો. ડૉ.નીના ભાલોડિયા, બી.જે. મેડિકલ કોલેજ-અમદાવાદના સહ પ્રાધ્યાપક ડૉ.દેવાંગ ગુપ્તા, પ્રિન્સિપલ ઓડિયોલોજીસ્ટ અને ઓડિયોલોજી કોલેજ-સોલા(અમદાવાદ)ના સહ પ્રાધ્યાપક ડૉ.ગુંજન મહેતા, એનેસ્થેટીસ્ટ ટીમના ડો.જિજ્ઞાસા પટેલ (AP) અને ટીમ, આર.એમ.ઓ. ડૉ કેતન નાયકના સહિયારા પ્રયાસો અને ટીમવર્કથી નવી સિવિલના ઈદ્વ વિભાગના વડા ડૉ. જૈમિન કોન્ટ્રાકટર અને સહ પ્રાધ્યાપક ડૉ. રાહુલ પટેલ દ્વારા આ ચાર સફળ ‘કોક્લિયર ઈમ્પ્લાન્ટ’ સર્જરી પાર પાડવામાં આવી હતી. સર્જરીમાં નર્સિંગ સ્ટાફ, ઓ.ટી.સ્ટાફ અને સહાયક કર્મચારીઓએ પણ સફળ સર્જરીમાં પોતાનું યોગદાન આપ્યું હતું.

## તંત્રી લેખ...

# કેન્દ્રીકરણ મોટાભાગે સામાજિક અશાંતિ અને આક્રોશનું કારણ બને છે

એક અનુમાન છે કે દેશમાં દર વર્ષે લગભગ ૯૦ લાખ લોકો પલાયન કરે છે. આ પ્રકારે જોઈએ તો દેશની આબાદીનો એક મોટો હિસ્સો અવસરોના અભાવે વિસ્થાપન માટે મજબૂર થાય છે. અવસરોનો આ અભાવ રોજગારના વિકલ્પો-તકોની અછત અને સ્થિતિ જેવા પાસાંથી ઉત્પન્ન થાય છે. અસલ કારણ ચાહે જે હોય તે, પરંતુ એ નક્કી છે કે આટલા મોટા પાયે પલાયન અવસરોમાં અસમાનતાની પુષ્ટિ કરે છે. યાદ રહે કે કોઈ એક સ્થાન વિશેષ પર આર્થિક ગતિવિધિઓનું કેન્દ્રીકરણ મોટાભાગે સામાજિક અશાંતિ અને આક્રોશનું કારણ બને છે. આ સ્થિતિ ત્યારે છે જ્યારે ભારતના બંધારણની ઉદ્દેશિકામાં 'પ્રતિષ્ઠા અને અવસરની સમાનતા'નો ઉદ્‌ઘોષ કરવામાં આવ્યો છે. એક પછી એક સરકારોએ આ અસમાનતાને દૂર કરવાની દિશામાં પગલું અવશ્ય ભર્યું, પરંતુ અપેક્ષિત પરિણામ મળી નથી શક્યાં. હાલના દોરમાં લોકરંજકવાદ તેનું એક કારણ બનતું દેખાય છે. લોકરંજકવાદને લઈને હાલમાં જબરદસ્ત હોડ જામેલી છે. આ જ કારણે ગત દિવસોમાં કર્ણાટકના ઉપમુખ્યમંત્રી ડી.કે. શિવકુમારે કહેવું પડ્યું કે મફતખોરીની યોજનાઓના ચૂંટણી વાયદા પૂરા કરવા માટે આ વર્ષે ધારાસભ્યો પાસે તેમનાં ચૂંટણી ક્ષેત્રોમાં વિકાસ ગતિવિધિઓ માટે ધનરાશિ બાકી નહીં બચે. ભારતમાં સરકારી યોજનાઓ અને કાર્યક્રમોને ધરાતલ પર ઉતારવાનું મુખ્ય દાયિત્વ દેશની નોકરશાહી પાસે છે. અફસોસની વાત છે કે તેનું પ્રદર્શન ખરાબ રહ્યું છે. તેનું મોટું કારણ સંસ્થાઓનું સાંગઠનિક માળખું, કાર્ય સંચાલનનો ચીલો અને જવાબદારીની ઉણપ છે. ભારતે નોકરશાહીનું સાંગઠનિક માળખું પોતાના ઉપનિવેશિક શાસકો પાસેથી વારસામાં લીધું. તેના માટે સ્ટીલ ફ્રેમ એટલે કે ઈસ્પાતી માળખાની ઉપમા પણ આપવામાં આવી. તેમની પાસે અપેક્ષા રાખવામાં આવી કે આ માળખું માત્ર કાયદો-વ્યવસ્થા જ બનાવી રાખશે એવું નહીં, પરંતુ સરકારી ખજાના માટે મહેસૂલ પણ એકત્ર કરશે. સ્વતંત્ર ભારતમાં પ્રશાસનિક માળખું એ પ્રકારે રહ્યુંકે તેનું નામ સુદ્ધાં ન બદલાયું અને તેમને ડિસ્ટ્રીક્ટ મેજિસ્ટ્રેટ કે ડિસ્ટ્રીક્ટ કલેક્ટર જ કહેવાતા રહ્યા. રાજકીય સ્વતંત્રતાએ રાષ્ટ્ર-રાજ્યને જનતાની, જનતા દ્વારા અને જનતા માટે સરકારમાં બદલી નાખી. ઉત્કૃષ્ટ બંધારણે ધારાસભાને કાયદો બનાવવા, કાર્યપાલિકાને તેને લાગુ કરવા અને ન્યાયપાલિકાને એક સમતામૂલક સમાજના નિર્માણનું દાયિત્વ સોંપ્યું. આ બધું તો થયું, પરંતુ પ્રશાસનિક મશીનરીને આવશ્યક રૂપે પુનર્ગઠિત ન કરવામાં આવી. જ્યારે સ્વતંત્ર ભારતમાં જનકલ્યાણની દિશા પૂર્વવર્તી શાસનથી બિલકુલ અલગ હતી. તેમ છતાં સમાનતા અને ન્યાય વિતરણના અગ્રદૂત બનવાને બદલે સરકારો 'માઈ-બાપની સરકાર' અને અધિકારીઓ જીહજૂરી કરતા રહ્યા.

## ૨૦૦૬ બાદ અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકોમાં કોઈ બદલાવ નથી કરવામાં આવ્યો

તાજેતરમાં જ રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને પ્રશિક્ષણ પરિષદ (એનસીઈઆરટી)એ ધોરણ-૩ થી ૧૨ સુધીનાં પાઠ્યપુસ્તકો તૈયાર કરવા માટે એક વિશેષજ્ઞ સમિતિ બનાવી. આ રાષ્ટ્રીય અભ્યાસક્રમ અને શિક્ષણ સામગ્રી સમિતિમાં વિભિન્ન ક્ષેત્રોની ૧૯ પ્રસિદ્ધ હસ્તીઓ અને વિશેષજ્ઞોને સામેલ કરવામાં આવ્યા છે. તેમાં ઈન્ફોસિસ ફાઉન્ડેશનનાં સુધા મૂર્તિ, વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદના અધ્યક્ષ વિવેક દેવરાય અને સદસ્ય સંજીવ સાન્યાલ, પ્રસિદ્ધ ગાયક અને સંગીતકાર શંકર મહાદેવન, ભારતીય ભાષા સમિતિના અધ્યક્ષ ચમૂ કૃષ્ણ શાસ્ત્રી વગેરે છે. તેની અધ્યક્ષતા રાષ્ટ્રીય શૈક્ષણિક યોજના અને પ્રશાસન સંસ્થાના કુલપતિ મહેશ ચંદ્ર પંત તથા સહ-અધ્યક્ષતા પ્રિંસ્ટન કોલેજના પ્રોફેસર મંજુલ ભાર્ગવને સોંપવામાં આવી છે. આ સમિતિ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ના કાર્યાન્વયનના એક અંગ રૂપે કે.કસ્તૂરીરંગનના નેતૃત્વમાં વિકસિત શાળાકીય શિક્ષણ માટે રાષ્ટ્રીય પાઠ્યચર્યાની રૂપરેખા સાથે પાઠ્યક્રમને સુરેખિત કરવાનું કામ કરશે. આ સ્વાયત્ત સંસ્થા જરૂર પડ્યે સહાયતા અને પરામર્શ વગેરે માટે અન્ય વિષય-વિશેષજ્ઞોને આમંત્રિત કરવા માટે સ્વતંત્ર હશે. અભ્યાસક્રમ વિકાસ અને પાઠ્યપુસ્તકોનું ડિઝાઈનિંગ વગેરેની પ્રક્રિયામાં લગભગ ૧૦૦૦થી વધુ વિષય વિશેષજ્ઞો સામેલ થશે. સમિતિનું લ-ય આ શૈક્ષણિક વર્ષના અંત સુધી ધોરણ-૩થી ૧૨ સુધીનાં પાઠ્યપુસ્તકોને તૈયાર કરવા અને ધોરણ-૧ અને બેના હાલના પાઠ્યપુસ્તકોને પણ યોગ્ય રૂપે સંશોધિત કરવાનું છે. એ જરૂરી નથી કે વિજ્ઞાન, ગણિત, ટેક્નોલોજી જેવા વિષયોમાં મહારથ ધરાવતા વ્યક્તિ કલા, નૃત્ય, સંગીત, સાહિત્ય, સંસ્કૃતિ, માનવિકી અને શારીરિક શિક્ષણ જેવા વિષયોમાં પણ પારંગત થાય. તેથી ભિન્ન-ભિન્ન રુચિઓ, વિષયો અને વર્તમાનની બહુવિધ જરૂરિયાતોની પૂર્તિ માટે વિવિધ ક્ષેત્રોના વિશેષજ્ઞોને પાઠ્યપુસ્તકો તૈયાર કરનારી સમિતિમાં સામેલ કરવા સૌથી યોગ્ય પગલું છે. આ પ્રક્રિયામાં શંકર મહાદેવન ભારતના શાસ્ત્રીય નૃત્યુ-સંગીત, સુધા મૂર્તિ નારી સશક્તિકરણ, વિવેક દેવરાય અને સંજીવ સાન્યાલ સ્વતંત્ર અને પ્રાચીન ભારતીય અર્થવ્યવસ્થા વગેરેનું બહેતર સમાયોજન કરી શકે છે, એવી જ રીતે અન્ય સદસ્યો પોતપોતાની વિશેષજ્ઞતાનાં ક્ષત્રોની વિષયવસ્તુની યોગ્ય પસંદગી અને નિર્ધારણ કરી શકશે. સ્વતંત્રતા પૂર્વે અને પછીના અનેક પ્રસંગો-સંદર્ભો, સંઘર્ષો-ઉપલબ્ધિઓ, આદર્શો-પ્રેરણાઓને પણ અભ્યાસક્રમમાં સામેલ કરવાની તાતી જરૂરિયાત છે. જોકે આ સમિતિનો મુખ્ય ઉદ્દેશ્ય જ ભવિષ્યોન્મુખી અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકો તૈયાર કરીને નવા અને વિકસિત ભારતની સંકલ્પનાને સાકાર કરવું, યુવાઓની આકાંક્ષાઓ અને સ્વપ્નોને પૂરા કરવા તથા વૈશ્વિક પડકારોનો સામનો કરવામાં સક્ષમ, સમર્થ અને આત્મવિશ્વાસથી પરિપૂર્ણ પેઢીનું નિર્માણ કરવાનો છે. ધ્યાન આપવાની વાત છે કે ૨૦૦૬ બાદ અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકોમાં કોઈ બદલાવ નથી કરવામાં આવ્યો. જ્યારે ૧૦ થી ૧૫ વર્ષોના અંતરાલ પર પેઢીઓની રુચિ, વિચાર, પ્રકૃતિ, પ્રવૃત્તિ અને જરૂરિયાત વગેરે બદલાઈ જાય છે. માહિતી, જ્ઞાન અને ટેકનિકના આ યુગમાં તો આ પરિવર્તનની ગતિ વધુ તીવ્ર છે. એવામાં અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકોમાં પરિવર્તન અધ્યયન-અધ્યાપનને વ્યાવહારિક, રોજગારપરક, પ્રાસંગિક અને જીવનોપયોગી બનાવી રાખવાની દૃષ્ટિએ પણ જરૂરી છે. યાદ રહે કે વિદ્યાર્થીઓમાં આત્મબોધ, રાષ્ટ્રબોધ, નાગરિક બોધ અને દાયિત્વ બોધ જાગૃત કરવા અને પ્રકૃતિ-પરિવેશ-પર્યાવરણ અને સંસ્કૃતિ વગેરે પ્રત્યે લગાવ વિકસિત કરવાની દૃષ્ટિથી પણ અભ્યાસક્રમમાં યથાયોગ્ય પરિવર્તનની માંગ દાયકાઓથી કરવામાં આવે છે.

# ભીમા નદીને કિનારે આવેલું આ મંદિર શહેરી જીવનથી દૂર, સફેદ વાદળોની વચમાંથી ડોકીયું કરતા આ સ્થળને જાત્રાળુઓનું સ્વર્ગ કહેવાય છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



આ વખતે શ્રાશણ લગભગ કોરો રહ્યો પણ શ્રાવણના દિવસો ટપ ટપ કરતા ચાલ્યા ગયાં, અને સુદનું પખવાડિયું પૂરું થવામાં છે. સાંપ્રત સમયમાં લોકોને ઈન્સ્ટન્ટ પરિણામો મેળવવા હોય છે, એટલે દરેક વાતને બીજા ની કરણી સાથે જોડીને ઠેર ઠેર ભગવાનની માયાની વાત છે, એવાં નિવેદનો થાય છે. ટૂંકમાં ક્યાંક સારું તો ક્યાંક ખરાબ આ બધો આપણી દ્રષ્ટિ નો ભ્રમ છે! મર્મ સમજી જાય એને તો હરક્ષણ શુભ મંગલની વર્ષા અનુભવાય, જોકે આ લખવા જેટલું સહેલું નથી, ખેર છોડો..આમ તો શિવને આરાધવા માટે કોઈ ખાસ માસ મહિનો કે, વાર હોતો નથી, તેને તો ગમે ત્યારે ભોળા હદયથી આરાધી શકાય છે. પરંતુ શ્રાવણમાં ભજવાનો એક વિશેષ મહિમા હોવાથી આપણને એવું લાગે. હાથમાં કળશ અને પૂજાપાનો છાબ લઈને મંદિર તરફ જતાં પગલા હવે થોડા જ સમયમાં બંધ થઈ જશે, શિવાલયોમાં નિત્યનાં દર્શનાર્થીઓ સીવાયની ભીડ ઓછી થઈ જશે. આવા જ એક ઓછી ભીડમાં રહેનારા શિવલિંગ કે, જે જ્યોતિર્લિંગ છે, તેને વિશે આજે આપણે વાત કરવાના છીએ, અને તે છે બાર જ્યોતિર્લિંગમાં જેનું છઠ્ઠુ સ્થાન છે એવા ભીમાશંકર વિષે ચાલો જાણીએ.

ભીમાશંકર મંદિર ભારતના પશ્ચિમ રાજ્ય મહારાષ્ટ્રના પુણે નજીક ખેડ તાલુકામાં આવેલું એક જ્યોતિર્લિંગ છે. આ મંદિર પુણેના શિવાજી નગરથી ૧૨૭ કિમી દૂર સહ્યાદ્રીની પર્વતમાળામાં આવેલું છે. આ સ્થળ ભીમા નામની નદીનું ઉદ્‌ગમ સ્થાન પણ છે, આ નદી આગળ જઈ રાયચુર પાસે કૃષ્ણા નદીને મળે છે. મહારાષ્ટ્રમાં આવેલાં અન્ય જ્યોતિર્લિંગ સ્થળો પણ છે, નાસિક નજીક ત્ર્યંબકેશ્વર, અને ઔરંગાબાદના ઈલોરા નજીક ઘૃષ્ણેશ્વર.ભીમાશંકર એ પ્રાચીન દેવસ્થાન છે, તે શિવના ૧૨ જ્યોતીર્લિંગમાંનું એક છે. શહેરી જીવનથી દૂર સફેદ વાદળોની વચમાંથી ડોકીયું કરતા આ સ્થળને જાત્રાળુઓનું સ્વર્ગ કહી શકાય છે. આ સ્થળની આસપાસની ટેકરીઓ પર આવેલા ગીચ જંગલોમાં ઘણી લુપ્તપ્રાયઃ પ્રાણી અને વનસ્પતિની પ્રજાતિનું આશ્રય સ્થાન છે. પશ્ચિમ ઘાટના છેડે આવેલું આ સ્થળ આસપાસના ક્ષેત્ર, નદીઓ અને ટેકરીઓનું મનોરમ્ય દ્રશ્ય પુરું પાડે છે.

ભીમાશંકરમાં એ ભીમા નદીનું મૂળ છે. આ નદી અગ્નિ દિશામાં વહીને કૃષ્ણા નદીને મળે છે. જંગલોની અવિરત હારમાળા, પર્વતના શિખરો, ભીમા નદીના પાણીનો ગણગણાટ આ સૌને કારણે આ સ્થળ ખરેખર સ્વર્ગ સમાન લાગે છે. આ મંદિરનું બાંધકામ પ્રાચીન અને અર્વાચીન નાગર શૈલીમાં કરવામાં આવ્યું છે. પ્રાચીન વિશ્વકર્મા સ્થપતિઓએ હાંસલ કરેલું પ્રાવીણ્ય અને ચોકસાઈ આ મંદિરમાં જોવા મળે છે. આ એક સર્વ સામાન્ય પણ જાજરમાન મંદિર છે. આનું નિર્માણ ૧૩મી સદીમાં થયું હતું અને સભામંડપ ૧૮મી સદીમાં નાના ફડનવીસે બંધાવડાવ્યો હતો. મંદિરનું શિખર પણ નાના ફડનવીસે બનાવડાવ્યું હતું. મહાન મરાઠા શાસક શિવાજી આ મંદિરની પૂજા અર્ચના માટે ફાળો મોકલતા. અન્ય શિવ મંદિરની જેમજ આનું ગર્ભગૃહ નીચાણમાં આવેલું છે. દરેક જ્યોતિર્લિંગ સાથે જોડાયેલી કોઈને કોઈ પુરાણ પ્રસિદ્ધ આ વાત હોય છે તેમ આ જ્યોતિર્લિંગ સાથે પણ એક ત્રેતા યુગ સાથે જોડાયેલી વાત જાણવા મળે છે. શાસ્ત્રોમાં મળતાં વર્ણન મુજબ દેવોના અનુરોધથી ભગવાન શિવે ભીમાશંકરના રૂપે સહ્યાદ્રી પર્વતમાળા ઉપર નિવાસ કર્યો હતો. શિવપુરાણમાં ભીમાશંકર જ્યોતિર્લિંગનું વર્ણન મળે છે. જે મુજબ પ્રાચીનકાળમાં ભીમા નામનો એક રાક્ષસ હતો. ભીમા કુંભકર્ણનો પુત્ર હતો. ભીમાનો જન્મ તેના પિતાના મૃત્યુ પછી થયો હતો. ભીમા જ્યારે મોટો થયો ત્યારે તેની માતાએ તેને પિતાના વધની કથા કહી, જેથી તે ભગવાન રામને પોતાના પિતાની હત્યાના દોષી માની બદલો લેવાનું નક્કી કર્યું હતું.

ભીમા એ તપ દ્વારા બ્રહ્માજીને પ્રસન્ન કરી સૌથી શક્તિશાળી બનવાનું વરદાન માગી લીધું. જે બાદ તેણે દેવ લોક અને પૃથ્વી લોકમાં હાહાકાર મચાવ્યો. તેણે જુદા જુદા પ્રદેશો જીતતા આસામના કામરુપ પ્રદેશ પર પણ કબ્જો કર્યો અને તેના રાજાને પકડીને પોતાની જેલમાં નાખી દીધા. રાજા સુદિક્ષણ ભગવાન શિવના પરમ ભક્ત હતા. તેમણે જેલમાં જ માટીથી શિવલિંગ બનાવી પૂજા કરવાનું શરું કરતાં રાક્ષસ ભીમ ક્રોધાયમાન થયો, અને તેણે પોતાના ખડગથી શિવલિંગ પર વાર કરવાનો પ્રયાસ કર્યો. આ સાથે જ ચારેતરફ દિવ્ય તેજ ફેલાઈ ગયું અને લિંગમાંથી સ્વયં શિવ પ્રગટ થયા.

રાક્ષસ ભીમા અને શંકર વચ્ચે તુમૂલ યુદ્ધ થયું, અને ભગવાન શિવે ભીમાને શક્તિહીન કરી મારી નાખ્યો. ભીમા રાક્ષસના અત્યાચારથી મુક્ત થયેલા દેવાતો એ શિવજીને પ્રાર્થના કરી કે તેઓ કાયમ માટે અહીં જ વાસ કરે, અને પ્રસન્ન ભગવાન શિવે લિંગ સ્વરુપે પોતાનું સ્વરુપ પ્રસ્થાપિત કર્યું. ત્યારથી આ સ્થળનું નામ ભીમાશંકર અને જ્યોતિર્લિંગનું નામ પણ ભીમા શંકર પડી ગયું છે. અહીં મંદિર પ્રાંગણમાં જ દેવી પાર્વતીનું મંદિર અને મોક્ષ કુંડ, સર્વતીર્થ કુંડ, જ્ઞાન કુંડ અને કુષારણ્ય કુંડ આવેલા છે. જેમાં કુષારણ્ય કુંડ ભીમ નદીનું ઉદ્‌ગમ સ્થાન પણ માનવામાં આવે છે. આ સ્થળ કોઈ હિલ સ્ટેશનના પ્રવાસથી કમ નથી. ભીમાશંકરનાઊ અહીં દેવ દર્શને આવો એટલે તમને કોઈ હીલ સ્ટેશનમાં આવ્યાં હોય તેવો અનુભવ થશે. ભીમા શંકર નજીક સહ્યાદ્રીના પર્વતોમાં બે જાણિતા ફરવા લાયક સ્થળો પણ આવેલ છે. એક દુર્ગ અને બીજું ધાકોબા જે ખૂબ જાણીતા પોઈન્ટ છે. ગાઢ જંગલ અને ચોમેર લીલોતરી ધરાવતો આ ટ્રેક શહેરની ભાગદોડવાળી લાઈફ ભૂલાવી દેશે સાથે જ માનસિક શાંતિ આપશે. ચારે તરફ ફેલાયલ જંગલ અને નાનાં નાનાં ઝરણાં થી ભરેલું આ સ્થળ ખૂબ રોમાંચક છે, અને ચોમાસાની સીઝનમાં અહીં ટ્રેકિંગ કરવાનો આનંદ જ અનેરો છે. ચારેકોર લીલી વનરાજીથી છવાયેલા જંગલી રસ્તામાં વચ્ચે નાનાં-નાનાં ઝરણાં આવે, આજુબાજુ માત્ર લીલી ચાદર ઓઢીને પથરાયેલી ધરતી જોવા મળે. તડકાનું તો નામોનિશાન ન હોય. વરસાદ ન હોય તો પણ ચોમાસાની સીઝનમાં અહીંનું વાતાવરણ મોટાભાગે વાદળિયું જ હોય છે. ઠંડી હવા અને કલકલ વહેતા ઝરણા, પંખીઓનો કલકાટ અને વાંદરાઓની દોડાદોડ સિવાય દૂર દૂર સુધી તમારી આસપાસ માણસ નું નામનિશન ન હોય. આ રસ્તે ટ્રેકિંગ કરવાની મજા જ અલગ છે. રોમાંચ, ભય અને શ્રદ્ધાની લાગણીઓ તમારા રુવાંડા ઉભા કરી દેશે, જોકે તમારે અહીં જવું હોય તો ગ્રુપમાં જવું, અથવા તો કોઈ સ્થાનિક ગાઈડની મદદ લેવી, નહીંતર આડીઅવળી પગદંડીઓ અને ઘનઘોર જંગલ વચ્ચે ચોક્કસ રસ્તો ચૂકી જવાય તેવું છે. તેમજ ટ્રેકિંગ પણ ગ્રુપમાં સાથે જ કરવું તો જંગલની ગીચતા તમારા મનમાંથી રોમાંચ, ભય, પારાવાર આનંદ અને સંતોષની લાગણીઓ એકસાથે ઊભરાવશે. આ લાગણીનો અનુભવ કદાચ ભીમાશંકરની તમારી મુલાકાતની સૌથી સારી યાદગીરી પણ બની રહેશે. અહીંનું સ્થાપત્ય એકંદરે નવું છે, પણ ૧૩મી સદીના સાહિત્યમાં અહીંના ભીમાશંકરમ મંદિર અને ભીમારથી નદીનો ઉલ્લેખ જોવા મળે છે. સંત જ્ઞાનેશ્વરે ત્ર્યંબકેશ્વર અને ભીમાશંકરની મુલાકાત લીધી હોવાનું મનાય છે. અહીંના પટાંગણમાં રોમન શૈલીનો એક વિશિષ્ટ ઘંટ જોવા મળે છે, આ ઘંટ ચીમાજી અપ્પા બાજીરાવ પેશ્વા પ્રથમના ભાઈ અને નાનાસાહેબ પેશ્વાના કાકા દ્વારા ભેટ અપાયો હોવાનું મનાય છે. પોર્ટુગીઝ સામેના યુદ્ધના વિજય પછી ચીમાજી અપ્પાએ વસઈના કિલ્લાના બે વિશાળ ઘંટ લઈ લીધાં. તેમાંનો એક તેમણે અહીં ભીમાશંકરમાં અર્પણ કર્યો અને બીજો વાઈ નજીકના કૃષ્ણા નદી કિનારે આવેલા મેનોવાલી શિવ મંદિરને અર્પણ કર્યો.

મનમાડની ટેકરીઓમાં ભીમાશંકર પાસે ૧૦૩૪ મીટરની ઈંચાઈ પર અંબા અને અંબાલિકા, ભૂતલિંગ અને ભીમાશંકરની બુદ્ધ શૈલિમાં કાંડરેલી મૂર્તિઓ આવેલી છે. નાના ફડનવીસ દ્વારા બંધાવાયેલ હેમદપંથી માળખામાં આવેલ વિશાળ ઘંટ એ અહીં જોવા લાયક છે. આ સાથે અહીંની આસપાસના હનુમાન તળાવ, ગુપ્ત ભીમાશંકર, ભીમા નદીનું મૂળ, નાગ ફણી, મુંબઈ પોઈન્ટ, સાક્ષી વિનાયક અને અન્ય ઘણાં સ્થળો જોવાલાયક છે. આ સાથે ભીમાશંકર એક સંવર્ધીત લાલ જંગલ ક્ષેત્ર છે, જેમાં વિવિધ પ્રજાતિના પક્ષીઓ, પ્રાણીઓ, ફૂલો અને વનસ્પતિ જોઈ શકાય છે. જંગલના અંતરિયાળ ક્ષેત્રોમાં ''શેકરુ'' નામનું વિરલ પ્રાણી જોઈ શકાય છે. જંગલ પ્રેમીઓ માટે અને પર્વતારોહકો માટે અને જાત્રા કરવા નીકળેલા લોકો માટે ભીમાશંકર સારું સ્થળ છે. આ મંદિર પુનાના લોકોમાં ઘણું પ્રચલિત છે, અને વિશ્વભરમાંથી લોકો અહીં દર્શન માટે આવે છે. તો આવા અનન્ય શિવાલયનો ઈતિહાસ ધરાવતી આપણી આ ભારતની ભૂમિ ને કોટી કોટી વંદન કરીએ, અને એ સાથે જ એ શિવ શંકરનાં અહર્નિશ નાદ નું સ્મરણ કરીએ, ઓમ નમઃ શિવાય, ઓમ નમઃ શિવાય, ઓમ નમઃ શિવાય,અને હર હર ભોલે, હર હર ભોલે, હર હર ભોલે.

## શ્રાવણ માસમાં શિવ મહિમા-૧૨

# શતરૂદ્ર સંહિતામાં વર્ણવેલ શિવજીના પાંચ અવતારોનો મહિમા જાણીએ



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા



બનાસકાંઠાના કેટલાક વિસ્તારમાં મેઘરાજા જબરા રિસાયા હોય તેવું લાગે છે.. મઘા નક્ષત્ર કોરું ધાકોર .કેટલાક દિવસથી કાળા ડીબાંગ વાદળો ઘેરાયેલાં જ છે પણ છાંટોય પડતો નથી. દાંતીવાડા ડેમની સપાટી ભયજનક આંકને સ્પર્શ કરવા તલપાપડ છે ને આ વર્ષ બનાસકાંઠાના પશ્ચિમ વિસ્તારની જીવાદોરી સમાન બનાસ નદી કેટલાક વર્ષ બાદ પુનઃ જીવિત થઈ પણ ડેમ ડેમ જ છે. ભગવાન સદા શિવ ભોળાનાથ ભકતોની આશા પૂરી કરશે. આજે શ્રાવણ માસમાં શિવ મહિમા-૧૨ માં શતરૂદ્ર સંહિતામાં વર્ણવેલ શિવજીના પાંચ અવતારોનો મહિમા જાણીએ

સૂતે શૌનકના કહેવાથી શિવજીના પાંચ અવતારો સદ્યોજાત, વામદેવ તત્પુરુષ, અઘોર અને ઈશાન વર્ણવીને શિવજીનાં શ્રદ્ધાવાન ભક્તોનું કલ્યાણ કર્યુ છે.

''સધોજાત'' ઓગણીસમો કલ્પ શ્વેતલોહિત નામે જાણવો. તેમાં સદ્યોજાત નામે ભગવાન શિવજી નો પ્રથમ અવતાર થયો. આ કલ્પ માં બ્રહ્માજી પરબ્રહ્મનું ધ્યાન કરતા હતા, ત્યારે શિખાયુક્ત શ્વેત લોહિત છે.કુમાર ઉત્પન્ન થયા હતા તે પુરુષને નિહાળીને તેમને બ્રહ્મ સ્વરૂપ તથા પ્રભુ જાણી બ્રહ્માજી એ બે હાથ જોડી,મનથી ધ્યાન ધરી,તેમનું ચિંતન કરવા લાગ્યા. એટલામાં ત્યાં સનકાદિ કુમારો ઉત્પન્ન થયા અને તે બ્રહ્માના શિષ્યો થયા. સદ્યોજાત શિવજીએ પ્રસન્ન થઈ બ્રહ્માજીને જ્ઞાન દીધું અને તેમને સૃષ્ટિ રચવાની શક્તિ દીધી. 'વામદેવ રક્ત' નામના વીસમા કલ્પમાં બ્રહ્માએ લાલ વર્ણ ધારણ કરી, પુત્રની ઈચ્છાથી ધ્યાન ધરતા, તેમનાથી એક પુત્ર અવતર્યો; જે લાલ પુષ્પમાળા તથા લાલ વસ્ત્રને ધારણ કરેલો, લાલ નેત્રોવાળો તથા લાલ આભૂષણોવાળો હતો. બ્રહ્માએ તે કુમારને વામદેવ' શંકર જાણી પ્રણામ કર્યા. તે પછી તેના ચાર પુત્રો વિરજસ્, વિવાહ, વિશોક અને વિશ્વભાવન ઉત્પન્ન થયા. તેમણે બ્રહ્માને જ્ઞાન અને સૃષ્ટિ રચવાની શક્તિ આપી. વામદેવ એ શિવનો બીજો અવતાર થયો.

''તત્પુરુષ'' પીતવાસ? નામના એકવીસમા કલ્પમાં બ્રહ્માએ પીળા વસ્ત્ર ધારણ કરી, પુત્ર-પ્રાપ્તિ અર્થે ધ્યાન ધરતા તેમને પીળાવસ્ત્ર વાળો પ્રૌઢ, તેજસ્વી,મોટી ભુજા વાળો પુત્ર પ્રાપ્ત થયો, જેને બ્રહ્મા એ તત્પુરુષ શંકર જાણી વંદન કર્યા અને તેમણે બુદ્ધિથી શિવ- ગાયત્રીનો જપ કરવા માંડ્યો, ત્યારે મહાદેવ પ્રસન્ન થતાં, તેમના પડખામાંથી આ પીળાં વસ્ત્રોવાળા દિવ્ય કુમારો પ્રકટ થયા,જે યોગ માર્ગના પ્રવર્તક બન્યા. આ શિવનો તત્પુરુષ નામે ત્રીજો અવતાર થયો

''અઘોર'' ત્યારબાદ રશિય એકલા સમંદરમાં દેવતાઈ હજારો વર્ષ ચિતનમાં વિચાર્યા. તે દરમિયાન બ્રહ્માએ શ્યામ વર્ણવાળો, પરાક્રમી, સવા ઈચનાં વસ્ત્રો પરિધાન કરેલો, માથે કાળી પાઘડી, કાળી જનોઈ વગેરે ધારણ કરેલો પોતાની દિવ્યતા થી પ્રકાશી રહેલા એક અઘોર કુમાર મહાત્મા ને પ્રકટેલા જોઈ બ્રહ્માએ તેને બ્રહ્મ રૂપ સમજી પ્રણામ કર્યા અને તેમની સ્તુતિ કરી. તે પછી એ કુમારના પડખામાંથી કાળા વર્ણ વાળા ચાર મહાત્મા કુમારો કૃષ્ણ, કૃષ્ણ શિખ, કૃષ્ણાસ્ય અને કૃષ્ણકંઠધૃક્ પ્રકટ્યા.એ મહાત્મા ઓએ બ્રહ્માની સૃષ્ટિના કારણે ઘોર નામનો મહાઅદ્ભુત યોગ ચાલુ કર્યો. આમ, શિવનો ચોથો અવતાર અઘોર કહેવાયો.

''ઈશાન'' વિશ્વરૂપ નામના બીજા કલ્પમાં બ્રહ્માએ પુત્રની પ્રાપ્તિ અર્થ સદાશિવનું ધ્યાન ધરતાં નાદ વાળી વિશ્વરૂપ વાણી તેમજ પ્રભુ ઈશાન પરમેશ્વર પ્રકટ થયા. જે શુદ્ધ સ્ફટિક જેવા પ્રકાશિત તેમજ સર્વ અલંકારોથી શણગારેલા હતા. બ્રહ્માજીએ તેમને વંદન કરતા પ્રભુ ઈશાને બ્રહ્માને સન્માર્ગનો આદેશ કરી, ચાર શુભ બાળકો જટી, મુંડી, શિખંડી અને અર્ધમુંડને ઉત્પન્ન કર્યા. તેઓ યોગ સાથે સદ્ધર્મને ઉપદેશી યોગની ગતિને પામ્યા. આમ, ઈશાન અવતાર એ શિવનો પાંચમો અવતાર હે સનત્કુમાર ઉત્પત્તિના કહી સંભળાવી, ઈશાન તત્પુરુષ, અઘોર, વામદેવ ! આમ મેં શંકરના પાંચ અવતારોની તેમજ સોજાત નામની એ પાંચેય સદાશિવની મૂર્તિઓ જાણીતી છે. તે પૈકીના ઈશાન સૌથી મોટા સદાશિવ હોય પહેલા કહેવાયા.તે પ્રકૃતિના સાક્ષાત્ ભોક્તા,ક્ષેત્રજ્ઞ ઉપર અધિકાર ચલાવતા રહે છે. તત્પુરુષ નામનો બીજો અવતાર ગુણાશ્રય રૂપ અનેભોગ્ય એવા સર્વજ્ઞ ઉપર અધિકાર ચલાવે છે. પિનાકધારી નામે અઘોર ત્રીજા અવતારમાં બુદ્ધિ તત્ત્વ વિચારી વસે છે.

વામદેવ નામે ચોથા અવતારમાં શિવ અભિમાન- અહંકાર ની ઉપર સ્થિતિ કરી સર્વદા અનેક પ્રકારનાં કાર્યો કરે છે. ઈશાન સ્વરૂપે શિવસદા શ્રોતેન્દ્રિય, વાણી તથા વ્યાપક આકાશના સદા ઈશ્વર છે. વિચાર બુદ્ધિ કહે છે કે ત્વચા,ઈન્દ્રિય,હાથ સ્પર્શ તથા વાયુના પ્રભુ પુરુષ નામે ઈશ્વરનું સ્વરૂપ છે.વિદ્વાનોના મતે દેહનું,રસનું, રૂપનું,અગ્નિનું પણ આશ્રયસ્થા અઘોર નામે શિવનું ઈશ્વર સ્વરૂપ છે. શિવનું વામદેવ નામનું સ્વરૂપ,રસના,ગુદાના,જિહ્વા ઈન્દ્રિયના તેમજ જળના પ્રભુ કહેવાય છે. ઘ્રાણેન્દ્રિયના, ઉપસ્થના,ગંધના તેમજ પૃથ્વીના પ્રભુ સદ્યોજાત નામે શંકરનું સ્વરૂપ છે. કલ્યાણ ઈચ્છતા પંડિતો તથા વિદ્વાનોએ હંમેશા સાવચેતીથી તેમજ શ્રદ્ધાથી શિવજીના આ પાંચે સ્વરૂપને પૂજવા જોઈએ.

વાચક ચાહક શુભેચ્છક મિત્રો આપ સૌના ઉત્સાહ થકી શ્રાવણ માસમાં શિવ મહિમા વર્ણવાનો પ્રયાસ કરી રહયો છું .આ માસમાં આપણે શુદ્ધ જળ બિલ્લીપત્રથી અભિષેક ના કરી શકયા હોઈએ તો આ મહિમા થકી પણ એ જ સાધના થઈ છે. આજે શ્રાવણ સુદ બારસને સોમવાર શિવાલય માં ભક્તોની ભારે ભીડ હશે છે. વાચક ચાહક શિવ ભક્તો આપની મનોકામના સદા શિવ ભોળાનાથ શંભુ દેવાધિદેવ મહાદેવ પુરી કરે તેવી પ્રાર્થના સાથે અસ્તુ.

# મંદ દવાના હિમાયતી હોમિયોપેથીનો રસપ્રદ ઇતિહાસ



હોમિયોપથીમાં રોજબરોજ ઉપયોગમાં લેવાતાં ઔષધોનું સામર્થ્ય દર્શાવતા ત્રણ માપક્રમ એટલે કે સ્કેલ આપવામાં આવ્યા છે. હોનેમાને શતાંશક કે 'સી' માપક્રમ આપ્યો છે. એટલે કે પદાર્થનું દરેક તબક્કે સોના ગુણકમાં મંદન કરવામાં આવે છે. હોમિયોપથીમાં વધારે મંદ દ્રાવણ વધારે સામર્થ્યવાળું ગણાય છે. વધારે મંદ પદાર્થો વધારે ગુણવત્તાવાળા અને ક્રિયાશીલ હોય છે. કેટલીક વાર અંતિમ ઊપજનું એટલું બધું મંદન કરવામાં આવ્યું હોય છે કે તે દ્રાવક (નિસ્યંદિત પાણી, શર્કરા કે આલ્કોહોલ)થી સહેલાઈથી પારખી શકાતું નથી. હોમિયોપથીય ચિકિત્સકનું મુખ્ય કાર્ય રોગી દ્વારા દર્શાવવામાં આવેલ રોગનાં લક્ષણો સાંભળી તે પ્રકારનાં લક્ષણો ઉત્પન્ન કરવાવાળા ઔષધની પસંદગી કરવાનું છે. રોગના લક્ષણ અને ઔષધના લક્ષણમાં જેટલું સામ્ય વધારે તેટલી રોગીની સ્વસ્થ થવાની સંભાવના વધારે રહે છે. ચિકિત્સકનો અનુભવ તેને સૌથી વધારે સહાયક બને છે. જૂના અને હઠીલા રોગની ચિકિત્સામાં રોગી અને ચિકિત્સક બંનેની ધીરજ આવશ્યક હોય છે. ચિકિત્સકોની ધારણા હોય છે કે પ્રત્યેક જીવંત પ્રણાલીમાં અંગો પોતાનો ક્રિયાશીલ માનક જાળવી રાખવાની પ્રવૃત્તિ કરે છે; પરંતુ આ ક્રિયાશીલ માનકમાં ફેરફાર થાય ત્યારે પ્રાણી આ માનકને જાળવવા અનેક પ્રતિક્રિયાઓ કરે છે. પ્રાણીને ઔષધ દ્વારા આ પ્રયાસમાં સહાયતા મળે છે. ઔષધ અલ્પ માત્રામાં આપવામાં આવે છે; કેમ કે રોગની ક્રિયા દરમિયાન રોગી અતિસંવેગી હોય છે. ઔષધની અલ્પ માત્રા ન્યૂનતમ પ્રભાવકારી હોવાથી માત્ર એક જ પ્રભાવ પ્રગટ થાય છે. રોગની અવસ્થામાં પેશીની રૂપાંતરિત સંગ્રાહકતાને કારણે આ એકાવસ્થા પ્રભાવ સ્વાસ્થ્યના પુનઃસ્થાપનમાં વિશેષ નિયમિત બને છે. તે શરીરની આંતરિક શક્તિની વિચલિતતા દૂર કરે છે. હોમિયોપથીનાં ઔષધ-નિર્માણના સિદ્ધાંતને આધારે હોનેમાનના સમકાલીન ડો. શુસ્લરે જીવરાસાયણિક ઔષધવિજ્ઞાન નામની નવી ચિકિત્સાપદ્ધતિ શોધી છે; જેમાં જીવનના અત્યંત પાયારૂપ મહત્ત્વના ૧૨થી ૧૫ જેટલા ક્ષાર કાઢી તેની હોમિયોપથીની પદ્ધતિ પ્રમાણે સફેદ-મીઠી ગોળીઓ બનાવી કોઈ પણ દર્દમાં તે આપવામાં આવે છે.

# આધુનિક વૈજ્ઞાનિક અને સ્વાસ્થ્ય વિશેષજ્ઞોના અનુસાર દૂધને પેશ્ર્ચરાઇઝ કરવાના નુકસાનો

૧) લેકટબેસ્લેસ અને પીડિયોકોક્સ જેવા સહજીવી અને મિત્ર કીટાણુઓ પણ નષ્ટ થઈ જાય છે. જેના કારણે તે રોગપ્રતિરોધક શક્તિ ઘટાડે છે અને પચવામાં કઠિન થઈ જાય છે. ૨) કેલ્શિયમ,ફોસ્ફરસ, કોપર અને આયર્ન જેવા ખનીજ પદાર્થો ઘટી જાય છે. તેવી જ રીતે વિટામિન છ, બી કોમ્પ્લેક્સ, C અને E પણ મોટી માત્રામાં નષ્ટ થઈ જાય છે. વિટામિન C અને B તો સંપૂર્ણ રીતે નાશ પામે છે. ૩) મહત્ત્વપૂર્ણ એન્જાઈમ જેવા કે લેકટોઝ, આલ્કલીન, ફોસ્ફેટ અને લેકટોપેરોક્સિડેઝ જે પાચન અને લીવરના કાર્ય માટે લાભકારક હોય છે. તે પણ નિષ્ક્રિય થાય છે. ૪) દૂધને પૅશ્ર્ચરાઈઝ કરવાથી અને કોલ્ડસ્ટોરેજ કરવાથી તેના પ્રોટીનની સંરચનાબદલવા લાગે છે. જેના પરિણામ સ્વરૂપ આ પ્રોટીન પચવામાં કઠિન થઈ જાય છે જેથી તેનો લાભ ઓછો મળે છે.

કાચું દૂધ પોષક તત્ત્વોનું અદભુત સંયોજન, ચાલો હવે આપણે કાચા દૂધથી મળનારા ફાયદા ઉપર ધ્યાન આપીએ. ગૌ માતાનું કાચું દૂધ ખાલી એટલા માટે વિશિષ્ટ નથી કે તે બધાં પોષક તત્ત્વોથી ભરેલું છે, પરંતુ ગૌ માતાના દૂધમાં આ બધાં આવશ્યક તત્ત્વોનું એક અદ્ભુત સંયોજન છે. જે એન્ઝાઈમ, એન્ટીબોડી અને મિત્ર જીવાણું સાથે મળીને શરીરને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. આવું સાત્વિક અને પોષક તત્ત્વોનું અનોખું સંયોજન બીજી કોઈ વસ્તુમાં ઉપલબ્ધ નથી. વૈજ્ઞાનિકોના મતે કાચું દૂધ શરીરને માંના દૂધની બરોબરીમાં પોષણ આપે છે. જેવી રીતે શિશુ અવસ્થામાં માંનું



દુધ સર્વશ્રેષ્ઠ છે એવી જ રીતે વયસ્કો માટે ગાયનું કાચું દૂધ શ્રેષ્ઠ છે. ગાયનું દૂધ સંપૂર્ણ આહાર છે અને શરીરને સ્વસ્થ અને નીરોગી રાખવામાં મદદ કરે છે. કાચા દૂધમાં વિટામિન અને ખનીજ પદાર્થો ઉપલબ્ધ હોય છે, પરંતુ તેને પૅશ્ર્ચરાઈઝ કરવાથી ૩૦ ટકાથી સો ટકા જેટલા નષ્ટ થઈ જાય છે. B૧૨ની અને વિટામિન ઢની કમીમાં કાચું દૂધ અત્યંત લાભકારક છે. કાચા દૂધમાં ભરપૂર માત્રામાં ઉપસ્થિત વિટામિન અને ખનીજ પદાર્થો પાચનમાં, હૃદય, દ્રષ્ટિ, ચામડી, વાળ, રોગ પ્રતિકારક શક્તિ, મગજ, હાર્સોનમ (હાર્મોન) ક્રિયાઓને સ્વસ્થ રાખવામાં અત્યંત ઉપયોગી છે. કાચા દૂધમાં લાભદાયક ફેટી એસિડ હોય છે. જેવા કે કોન્જુગેટેડ લાઈનોલિક એસિડ, ઓમેગા ૩, ફેટી એસિડ જે શરીરમાં પાચનમાં, હૃદય, મગજ સંબંધી કાર્યને સપોર્ટ આપી સશક્ત બનાવે છે. આ ફેટી એસિડ શરીરને સ્નિગ્ધતા પ્રદાન કરે છે અને સ્થૂળતા ઓછી કરવામાં સહાયક છે. આ ફેટી એસિડ પેટના મિત્ર જીવાણુંને પોષિત કરે છે તથા કોલેસ્ટ્રોલ ઓછું કરે છે. દૂધને પૅશ્ર્ચરાઈઝ જ કરવાથી મોટી માત્રામાં નાશ થાય છે. કાચા દૂધમાં મોટી માત્રામાં સહજીવી મિત્રજીવી અને મિત્ર જીવાણું હોય છે, જે પાચન ક્રિયામાં અને શરીરનો સોજો ઘટાડવામાં મદદ કરે છે. આ બધા જીવાણું પેશ્ર્ચરાઈઝ કરવાથી મરી જાય છે અને તેનો લાભ આપણને મળતો નથી.

કાચા દૂધમાં લાભકારી એન્જાઈમ જેવા કે પ્રોટીએજ જે પ્રોટીન પચાવવામાં મદદ કરે છે. લાઈપેજ ચરબી પચાવવામાં મદદ કરે છે. લેકટપેરોક્ષીડેસ જે હાનિકારક બેક્ટેરિયાને નાશ કરે છે. એલકલીન ફોસ્કેટઝ જે શરીરમાં સોજો ઘટાડે છે. જે હૃદયની બીમારી અને ડાયાબિટીસ થવાની સંભાવના ઘટાડે છે. ગૌ માતા પોષક તત્ત્વો આપે છે. અને પચાવવાના એન્ઝાઈમ પણ આપે છે જે પૅશ્ર્ચરાઈઝ દૂધમાં ઓછી માત્રામાં હોય છે.

રોગપ્રતિકારક શક્તિ વધારવામાં કાચું દૂધ અત્યંત લાભદાયી સિદ્ધ થયું છે. પાછલાં કેટલાંક વર્ષોમાં થયેલ વૈજ્ઞાનિક અનુસંધાનોથી એ સ્પષ્ટ થાય છે કે કાચું દૂધ પીવાવાળા વ્યક્તિમાં શ્ર્વસન તકલીફ, તાવ, એલર્જી, ગાયનાઈટીસ, રાઈનોકેજેસ કટી, વાયટીસ (આંખોની બીમારી ) ની સંભાવના પૅશ્ર્ચરાઈઝ દૂધ પીવા વાળા લોકોની તુલનામાં ઘટી જાય છે. તાત્પર્ય એ છે કે વિજ્ઞાન એ જ કહે છે જે આયુર્વેદ વર્ષોથી કહેતું આવ્યું છે. ભારતના ખેડૂતોને અને તેમના પરિવારોને દેશી ગૌમાતાનું સાનિધ્ય પ્રાપ્ત છે. તેમણે અવશ્ય કાચા દૂધનું સેવન કરવું જોઈએ.

# શું અર્થતંત્રનું સંકટ ટળી ગયું



આપણે પાછલા શનિવારે અલનીનોની આગાહી અને તેની સંભવિત વાતાવરણીય અસરની ચર્ચા કરી હતી. આ વર્ષે ભારતીય હવામાનને અલનીનો સાથે પનારો પડવાનો છે એ સાચી વાત હોવા છતાં હવે હવામાન ખાતાએ પાછળથી એવી આગાહી કરી છે કે અલનીનો ત્રાટકશે તો પણ તેની વધુ પ્રતિકૂળ અસર વર્તાશે નહીં. જૂન મહિનાના અંત અને જુલાઇ મહિનાની શરૂઆત દરમિયાન દેશનાં અનેક રાજ્યોમાં ધોધમાર વરસાદ થયો છે અને અનેક વિસ્તારોમાં જળબંબાકાર સર્જાયો છે. ગુજરાતમાં ખાસ કરીને આ પરિસ્થિતિ જોવા મળી છે. વાસ્તવમાં આવી પરિસ્થિતિ લા નીનોની વેધર પેટર્ન દરમિયાન થતી હોય છે. જોકે આપણે મોસમનો આ મિજાજ જોતાં હવામાન ખાતાની બીજી આગાહી અનુસાર અલનીનોની અસર હળવી થવાની આશા સેવી શકીએ.

ભારતના વિવિધ ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદ હજુ કેટલાક દિવસો સુધી ચાલુ રહેવાની શક્યતા છે, ભારતના હવામાન વિભાગ (આઈએમડી) એ દેશના કેટલાક પ્રદેશો માટે ઓરેન્જ અને યલો ચેતવણીઓ એલર્ટ જારી કર્યા છે. હવામાન વિભાગે એમ પણ કહ્યું છે કે ચોમાસું કેટલાક દિવસમાં તેની ઝડપી પ્રગતિ સાથે સક્રિય થયું છે અને ઉત્તરપશ્ર્ચિમના કેટલાક વિસ્તારોને છોડીને સમગ્ર દેશના મોટાભાગના પ્રદેશોને અસર કરી છે. આઈએમડીએ અલનીનો વેધર પેટર્નની રચના છતાં સમગ્ર ચાર મહિનાની સિઝનમાં સરેરાશ વરસાદની આગાહી કરી છે. આપણે આશા રાખીએ કે આ આગાહી સાચી પડે અને આપણે અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિનો સામનો ના કરવો પડે.

આપણે પાછલા શનિવારે વાત કરી એ રીતે હવામાન અંગે સચોટ આગાહી કરવી મુશ્કેલ હોય છે. અલનીનોની અસર રહેવાની છે એ તો આઈએમડીએ સ્પષ્ટ કર્યું જ છે. તો આપણે જોઈએ કે એની અસર ખેતીવાડી અને અર્થતંત્ર પર કેવી થઈ શકે? અલબત્ત સિંચાઈ ક્ષેત્રે આપણે પ્રગતિ કરી છે અને ચિત્ર થોડું બદલાયું છે. આમ છતાં એ પણ વાસ્તવિકતા છે કે આપણો ખેતીપ્રધાન દેશ આજે પણ વરસાદના પાણી પર ઘણું અવલંબન ધરાવે છે. ભારતીય અર્થવ્યવસ્થા પર અલનીનોની સંભવિત અસર, અર્થશાસ્ત્રીઓનું કહેવું છે કે, કૃષિ ક્ષેત્રના સંદર્ભમાં, અલનીનો માત્ર હાલના રવી પાક માટે જ ખતરો ઉભો કરી શકે છે, પરંતુ જો ચોમાસું સામાન્ય કરતાં નબળું રહેશે તો તે ખરીફ ઊપજને પણ ફટકો મારી શકે છે. રવી અને ખરીફ ઉત્પાદન જો ફટકો પડશે તો અનાજ, કઠોળની અછત જેવી સ્થિતિમાં ભાવ વકરશે અને પરિણામે ખાદ્ય ફુગાવો વધારી શકે છે.

# કાજૂ-બદામનો પણ બાપ છે આ પાઈન નટ્સ

નટ્સ એટલે કે સુકા મેવાને સુપરફુડનો દરજ્જો મળ્યો છે. આવું એટલા માટે કહી શકાય કેમ કે તેમાં દુનિયાભરના પોષકતત્વો સમાયેલા છે. કાજૂ, પિસ્તા, બદામ, કિશમિશ, અખરોટ અને અંજીર વગેરેમાં વિટામિન, પ્રોટીન, મિનર, મેગ્નેશિયમ, કોપર, ફોલિક એસિડ, બી કોમ્પ્લેક્સ, ઝિંક વગેરે ભરપૂર માત્રામાં જોવા મળે છે. પણ તેનાથી પણ વધારે ફાયદાકારક છે પાઈન નટ્સ.નટ્સ એટલે કે સુકા મેવાને સુપરફુડનો દરજ્જો મળ્યો છે. આવું એટલા માટે કહી શકાય કેમ કે તેમાં દુનિયાભરના



પોષકતત્વો સમાયેલા છે. કાજૂ, પિસ્તા, બદામ, કિશમિશ, અખરોટ અને અંજીર વગેરેમાં વિટામિન, પ્રોટીન, મિનર, મેગ્નેશિયમ, કોપર, ફોલિક એસિડ, બી કોમ્પ્લેક્સ, ઝિંક વગેરે ભરપૂર માત્રામાં જોવા મળે છે. પણ તેનાથી પણ વધારે ફાયદાકારક છે ચિલગોઝા જેને પાઈન નટ્સ પણ કહેવાય છે. કાજૂ બદામની માફક તે દરેક ઘરમાં જોવા નથી મળતું, કેમ કે તે ખૂબ જ મોંઘા હોય છે. આ શક્તિશાળી મેવાનું એક ફળનું બીજ છે. તે ભૂરા રંગનું હોય છે. આ બીજ સફેદ રંગના લાંબા આકારનું હોય છે. આપ આ નટ્સના સેવનથી સ્નૈક, સ્મૂદી અથવા સૈલેડમાં નાખીને કરી શકો છો. તેને ખાવાથી ડાયાબિટિસ, મોટાપા, કોલેસ્ટ્રોલ વગેરેની બીમારી નહીં થાય. તેની સાથે જ આપણા મગજને મજબૂત બનાવે છે.

BOLLYWOOD NEWS FLASH

**આન્યા (તમન્ના) અને તેની ટીમને આ કેસના મૂળ સુધી પહોંચીને એ જાણવાની જવાબદારી સોંપવામાં આવી છે**

# તમન્નાએ ગ્લેમરસ ઈમેજ છોડીને અલગ છાપ બનાવવાનો પ્રયાસ કર્યો

। મુંબઈ, તા.૨૭ ।



આ વેબ સિરીઝ પૂર્વ દિલ્હીના બુરારી ખાતેના ચંદાવત પરિવારના ૧૧ સભ્યોના કમનસીબ મૃત્યુની ઘટનાઓ પર બનાવવામાં આવી છે, આ કેસની હકીકત આજ દિન સુધી સામે આવી નથી. આ વેબ સિરીઝમાં તમન્ના ભાટિયા, અભિષેક બેનર્જી, શિવિન નારંગ, રાહુલ બગ્ગા, ક્રિતી અને પ્રતીક સહજ પાલ સહિતના કલાકારોએ કામ કર્યું છે. ઉલ્લેખનીય છે કે, ડિઝની હોટસ્ટાર પર આ વેબ સિરીઝના બે એપિસોડ પ્રસારિત કરાયા છે, આ બંને એપિસોડ્સ લગભગ ૩૦-૩૦ મિનિટના છે, જે વાર્તાનો સાર આપે છે. આન્યા (તમન્ના) અને તેની ટીમને આ કેસના મૂળ સુધી પહોંચીને એ જાણવાની જવાબદારી સોંપવામાં આવી છે, કે એવું શું હતું જેના કારણે રાજાવત પરિવારના ૧૧માંથી ૧૦ સભ્યોને એકસાથે ગળેફાંસો આપવામાં આવ્યો હતો. જેમાં ૧૧મી વ્યક્તિ પરિવારની વૃદ્ધ માતા અન્ય રૂમમાં મૃત અવસ્થામાં મળી આવ્યા હતા. તેમનું મોત સંભવતઃ ગળું દબાવવાથી થયું હતું. ત્યારે આ ઘટના અંગે જાણીને સ્તબ્ધ થઈ ગયેલી આન્યા અને તેની ટીમ આ કેસના મૂળ સુધી પહોંચવા માટે તપાસમાં જોડાઈને કડીઓ જોડે છે, પરંતુ તપાસ દરમિયાન થતાં ખુલાસાથી તેઓ મૂંઝવાઈ જાય છે. રોબી ગ્રેવાલ દ્વારા દિગ્દર્શિત આ સીરીઝનો પ્રથમ એપિસોડ આ સિરિઝ પ્રત્યે તમને આકર્ષિત કરે છે અને તમે તરત જ અન્યાની ઈન્વેસ્ટિગેશનમાં તરબોળ થઈ જાઓ છો. પરંતુ જયારે વાર્તા રાજાવત પરિવાર તરફ જાય છે, જેમાં ભુવન (અભિષેક બેનર્જી) જે તેના પરિવારના વિનાશનું કારણ બને બને છે, ત્યારે તમને બેચેનીનો અનુભવ થશે. જેમ જેમ વાર્તા આગળ વધે છે, તમા ચાલી રહેલ તપાસ અને દુર્ઘટના વચ્ચે સ્ક્રીનપ્લે યોગ્ય રીતે કટ અને ઈન્ટરપ્લે થતો નથી. ત્યારે આ વેબ સિરિઝમાં નિર્માતાઓનો શું સાબિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે, તેમાં ગરબડ દેખાઈ રહી છે. ત્યારે શું 'આખરી સચ એ પોલીસની કેસ પરની પ્રક્રિયા દર્શાવે છે કે પછી પરિસ્થિતિને સંભાળવાની સ્ત્રીની ક્ષમતા વિશે સામાજિક અપેક્ષાઓ પરની ટિપ્પણી વિશે છે.

**એવું કહેવામાં આવી રહ્યું છે કે, ભારતીય સિનેમાના ઈતિહાસમાં પહેલીવાર બૌદ્ધ લગ્ન પ્રથાને સ્ક્રીન પર બતાવવામાં આવી છે**

# રાધિકા આપ્ટેના કારણે બૌદ્ધ લગ્ન હાલ પૂરજોશમાં ચાલી રહ્યા છે

। મુંબઈ, તા.૨૭ ।

એવું કહેવામાં આવી રહ્યું છે કે, ભારતીય સિનેમાના ઈતિહાસમાં પહેલીવાર બૌદ્ધ લગ્ન પ્રથાને સ્ક્રીન પર બતાવવામાં આવી છે. હાલમાં સોશિયલ મીડિયા પર બૌદ્ધ લગ્ન પ્રથા વિશે ઘણી ચર્ચા ચાલી રહી છે, અને ઘણા લોકો તેના વિશે જાણવા માંગે છે. તમને જણાવી દઈએ કે, આ માહિતી નાગપુરના ભદંત ધમ્મ સારથીએ આપી હતી. લગ્ન એ કોઈપણ વ્યક્તિના જીવનમાં ખૂબ જ મહત્વપૂર્ણ અને કિંમતી ક્ષણ હોય છે. જોકે, આ સમારોહ દરેક જાતિ, ધર્મ અનુસાર થોડો બદલાય છે, પરંતુ આનંદ તેમાં સર્વોચ્ચ છે. લગ્ન માત્ર બે લોકોના જ નથી હોતા, પરંતુ આમાં બે પરિવારની સાથે સાથે ઘણા સંબંધીઓ અને મિત્રો પણ ખુશીથી ભેગા થાય છે. બૌદ્ધ લગ્ન સમારોહ વિશે બોલતા, ભદંત ધમ્મ સારથીએ જણાવ્યું હતુ કે, બૌદ્ધ લગ્ન પ્રણાલીમાં ધાર્મિક વિધિઓ કરતાં સામાજિક અને વૈચારિક બાબતો વધુ મહત્વપૂર્ણ છે.



**ધર્મેન્દ્ર શરૂઆતમાં વીરૂનો રોલ કરવા માંગતા ન હતા. તે ઠાકુર બલદેવ સિંહ બનવા માંગતા હતાં, પરંતુ આવું શક્ય બન્યું નહીં**

# ફિલ્મ શોલેમાં ઠાકુર બલદેવ સિંહને વીરૂનો રોલ મળવાનો હતો

। મુંબઈ, તા.૨૭ ।

ધર્મેન્દ્ર અને હેમા માલિનીએ સાથે ઘણી ફિલ્મો કરી હતી. તે ૭૦ના દશકમાં એકબીજાના પ્રેમમાં પડ્યા હતાં. બંનેએ શોલે ફિલ્મના સેટ પર ખુલીને પોતાનો પ્રેમ વ્યક્ત કર્યો હતો, જે તેમની સૌથી યાદગાર ફિલ્મોમાંથી એક છે. રસપ્રદ વાત એ છે કે ધર્મેન્દ્ર શરૂઆતમાં વીરૂનો રોલ કરવા માંગતા ન હતા. તે ઠાકુર બલદેવ સિંહ બનવા માંગતા હતાં, પરંતુ આવું શક્ય બન્યું નહીં. ધર્મેન્દ્રએ વીરુનો રોલ કર્યો અને સંજીવ કુમારે ઠાકુર બલદેવ સિંહનો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આવું એટલે બન્યું કારણ કે હેમા માલિનીએ સંજીવ કુમારના લગ્નનો પ્રસ્તાવ ઠુકરાવી દીધો હતો અને તે તેની નજીક જવા



માંગતી ન હતી, જેના કારણે સંજીવ કુમારે ઠાકુર બલદેવ સિંહનો રોલ કર્યો. કહેવામાં આવે છે કે, આ જ કારણે શોલેમાં હેમા માલિનીનો સંજીવ કુમાર સાથે એકપણ સીન નથી. ફિલ્મ શોલેમાં ધર્મેન્દ્ર સાથે હેમા માલિનીની જોડી સુપરહિટ રહી.

**અલ્લૂ અર્જુનને શુભકામના આપવા માટે તેના ઘર પર લોકો પહોંચી રહ્યા છે, તેને ગળે લગાવી રહ્યા છે**

# નેશનલ એવોર્ડ જીત્યા બાદ અલ્લૂ અર્જુનના ઘરે જશ્નનો માહોલ

। મુંબઈ, તા.૨૭ ।

સાઉથ સુપર સ્ટાર અલ્લૂ અર્જુન માટે પુષ્પા ફિલ્મ કોઈ વરદાનથી કમ નથી. પહેલા તો આ ફિલ્મે બોક્સ ઓફિસ પર જોરદાર સફળતા પ્રાપ્ત કરી, પણ ત્યાર બાદ આ ફિલ્મે જે કમાલ કરી બતાવી તે ફિલ્મ ઈંડસ્ટ્રીમાં છેલ્લા ૭ દાયકામાં ક્યારેય નથી થયું. કેટલીય તેલુગૂ ફિલ્મોને નેશનલ એવોર્ડથી સન્માનિત કરવામાં આવી છે. પણ હજુ સુધી એક પણ તેલુગૂ એક્ટર આ એવોર્ડ મેળવી શક્યો નથી. હવે પુષ્પા ફિલ્મ માટે અલ્લૂ અર્જુનને નેશનલ એવોર્ડ આપવામાં આવ્યો છે. આ સમાચારથી એક્ટરના ઘરમાં જશ્નનો માહોલ છે. સોશિયલ મીડિયા પર કેટલાય વીડિયો સામે આવી ચુક્યા છે, જેમાં જોઈ શકાય છે કે, અલ્લૂ અર્જુનને શુભકામના આપવા માટે તેના ઘર પર લોકો પહોંચી રહ્યા છે. તેને ગળે લગાવી રહ્યા છે અને આ ખાસ અવસર પર શુભકામનાઓ આપી રહ્યા છે. અલ્લૂ અર્જુનના ઘર બહાર કેટલાય ફેન્સ એકઠા થઈ ગયા હતા. તેના નજીકના લોકો ઘરે જઈને શુભકામના આપી રહ્યા છે. આ દરમ્યાન અલ્લૂ અર્જુનના પિતા અલ્લૂ અરવિંદને જોઈ શકાય છે.



# બ્રહ્માનંદમના દીકરાના ધામધૂમથી થયાં લગ્ન

। મુંબઈ, તા.૨૭ ।

શુક્રવારે સાઉથ સિનેમાના નવા માતા-પિતા રામચરણ અને ઉપાસનાએ બ્રહ્માનંદમના કાર્યક્રમની શોભા વધારી હતી અને તેલુગૂ સુપરસ્ટારની તસવીર ઈન્ટરનેટ પર વાયરલ થઈ રહી છે. અભિનેતા રામ ચરણ અને ઉપાસનાની તેમની પ્રથમ સાર્વજનિક ઉપસ્થિતિ હતી. કારણ કે આ વર્ષે જૂનમાં ઉપાસનાએ દંપતિના પ્રથમ બાળક, દીકરી ક્લિન કારાને જન્મ આપ્યો હતો. ઉપાસનાએ પાર્ટી માટે ગુલાબી સાડી પહેરી હતી, જ્યારે રામે સફેદ શર્ટ અને ગ્રે પેન્ટમાં જોવા મળ્યો હતો. રિપોર્ટ અનુસાર, અભિનતા બ્રહ્માનંદમ અને તેમના પરિવારે હાલમાં જ પોતાના નાના દીકરા સિદ્ધાર્થ અને તેની મંગેતર ઐશ્વર્યાની સગાઈ સમારંભ મનાવ્યો હતો. જાણકારી અનુસાર, આ કાર્યક્રમ હૈદરાબાદના આલીશાન આઈટીસી કોહિનૂર હોટલમાં થયો હતો. આ ગ્રાન્ડ ફંક્શનમાં નંદમુરી બાલકૃષ્ણ, પવન કલ્યાણ અને આદિ સાઈકુમારના પરિવર સહિત અન્ય લોકો પણ હાજર રહ્યા હતા. મંચ પર કપલ અને પરિવારના અન્ય સભ્યો સાથે સેલિબ્રિટીની તસવીર સામે આવી છે. જેમણે આ કપલને આશીર્વાદ આપ્યા હતા. રિપબ્લિક વર્લ્ડના રિપોર્ટ અનુસાર, ખ્યાતનામ હસ્તીઓ ઉપરાંત પૂર્વ ઉપરાષ્ટ્રપતિ એમ વૈંકેયા નાયડૂ, તેલંગણાના મુખ્યમંત્રી કેસીઆર અને મંત્રી તલસાની શ્રીનિવાસ યાદવ પણ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. આપને જણાવી દઈએ કે, બ્રહ્માનંદમના દીકરાએ પોતાના પિતાની માફક ફેમસ નથી પણ તેમણે પોતાની એક અલગ ઓળખાણ બનાવી છે. સિદ્ધાર્થે વિદેશમાં અભ્યાસ કર્યો અને હાલમાં હૈદરાબાદમાં કામ કરે છે, જ્યારે તેની વાઈફ ઐશ્વર્યા ડોક્ટર છે.

**ઇમલી ફેમ અભિનેત્રી સુમ્બુલે તાજેતરમાં તેના પિતા તૌકીર ખાનનાં બીજા લગ્ન કરાવ્યા હતા અને હાજરી આપી હતી**

# અભિનેતા સિદ્ધાર્થ ચાંદેકર ફરીથી મમ્મીના કરાવ્યા લગ્ન

। મુંબઈ, તા.૨૭ ।

ઈમલી' ફેમ અભિનેત્રી સુમ્બુલે તાજેતરમાં તેના પિતા તૌકીર ખાન નાં બીજા લગ્ન કરાવ્યા હતા અને હાજરી આપી હતી, જેના માટે ૧૯ વર્ષની અભિનેત્રી લાંબા સમયથી ચર્ચામાં હતી. ઉંમરના આ તબક્કે પણ સુમ્બુલ તેના પિતાનાં બીજા લગ્ન કરાવીને રાજી થઈ હતી. તો સુમ્બુલ બાદ હવે વધુ એક અભિનેતાએ તેની માતાનાં બીજા લગ્ન કરાવ્યા છે. તેણે તેની માતાને તેઓના બીજા લગ્ન માટે અભિનંદન આપ્યા હતા ને હવે તે લોકોના દિલ જીતી રહ્યા છે. એક્ટર સિદ્ધાર્થ ચાંદેકર મરાઠી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કામ કરે છે. હાલમાં જ તેની માતાના બીજા લગ્નની તસવીર સોશિયલ મીડિયા પર શેર કરીને તેણે ઈમોશનલ નોટ લખી છે. મરાઠી અભિનેતા સિદ્ધાર્થ ચાંદેકર, જેણે પોતાના અભિનયથી લોકોને આકર્ષિત કર્યા, તે તેની માતા ઘણા સમયથી જીવનમાં એકલા હોવાને કારણે એટલો નારાજ હતો કે તેણે એવો નિર્ણય લીધો હતો જે કદાચ તેની માતાએ પણ ક્યારેય વિચાર્યું નહીં હોય.



### ભારતીય પત્રકાર સંઘ ભરૂચ દ્વારા

# અંકલેશ્વર ખાતે જરૂરીયાત મંદ વિદ્યાર્થીઓને નોટબુક વિતરણ કાર્યક્રમનું આયોજન કરાયુ

## આગામી દિવસોમાં પણ સંઘ દ્વારા માનવસેવાને લાગતા વિવિધ સામાજિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે : વિરલ ગોહિલ

**મલેક ચસદાની**

। ભરૂચ, તા.૨૭ ।

ભારતીય પત્રકાર સંઘની ભરૂચ જિલ્લા દ્વારા અંકલેશ્વર ખાતે આવેલ તાડ ફળીયા વિસ્તારના જરૂરિયાતમંદ બાળકોને નોટબુક વિતરણ કરવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.



સમગ્ર દેશમાં લોકશાહીની ચોથી જાગીર ગણાતા પત્રકારત્વ સાથે જોડાયેલા પત્રકારોના હિતો તેમજ ન્યાય માટે સદૈવ અગ્રેસર ભારતીય પત્રકાર સંઘની ભરૂચ જિલ્લા શાખા દ્વારા અંકલેશ્વરમા આવેલ તાડ ફળિયા વિસ્તારમા એક થી પાંચ ધોરણના જરૂરિયાતમંદ વિધાર્થીઓને નોટ બુક વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.સાથે સાથે વિદ્યાર્થીઓને બિસ્કીટ ના પાકિટ પણ આપવામાં આવયા હતા. આ કાર્યક્રમમાં અંકલેશ્વર નગર પાલિકાના પ્રમુખ વિનયભાઈ વસાવા,જિલ્લા પ્રમુખ વિરલભાઈ ગોહીલ, પ્રભારી અકબરભાઈ દિવાન,શબ્બીર ભાઈ મુસા, સાબીરભાઈ સૈયદ, મુક્તિયારભાઈ,જાવેદભાઈ શેખ, અંકલેશ્વર તાલુકા પ્રમુખ હનીફભાઈ સૈયદ,બહાઉદ્દીન મન્સુરી,શાહ નવાજ ભાઈ, ઈમરાન ભાઈ મિર્ઝા, તેમજ સંગઠનન સભ્યો હાજર રહી કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતુ.

કાર્યક્રમના અંતમા જિલ્લા પ્રમુખ વિરલ ગોહિલે જણાવ્યુ હતું કે અગામી દિવસો મા પણ સંઘ દ્વારા માનવસેવાને લાગતા વિવિધ સામાજિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

ઉલ્લેખનીય છેકે ગત માસે જ ભારતીય પત્રકાર સંઘ ભરૂચ દ્વારા ભરૂચ ખાતે વિદ્યાર્થીઓને નોટ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ.

# ઝાલોદ તાલુકાના કદવાળ મુકામે બોગસ ડોક્ટરને દવાના જથ્થા સાથે ઝડપી પાડતી દાહોદ એસ.ઓ.જી શાખા

## ૭૫,૯૬૦ રૂપિયાનો દવાનો જથ્થો ઝડપાયો

। ઝાલોદ, તા.૨૭ ।

ઝાલોદ તાલુકાના કદવાળ ગામના તળ ફળિયાના લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતો મેડિકલને લગતી સાધન સામગ્રી તથા મેડિસિન (દવા)ઓ ના કુલ ૭૫૯૬૦ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડતી દાહોદ એસ..ઓ.જી શાખા.



દાહોદ જિલ્લાની એસ. ઓ.જી ટીમ ગેરકાયદેસર પ્રવૃત્તિ પર રોક લગાવવા કાર્યરત હતી તે દરમ્યાન અંગત બાતમીને આધારે ઝાલોદ પોલિસ સ્ટેશનના કદવાળ મુકામે બોગસ તબીબ મેડિકલ ડીગ્રી કે પ્રમાણપત્ર નહીં હોવા છતાય નામ વગરનું ક્લિનિક ખોલી લોકોની સારવાર કરતો હોવાનું માલુમ પડતાં દાહોદ એસ.ઓ.જી ટીમ દ્વારા સદર સ્થળે રેઈડ કરી વાસુદેવ કુમુદભાઈની અટક કરી ૭૫૯૬૦ ની દવા, ગોળી, ઈન્જેક્શન, બોટલો તેમજ અન્ય મેડિકલ દવામાં વપરાશ માટે વપરાતો સામાન સાથે સ્વાસ્થ્ય સાથે ચેડાં કરવાના જુર્મ હેઠળ અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

### ભરૂચના રોટરી ક્લબ ખાતે

# રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની જન્મ જયંતી પૂર્વે બુક લવર્સ મીટ દ્વારા "રઢિયાળી રાત"નો કાર્યક્રમ યોજાયો



। કેતન મહેતા ભરૂચ, તા.૨૭ ।

ભરૂચના રોટરી ક્લબ ખાતે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૭મી જન્મ જયંતી પૂર્વે બુક લવર્સ મીટ દ્વારા "રઢિયાળી રાત"નો કાર્યક્રમ યોજાયો હતો.જેમાં સંસ્કાર ભરતી ટ્રસ્ટના ભૂતપૂર્વ ટ્રસ્ટી શ્રી પુષ્પાબેન પટેલ, ગુજરાતના લોકપ્રિય ગાયક શ્રી અભેસિંહ રાઠોડ સહિતના મહાનુભવોએ દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમની શરુઆત કરી હતી.આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. મીનલબેન દવેએ કર્યું હતું.

કાર્યક્રમની શરૂઆત તાજેતરમાં ભારતના ચંદ્રયાન ૩ વિક્રમની ચંદ્રની ભુમી પરના સફળતા પૂર્વકના ઉતરાણને યાદ કરીને 'ચાંદો ઊગ્યો ચોકમાં' સુપ્રસિદ્ધ લોકગીત ગાઈને કરી હતી. ત્યારબાદ ઝૂલણ મોરલી વાગી રે, આભમાં ઝીણી ઝબૂકે વીજળી રે, આવી રૂડી અજવાળી રાત રે વગેરે જેવા સુપ્રસિદ્ધ લોકગીતો ગાઈને ઝવેરચંદ મેઘાણીને યાદ કરીને લોકોના મનને લોકગીતોમાં તરબોળ કરી દીધા હતા.

કાર્યક્રમના અંતમાં ઝવેરચંદ મેઘાણીનું સુપ્રસિદ્ધ લોકગીત "હો રાજ મને લાગ્યો કસુંબીનો રંગ" ગાઈને લોકોના મનને ડોલાવ્યા હતા. કાર્યક્રમના અંતમાં રાષ્ટ્રગીત ગાઈને સમગ્ર કાર્યક્રમની પૂર્ણાહુતિ કરી હતી.

### સગીરાએ બૂમાબૂમ કરતા યુવક સ્થળ પર બાઈક મૂકી નાશી છુટયો

# પીપળિયાની સગીરાનું મજૂરીના બહાને મોટરસાયકલ ઉપર લઈ જઈ અજાણ્યા ઈસમ દ્વારા દુષ્કર્મ ગુજારાયો

। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૭ ।

દાહોદ જિલ્લાની એક ૧૭ વર્ષીય સગીરા જે પોતાના પરિવારને મદદરૂપ થવા માટે મજુરી કામ કરતી હતી. ઝાલોદ તાલુકાના લીમડી નગર સુભાષ સર્કલ પાસે સગીરા દરરોજના જેમ ઉભી હતી અને મજુરી કામ મળવાની રાહ જોતી હતી.સગીરા તેના પરિવારને મદદરૂપ થવા માટે દરરોજ મજૂરી કામ કરી પોતાના પરિવારને આર્થિક રીતે મદદ કરતી હતી. ત્યારે એક અજાણ્યો યુવક મનમાં વાસનાનો ભાવ લઈને સગીરા પર ખરાબ નજર ફેરવી. અજાણ્યા યુવક દ્વારા સગીરાને પાસે જઈ મારે મજૂર ની જરૂર છે તું કામ કરવા આવશે તેવું પૂછતાં સગીરાએ કામ કરવાની હા પાડી ત્યારે અજાણ્યા યુવકે સગીરાને મોટર સાયકલ પર બેસાડી લીમડી થી ૧૫ કિલોમીટર દૂર જઈ એકલતાનો લાભ લઈને સગીરા જોડે દુષ્કર્મ ગુજાર્યા. જોકે




આ બનાવ સંદર્ભે સગીરાએ બૂમાબૂમ કરતા આસપાસના લોકો દોડી આવ્યા હતા.

આસપાસના લોકો દોડી આવતા યુવક પોતાની મોટરસાયકલ ઘટના સ્થળે મૂકી ફરાર થયો હતો. સમગ્ર બનાવની જાણ સગીરાએ પરિવારને કરતા પરિવારે લીમડી પોલીસને જાણ કરી. પોલીસે બળાત્કાર તથા પોસકો એક્ટ મુજબના ગુના નોંધી અલગ અલગ ટીમો બનાવી યુવકના ધરપકડ માટે ચક્રો ગતિમાન હાથ ધરવામાં આવેલ છે.

### રોજના પાંચ હજાર પાર્થેશ્વર શિવલિંગ બનાવી સાંજે વિસર્જન કરાય છે

# શ્રાવણમાં જીતનગર નંદકેશ્વર મહાદેવ મંદિરે સવાલાખ પાર્થેશ્વરની પૂજા કરાઈ

। દીપક જગતાપ રાજપીપળા, તા.૨૭ ।

રાજપીપલા નજીક જીતનગર ગામના પૌરાણિક મહાદેવ મંદિરે પવિત્ર શ્રાવણમાસ માં દર્શને ભારે ભીડ જામે છે. પ્રાપ્ત માહિતી મુજબ જીતનગર નંદકેશ્વર મહાદેવ મંદિરે શ્રાવણ માસ દરમ્યાન દૂર દૂર થી ભક્તો દર્શનાર્થે આવે છે. સમગ્ર શ્રાવણ માસ દરમ્યાન અહીંસવા લાખ ચિંતામણી પાર્થેશ્વર શિવલિંગની પૂજા થાય છે.રોજના પાંચ હજાર પાર્થેશ્વર શિવલિંગ બનાવી સાંજે વિસર્જન કરાય છે. તેમજ લઘુરુદ્ર, અભિષેક તેમજ અન્ય પૂજા પણ થાય છે. શ્રાવણ માસમાં પાર્થેશ્વરશિવલિંગની પૂજા નું અહીં ખુબ મહત્વ છે.



આ અંગે ટ્રસ્ટી વિરલ દવેના જણાવ્યા અનુસાર ખાસ ઉજ્જૈનથી આવતા નાંદેરા બ્રાહ્મણો રોજ તળાવ માંથી માટી લાવી શિવલિંગ બનાવી પૂજાકરે છે.અને જુદા જુદા વાર મુજબઅલગ અલગ યંત્ર બનાવે છે. જેમકે શુક્રવારે તારા યંત્ર, શનિવારે ધનુષ્યયંત્ર તો રવિવારે સૂર્યયંત્રની પૂજા કરી રોજેરોજ તેની પૂજાવિધિ કરી કરજણ નદીમાં વિસર્જન કરવામાં આવેછે. દર સોમવારે મંદિર માંશણગાર અને મહાઆરતી થાય છે. તેમજ રાત્રી દરમ્યાન ભજન કીર્તન થાય છે. આ પુરાણ પ્રસીદ્ધ મંદિરે શ્રાવણ ના છેલ્લા સોમવારે અનેમહાશિવરાત્રીએ મેળો પણ ભરાય છે.

# જસદણ નગરપાલિકાના પુર્વ પ્રમુખ પ્રતિનિધિ અલ્પેશભાઈ રૂપારેલિયાએ ઘેલાં સોમનાથ દાદાની પુજા કરી

। જસદણ, તા.૨૭ ।

જસદણ નજીક આવેલ વિખ્યાત તીર્થધામ શ્રી ઘેલાં સોમનાથ મહાદેવના સાનિધ્યમાં હાલ હજ્જારો ભાવિકો પૂજા અર્ચના કરી રહ્યા છે જેમાં સરકારનું વહીવટી તંત્ર અસરકારક કામગીરી કરી રહ્યું છે ત્યારે જસદણ નગરપાલિકાના પુર્વ પ્રમુખ પ્રતિનિધિ શ્રી અલ્પેશભાઈ રૂપારેલિયાએ ઘેલાં સોમનાથ દાદાની પૂજા અર્ચના કરી લોકોની સુખાકારી માટે પ્રાથના કરી હતી.



# જસદણમાં માધવ મેટરનીટી હોસ્પિટલનો પ્રારંભ થયો

## જાણીતા સંત શ્રી ભક્તિજીવનદાસજીએ રીબીન કાપી હોસ્પિટલ ખુલ્લી મુકી

**હુસામુદ્દીન કપાસી**

। જસદણ, તા.૨૭ ।

જસદણની સરકારી હૉસ્પિટલમાં યશસ્વી સેવા પ્રદાન કરનારા ડો. જય બાવીસીએ રવિવારે પોતાની નવી ખાનગી હોસ્પિટલમાં પોતાની પ્રેક્ટિસ ચાલું કરતાં આમંત્રિતોની ભારે ભીડ જામી હતી રવિવારે જસદણના ખાનપરરોડ પર માધવ મેટરનીટી નામની હોસ્પિટલમાં નવ પ્રસ્થાન કર્યું હતું જે હૉસ્પિટલ સંત શ્રી શાસ્ત્રી ભક્તિ જીવનદાસજી ખુલ્લી મુકી હતી જેના ઉદઘાટનમાં સંતો મહંતો રાજકીય સામાજિક સેવાકિય શૈક્ષણિક વૈદકિય ધાર્મિક સહિતના જસદણ વિંછિયા તાલુકાના આગેવાનો હોદ્દેદારો પ્રતિનિધિઓ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં આ અંગે ડો. સી એલ બાવીસી, શ્રીમતિ વર્ષાબેન બાવીસી, શ્રુતિ સી બાવીસી ડો. જય બાવીસી ડો. ઋષિકા જે બાવીસીએ આમંત્રિતોને ખાસ આવકાર્યા હતાં.



# નાણાંમંત્રી કનુભાઇ દેસાઈના હસ્તે રૂપિયા ૭૮ લાખના ખર્ચે નવનિર્મિત ફણસા ગ્રામ સચિવાલયનું લોકાર્પણ

। સુરત, તા.૨૭ ।

રાજયના નાણાં, ઉર્જા અને પ્રેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના ભીલાડ ખાતેના સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે રૂ. ૪૦ લાખના ખર્ચે તૈયાર થનારા ૩ બેડવાળા ૩ યુનિટના મકાનનું નવા જન્મેલા બાળકો માટે સ્પેશીયલ ન્યુ બોર્ન કેર યુનિટ (એસ.એન.સી.યુ.) નું આજરોજ ખાતમુર્હૂત કર્યુ હતું. આ પ્રસંગે મંત્રીશ્રીએ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ લોકોના આરોગ્યની સુખાકારી માટે વિશ્વમાં સૌ પ્રથમ આરોગ્યલક્ષી આયુષ્યમાન યોજનાની શરૂઆત કરી છે તેમ જણાવ્યું હતું આ યોજનાના લીધે દેશના નાનામાં નાના લોકોને ગંભીર પ્રકારની બીમારીઓમાં પણ સારી સરકાર માન્ય હોસ્પિટલોમાં સારી સારવાર મળી રહી છે અને તેના સારા પરિણામો મળી રહયા છે જેથી આ આયુષ્યમાન યોજનાનો દરેક માણસોએ ગંભીર



પ્રકારની બીમારીઓમાં લાભ લેવા અનુરોધ કર્યો હતો. મંત્રીશ્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, રસ્તા અને પેવર બ્લોકના તો કામો ઘણાં થાય જ છે પરંતુ આવા કામો નાણાંપંચની ગ્રાન્ટમાંથી કરવા જોઈએ એવી જેમની માન્યતા છે તેવા વલસાડ જિલ્લા વિકાસ અધિકારીશ્રી મનીષ ગુરવાનીએ આ કામ પણ ૧૫ માં નાણાંપંચની જિલ્લા અને તાલુકા પંચાયતની ગ્રાન્ટ તેમજ અન્ય જિલ્લા પંચાયતની ગ્રાન્ટમાંથી તૈયાર થઈ રહયુ છે તેના આયોજન માટે તેમને અભિનંદન આપ્યા હતા.

### સરકારી વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ દહેજ ખાતે

# રોજગાર કચેરી ભરૂચ અને NICS શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા જોબ ફેરનું આયોજન કરાયું

। ભરૂચ, તા.૨૭ ।

સરકારી વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ દહેજ ખાતે રોજગાર કચેરી ભરૂચ અને NICS શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા જોબ ફેરનું આયોજન કરવામાં આવેલું હતું. આ જોબ ફેરમાં કુલ ૯ કંપનીઓ દ્વારા ૨૨૩ વિદ્યાર્થીઓનો ઈન્ટરવ્યૂ લેવાયો હતો એમાંથી ૩૨ જેટલા વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી. આ પ્રસંગે કોલેજના આચાર્ય ડો લીના દવે, NICS શ્રમ અને રોજગાર મંત્રાલય ના યંગ પ્રોફેશનલ શ્રી કૃંતન ભટ્ટ અને રોજગાર કચેરી ભરૂચના પ્લેસમેન્ટ ઓફિસર શ્રી જીગ્નેશ રાણા દ્વારા જોબ ફેર ખુલ્લો મુકાયો હતો.

આ જોબ ફેરનું સમગ્ર આયોજન કોલેજ ના ઉદિશા કોર્ડીનેટર ગાયત્રી ગોવાલવંશી દ્વારા આચાર્ય ડો લીના દવેના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલું હતું. કોલેજ સમિતિના સભ્યો ડો નિરવ પંડ્યા, શિલ્પા રાણપુરા, શીવાંગીની ચોધરી અને બળદેવ ભાઈ ચાવડા એ સુચારુ સંચાલન દ્વારા જોબ ફેરને સફળ બનાવ્યો હતો.






# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે ગરદન -કમરમાં સતત દુખાવાથી તમે પીડાવ એવી શક્યતા છે. જો આ દુખાવા સાથે તમે સામાન્ય નબળાઈ પણ અનુભવતા હો તો તેની અવગણના કરશો નહીં. આજે આરામ મહત્વનો પુરવાર થશે. આજ ના દિવસે ભૂલી ને પણ કોઈ ને પૈસા ઉધાર ના આપો અને જો આપવું જરૂરી હોય તો પૈસા આપતી સમયે સામેવાળાથી લખાણ લ્યો કે તે ક્યારે પૈસા પાછા આપશે?



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. તમારા લગ્નજીવનમાંથી હાલ રસ ઊડી ગયો છે, તમારા જીવનસાથી સાથે વાત કરો અને કોઈક મજેદાર યોજના ઘડો. આ દિવસ ખૂબ સારો હોઈ શકે છે - તમે મિત્રો અથવા કુટુંબીઓ સાથે બહાર જઈને ફિલ્મ જોવાની યોજના પણ બનાવી શકો છો.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. સમજદારીપૂર્વક સરેલું રોકાણ જ વળતર આપશે-આથી તમે તમારી પરસેવાની કમાણી ક્યાંય રોકો તે પૂર્વે પૂરેપૂરી ખાતરી કરી લેજો. તમારા દિવસનું આયોજન સંભાળપૂર્વક કરજો-મદદ લેવા માટે જેમના પર તમે વિશ્વાસ મુકી શકતા હો એવા લોકો સાથે વાત કરો.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો. તમારી પત્ની સાથે પિકનિક પર જવા માટે ખૂબ જ સારો દિવસ. આ બાબત ન માત્ર તમારો મૂજ બદલશે બલ્કે તમારા વચ્ચેની ગેરસમજ ઉકેલવામા પણ મદદ કરશેં. તમારા પ્રિયપાત્ર-જીવનસાથી તરફથી આવનારો ફોન કૉલ તમારો દિવસ બનાવશે.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. જે લોકો ટેક્સ ચોરી કરે છે તે લોકો આજે મોટી મુશ્કેલી માં ફસાઈ શકે છે. તેથી તમને સલાહ આપવા માં આવે છે કે ટેક્સ ચોરી ના કરો. તબિયત સારી ન હોય એવા સંબંધીની મુલાકાત લેજો. તમારા જીવનસાથી આજે તમારી માટે કશુંક ખરેખર ખાસ કરશે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. એમ તો આજે નાણાકીય પક્ષ સારું રહેશે પરંતુ તમને આ પણ ધ્યાન રાખવું હશે કે તમે તમારા પૈસા નકામા ખર્ચ ના કરો. તમારા પરિવારના સભ્યો રાઈનો પહાડ બનાવી મુકે એવી શક્યતા છે. હિંમત હારતા નહીં-નિષ્ફળતા કુદરતી બાબત છે અને આ જ જીવનની સુંદરતા છે.



**તુલા (ર,ત) :**

આજના દિવસે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. પારિવારિક રહસ્યના સમાચાર તમને આશ્ચર્યચકિત કરશે. પવિત્ર અને નિર્ભેળ પ્રેમને અનુભવો. ખાલી સમય માં તમે કંઈક રચનાત્મક કરી શકો છો? શું તમે એવું વિચારો છો કે લગ્નજીવન એટલે માત્ર સમાધાન?



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે મિત્રો સાથે સાંજ આહલાદક રહેશે પણ સાવચેત રહેજો, વધુ પડતું ખવાઈ જશે તો તમારી સવાર બગડશે. તમે જીવન માં પૈસા ના મહત્વ ને નથી સમજતા પરંતુ આજે તમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે પરંતુ તમારી જોડે પર્યાપ્ત ધન નહીં હોય. તમારા જીવનસાથીના જૂઠાણાને કારણે તમારા નારાજ થવાની શક્યતા આજે જોવાય છે.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે હવાઈ કિલ્લા રચવાથી તમને ફાયદો નહીં થાય. પરિવારના સભ્યોની અપેક્ષા પર પાર ઉતરવા માટે તમારે કશુંક કરવું જોઈએ. જે લોકોએ લોન લીધું હતું તે લોકો ને લોન ની રાશિ ચૂકવવા માં સમસ્યાઓ આવી શકે છે. કોઈક ઐતિહાસિક સ્મારકે જવાની નાનકડી પિકનિકનું આયોજન કરો. આ બાબત બાળકો તથા પરિવારના અન્ય સભ્યોને રોજબરોજના જીવનના એકધારાપણામાંથી અત્યંત આવશ્યક એવી રાહત અપાવશે.



**મકર (ખ,જ) :**

આજના દિવસે મિત્ર સાથે તમારી ગેરસમજ કેટલાક અપ્રિય પ્રત્યાઘાતોને આમંત્રણ આપશે-કોઈ પણ નિર્ણય જોહેર કરતા પહેલા સંતુલિત મંતવ્ય મેળવો. તમારા મિત્રોની મદદથી આર્થિક મુશ્કેલીઓ હળવી થશે. જૂનાં સંપર્કો તથા મિત્રો મદદરૂપ સાબિત થશે. આજે તમે જીવન માં પાણી ના મૂલ્ય વિશે નાના લોકો ને પ્રવચનો આપી શકો છો.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે સ્વાસ્થ્ય સારૂં રહેશે. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે? તમારો પરિવાર તમારી વહારે આવશે તથા કટોકટીના સમયમાં તમારૂં માર્ગદર્શન કરશે. કોઈ કાયર્યમાં માસ્ટરી હાંસલ કરનારી વ્યક્તિનું નિરીક્ષણ કરી તમે કેટલાક પાઠ સીખી શકો છો.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે વધુ પડતી ચિંતા તથા તાણ તમારા સ્વાસ્થ્યને બરબાદ કરી શકે છે.માનસિક સ્પષ્ટતા જાળવવા માટે તમારે મૂંઝવણ તથા હતાશા ટાળવી જોઈએ. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે? પાડોશી સાથેનો ઝઘડો તમારો મૂડ બગાડી નાખશે. પણ તમારો મિજાજ ગુમાવતા નહીં કારણ કે આ બાબત બળતામાં ઘી ઉમેરશે.

**ન્યૂઝ બ્રિફ**

## કેનેડાની ઈમિગ્રેશન સિસ્ટમમાં ચેડા કરનારાઓનું આવી બનશે

। નવી દિલ્હી, તા.૨૭ ।

કેનેડા ઉચ્ચ અભ્યાસ માટે જઈ રહેલા વિદ્યાર્થીઓની સંખ્યા વધતી જાય છે અને તેમાં પણ ભારતીયો સૌથી આગળ છે. કેનેડામાં ભારતીય સ્ટુડન્ટની સંખ્યા નવો રેકોર્ડ બનાવી રહી છે ત્યારે તેમાં ખોટી માહિતી આપીને કે સિસ્ટમ સાથે ચેડા કરનારા લોકોથી કેનેડા પરેશાન છે. તેના કારણે હવે ઈમિગ્રન્ટ્સની આકરી ચકાસણી કરવાનો નિર્ણય લેવાયો છે તેથી તાજેતરમાં પંજાબના ૭૦૦ વિદ્યાર્થીઓ સાથે જે ઘટના બની હતી તે ફરીથી ન બને. હાલમાં ભારત સહિતના તમામ દેશોમાંથી મોટી સંખ્યામાં ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સ કેનેડા જઈ રહ્યા છે. ૨૦૨૩ના પ્રથમ બે ક્વાર્ટરમાં ભારતીય વિદ્યાર્થીઓને લગભગ ૯૭ હજાર જેટલી પરમિટ ઈશ્યૂ થઈ હતી. ૨૦૨૨માં પણ આવી જ રીતે મોટી સંખ્યામાં સ્ટુડન્ટ કેનેડા ગયા હતા. ૨૦૨૨માં આખા વર્ષ દરમિયાન ૨.૨૬ લાખ ભારતીયોને સ્ટડી પરમિટ મળી હતી. એક તરફ સ્ટુડન્ટ વિઝાની સંખ્યા વધતી જાય છે ત્યારે બીજી તરફ કેનેડાની ઈમિગ્રેશન સિસ્ટમમાં ચેડા કરીને અથવા ખોટા કાગળો આપીને વિઝા મેળવવામાં આવે છે તેવી ફરિયાદો પણ વધી છે. તેના કારણે જ તાજેતરમાં લગભગ ૭૦૦ ભારતીય વિદ્યાર્થીઓને કેનેડાથી ડિપોર્ટ કરવામાં આવે તેવી નોબત આવી હતી, પરંતુ પછી મામલો ઠંડો પડી ગયો છે. હવે કેનેડાએ બનાવટ કરીને અથવા અપ્રામાણિક રીતે આવી રહેલા લોકો સામે પગલાં લેવાનું નક્કી કર્યું છે. કેનેડા સરકારે કહ્યું કે જે લોકો વિઝિટ કરવા માટે અથવા મુલાકાત લેવા કે સ્ટડી માટે કેનેડા આવે છે તેમના હિતનું રક્ષણ કરવામાં આવશે અને ઈમિગ્રેશન સિસ્ટમના છીંડાનો ઉપયોગ કરનારા સામે પગલાં લેવાશે. ખાસ કરીને સ્ટડી પરમિટ લેવા માટે જે અરજી કરવામાં આવે છે તેમાં જ કેટલીક વખત ફ્રોડ ડોક્યુમેન્ટ હોય છે. અમુક વિદ્યાર્થીઓ બનાવટી એક્સેપ્ટન્સ લેટર આપે છે. હવેથી આવા બધા ડોક્યુમેન્ટની ચકાસણી કરવામાં આવશે. કેનેડાની એજ્યુકેશન સિસ્ટમ માટે ભારત એક મહત્ત્વનો દેશ છે કારણ કે અહીંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ આવે છે, પરંતુ તેની સાથે સાથે કેટલીક બાબતોની ચોકસાઈ રાખવી પણ જરૂરી છે. હાલમાં ભારત, ચીન અને ફિલિપાઈન્સથી સૌથી વધારે વિદ્યાર્થીઓ કેનેડા આવે છે.

### મજૂરોને બ્રિટિશ યુગના સોનાના ૨૪૦ સિક્કા મળ્યા

# ગુજરાતમાં ખોદકામ દરમિયાન લોકોને સોનાના સિક્કા મળ્યા

## પોલીસ કર્મચારીઓ ઘરમાં ઘુસીને ખોદકામ કરી સિક્કા લઈ ગયા : ચાર પોલીસ કર્મચારીને પકડવામાં આવ્યા

। ઈન્દોર, તા.૨૭ ।

ભારતમાં કેટલીક વખત પોલીસ એવા એવા કારનામા કરે છે કે રક્ષક કોણ અને ભક્ષક કોણ તે નક્કી કરવું મુશ્કેલ બની જાય છે. મધ્યપ્રદેશમાં કેટલાક આદિવાસી મજૂરોને બ્રિટિશ યુગના સોનાના ૨૪૦ સિક્કાનો ખજાનો મળ્યો હતો, પરંતુ આ સિક્કા તેમના ઘરમાંથી ચોરાઈ ગયા અને ચોરીના આરોપસર ચાર પોલીસ કર્મચારીને પકડવામાં આવ્યા છે, જેમાંથી એક તો પોલીસ ઈન્સ્પેક્ટર છે. આ કેસની વિગત પ્રમાણે એમપીના આદિવાસી મજૂરોને ગુજરાતમાં કોઈ જગ્યાએ ખોદકામ દરમિયાન સોનાના સિક્કા મળી આવ્યા હતા. આ સિક્કા બ્રિટિશ યુગના હતા જેના કારણે તેની કિંમત ઘણી વધારે ગણવામાં આવે છે. મજૂરો આ સિક્કા ચોરી છુપીથી મધ્ય પ્રદેશ પોતાના ગામમાં લઈ આવ્યા હતા. પરંતુ અત્યારે આ ખજાનો ગુમ થઈ ગયો છે અને માત્ર એક સિક્કો મળી આવ્યો છે. એવું માનવામાં આવે છે કે પોલીસે આ સિક્કાની ચોરી કરી હતી અને હવે તેને ફરી ક્યાંક છુપાવી દીધા છે. હવે જે એક સિક્કો બાકી રહ્યો છે તેને ઈન્દોર સ્થિત પુરાતત્વ વિભાગ પાસે મોકલી દેવાયો છે. આ સિક્કો ૧૯૨૨માં બનાવવામાં આવ્યો હતો અને તેનું વજન ૭.૫ ગ્રામ થાય છે. હાલના ભાવ પ્રમાણે આવા એક સિક્કાની કિંમત લગભગ ૪૦ હજારથી ૪૫ હજાર રૂપિયા થાય છે. આવા કુલ ૨૪૦ સિક્કા ખોદકામ દરમિયાન મળી આવ્યા હતા. ઈન્ટરનેશનલ માર્કેટમાં આ સિક્કાની વેલ્યૂ લગભગ ૭ કરોડ રૂપિયા થાય છે તેમ એએસપીએ જણાવ્યું હતું.

### તાઈવાનમાં ખુલ્યું પ્રથમ હિન્દુ મંદિર


# ભગવાન શંકર અને શ્રી રામની પ્રતિમા જોઈ ધન્ય થઈ જશો

## તાઈવાનનો એક માત્ર વિસ્તાર હિન્દુ મંદિરને સબકા મંદિર નામ રખાયું, જેનાથી હિન્દુ સમુદાયમાં ખુશીની લહેર છે

। તાઈવાન, તા.૨૭ ।

તાઈવાનનું એક હિન્દુ મંદિર ખૂબ ચર્ચામાં છે. જેનું ઉદ્ઘાટન હાલમાં જ થયું છે. આ મંદિર તાઈવાનની રાજધાની તાઈપેમાં આવેલું છે. આ મંદિરને તાઈવાન અને ભારતની વચ્ચેના સંબંધો માટે ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. માનવામાં આવી રહ્યું છે કે તેનાથી બંને દેશની વચ્ચે સાંસ્કૃતિક સંબંધો પર ઊંડી અસર પાડશે.

સ્થાનિક મીડિયા રિપોર્ટ્સ અનુસાર, તાઈવાનનો એક માત્ર



વિસ્તાર હિન્દુ મંદિરને સબકા મંદિર નામ રાખવામાં આવ્યું છે. જેનાથી હિન્દુ સમુદાયમાં ખુશીની લહેર છે. તાઈવાનમાં રહેતા ભારતીય નાગરિક સના હાશમીએ WION ન્યૂઝ ચેનલ સાથે વાત કરતા જણાવ્યું કે આ મંદિરની સ્થાપના ભારતમાં ભારતીય સમુદાય સાથે સૌહાર્દપૂર્ણ સંબંધને પ્રોત્સાહન આપવા માટે તાઈવાનની ઊંડી પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે.

મંદિરનું ઉદ્ઘાટન ભારત-તાઈવાન સંબંધોની સાંસ્કૃતિક કહાનીમાં એક ઐતિહાસિક ક્ષણ છે. સબકા મંદિર પર તાઈવાનમાં આઈઆઈટી ઈંડિયંસની સંસ્થાપક ડો. પ્રિયા લાલવાની પુર્સવેનીએ પણ પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે, આ ન ફક્ત તાઈવાનમાં રહેનારા ભારતીયો સાથે પણ તાઈવાનના નાગરિકો માટે પણ મહત્વપૂર્ણ છે.

### અમદાવાદ ખાતે આઈક્રેટેજી દ્વારા

# ૧૦૦ જેટલા ડ્રગ ખાતાના અધિકારી માટે લીડરશીપ કાર્યેક્રમ યોજાયો

। અમદાવાદ, તા.૨૭ ।

ફાર્માસ્યુટીકલ કન્સલટનસી, આઈક્રેટેજી સોલ્યુશન [iCretegy Solution]ના ફાઉન્ડર અને સીઈઓ શ્રી અલ્પેશ પટેલ અને એફડીસીએ [FDCA] ગુજરાત ના કમિશ્નર શ્રી હેમંત કોશિયા ના નેતૃત્વ હેઠળ અમદાવાદ ખાતે ફુડ એન્ડ ડ્રગ કંટ્રોલ વિભાગ ના અધિકારીઓ માટે લીડરશિપ [Lead With_In] વર્કશોપ યોજાયો હતો. જેનો મુખ્ય ધ્યેય ઈન્ટિગ્રીટી [ Integrity એટલે કે Do the right thing when no one is watching] હતો. જેમાં રાજ્યભર માંથી વર્ગ - ૧ અને વર્ગ-૨ ના ૧૦૦ થી વધારે અધિકારીઓ હાજર રહ્યા હતા. આઈક્રેટેજી સોલ્યુશન દ્વારા આ વોલિયેન્ટરી સર્વિસ આપવામાં આવી હતી જેમાં એફડીસીએના ૧૧ જેટલા અધિકારીઓએ ૧૧ જેટલા અલગ અલગ વિષયો પર મોટિવેશનલ પ્રેઝન્ટેશન કર્યું હતું. સૌ પ્રથમ વાર



એફડીસીએ દ્વારા આવા લીડરશીપ વર્કશોપ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપથી અધિકારીઓ ના મોરલ અને સ્પિરીચ્યુઅલ લેવલમાં વધારો થશે અને આના થકી તંત્ર દ્વારા કરવામાં આવતી કામગીરીમાં મદદરૂપ થશે અને રાજ્યના નાગરિકોને સારી સેવા મળશે. આવનારા સમયમાં આઈક્રેટેજી સોલ્યુશન દ્વારા આવા અનેક પ્રકારના પ્રેરણાત્મક લીડરશીપ વર્કશોપો ગવરમેન્ટ માટે યોજવાનો પ્રયાસ કરવામાં આવશે.

## શિખર ધવનનો ખુલ્લેઆમ કોણે પકડી લીધો કોલર?

। નવી દિલ્હી, તા.૨૭ ।

ભારતીય ક્રિકેટ ટીમનું ધ્યાન હવે એશિયા કપ જીતવા પર છે. ટીમ ઈન્ડિયા ૨જી સપ્ટેમ્બરે કટ્ટર હરીફ પાકિસ્તાન સામે પોતાના અભિયાનની શરૂઆત કરશે. આ દરમિયાન સિનિયર બેટ્સમેન શિખર ધવન ટીમની બહાર ચાલી રહ્યો હોવાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યો છે. ૩૭ વર્ષીય શિખર ધવન કદાચ હવે સિલેક્ટર્સના પ્લાનનો ભાગ નથી. તેને એશિયા કપ-૨૦૨૩ માટે ટીમનો ભાગ બનાવવામાં આવ્યો નથી. એવું માનવામાં આવતું હતું કે તે એશિયન ગેમ્સમાં ટીમ ઈન્ડિયાની કેપ્ટનશીપ સંભાળી શકે છે. જોકે, આવું પણ થઈ શક્યું નહીં. હાલમાં તે સોશિયલ મીડિયા પર ઘણો સમય વિતાવે છે અને તેના ફેન્સ માટે ફોટા અને વીડિયો શેર કરે છે.

### એનસીપીમાં ભંગાણ પડ્યાનો ફરી શરદ પવારનો ઈનકાર

# કેટલાક ધારાસભ્યોના જવાથી પક્ષ તૂટ્યો નથી : શરદ પવાર

## ચંદ્રયાન-૩ મિશન મોટી સફળતા છે, અવકાશ સંશોધન સંસ્થા - ઈસરોના વૈજ્ઞાનિકોને સન્માનિત કરવા જોઈએ

। મુંબઈ, તા.૨૭ ।

રાષ્ટ્રીવાદી કોંગ્રેસ પાર્ટી - એનસીપીના પ્રમુખ શરદ પવારે આજે ફરી પોતાની પાર્ટી તૂટવાનો ઈક્રાર કર્યો છે. તેમણે કહ્યું કે, કેટલાક ધારાસભ્યો પાર્ટીમાં જતા રહ્યા છે, પરંતુ એકલા ધારાસભ્યોના જવાનો મતલબ એ નથી કે, આખી રાજકીય પાર્ટી તુટી ગઈ હોય... પવારે વધુમાં કહ્યું કે, હું એનસીપીનો રાષ્ટ્રીય અધ્યક્ષ છું અને જયંત પાટીલ મહારાષ્ટ્રમાં પક્ષના પ્રદેશ અધ્યક્ષ છે. જ્યારે શરદ પવારને પૂછવામાં આવ્યું કે, શું તમે પક્ષ સાથે બળવો કરનારા નેતાઓ પ્રત્યે નરમ વલણ અપનાવી રહ્યા છો ? જેના જવાબમાં તેમણે કહ્યું કે, બળવાખોરોના નામો બોલી તેમને મહત્વ કેમ આપવામાં આવે. અગાઉ શરદ પવારની પુત્રી અને પક્ષની કાર્યકારી અધ્યક્ષ સુપ્રિયા સુલેએ કહ્યું હતું કે, એનસીપીમાં ભંગાણ પડ્યું નથી અને પક્ષના નેતા અજિત પવાર જ યથાવત્ રહેશે... આ બાબતે શરદ પવારે પણ પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું હતું કે, હા... આમાં કોઈપણ વિવાદ નથી... પરંતુ કેટલાક કલાકો બાદ પવારે યુટર્ન લીધો અને કહ્યું, તેમણે આવું કોઈ



નિવેદન આપ્યું નથી. ઉલ્લેખનિય છે કે, ૨ જુલાઈના રોજ અજિત પવાર અને ૮ અન્ય એનસીપી ધારાસભ્યોએ પક્ષમાં બળવો કર્યો હતો અને મહારાષ્ટ્રમાં એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના-ભાજપ સરકારમાં સામેલ થઈ ગયા હતા. મહારાષ્ટ્રમાં આ ધમાસાણ બાદ રાજકારણ પણ ગરમાયું હતું. અજિત પવારે બળવો કર્યા બાદ પક્ષ પર પોતાનો દાવો કરી ચૂંટણી પંચને પત્ર લખ્યો હતો.શરદ પવારે ચંદ્રયાન-૩ મિશન બાબતે વાત કરતા કહ્યું કે, આ મિશન આપણા માટે મોટી સફળતા છે... ભારતીય અવકાશ સંશોધન સંસ્થા - ઈસરોના વૈજ્ઞાનિકોને સન્માનિત કરવા જોઈએ. વડાપ્રધાન મોદી વૈજ્ઞાનિકોને મળવા પ્રોટોકોલ તોડી ઈસરો કંટ્રોલ સેન્ટર ગયા, જોકે ઠીક છે... તેમણે મોદીની ટીકા કરતા કહ્યું કે, તેઓ સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ ઈચ્છતા નથી.

# પારુલ યુનિવર્સિટીના ઓનલાઈન એમબીએ કોર્સમાં અરજી કરવાની અંતિમ ૩૧ ઓગસ્ટ

યુજીસીની મંજૂરી સાથે ભારતમાં એક પ્રતિષ્ઠિત ખાનગી યુનિવર્સિટી પારુલ યુનિવર્સિટીએ જાહેરાત કરી છે કે, તેઓના ઓનલાઈન એમબીએ પ્રોગ્રામમાં પ્રવેશ માટેની અંતિમ તારીખ ૩૧ ઓગસ્ટ, ૨૦૨૩ છે. રસ ધરાવતા ઉમેદવારો યુનિવર્સિટીની ઓફિશિયલ વેબસાઈટના માધ્યમથી પોતાની અરજી સબમિટ કરી શકશે. registration link. ડિજિટલ શિક્ષણની દિશામાં



વિકાસને અપનાવતા પારુલ યુનિવર્સિટીએ બે વર્ષનો ઓનલાઈન એમબીએ પ્રોગ્રામ રજૂ કર્યો છે, જેને વર્ચ્યુઅલ પ્લેટફોર્મના માધ્યમથી એકીકૃત રીતે આગળ વધારી શકાશે. આ પ્રોગ્રામ વિદ્યાર્થીઓને બિઝનેસ એજ્યુકેશન અને મેનેજમેન્ટની વ્યાપક સમજની સાથે તેઓ સજ્જ બને એ રીતે સાવધાનીપૂર્વક ડિઝાઈન કરવામાં આવ્યો છે. આ સાથો-સાથ નેટવર્કીંગના મહત્વના પાસાને હાઈલાઈટ કરતી વખતે સુગમતા અને સગવડ બંને પ્રદાન કરવા માટે અભ્યાસક્રમ સમજી-વિચારીને તૈયાર કરવામાં આવ્યો છે. બે વર્ષના સમય ગાળામાં ચાર સેમેસ્ટરનો ઓનલાઈન એમબીએ પ્રોગ્રામ વિદ્યાર્થીઓને બીજા વર્ષ દરમિયાન વિશેષતા પસંદ કરવા સક્ષમ બનાવશે. પારુલ યુનિવર્સિટીમાં ૨૦ સ્પેશિયલાઈઝેશનની એક વિશાળ રેન્જ ઉપલબ્ધ છે, જે વિદ્યાર્થીઓને તેમના પ્રોગ્રામને તેમની યૂનિક રુચિઓ અને ઉદ્યોગની જરૂરિયાતોને અનુરૂપ બનાવવા સક્ષમ બનાવે છે.

## વિશેષ

### ચંદ્રયાન-૩ ચંદ્રના દક્ષિણ ધ્રુવ ઉપર સફળતાપૂર્વક ઉતરાણ કરી વિશ્વને ચકિત કર્યું

# ઈસરોના અનેક વૈજ્ઞાનિક (Scientific) મિશન સાથે તેઓ સંકળાયેલા છે નાસા સહિત વિશ્વના અનેક દેશોમાં કામ કર્યું છે માત્ર દેશ માટે કામ કરવા અમેરીકાથી પરત આવ્યા

અવકાશના સંશોધનોના ઈતિહાસમાં વિશ્વમાં ભારત દેશનું નામ સુવર્ણ અક્ષરે અંકિત થઈ ગયું. ચંદ્રયાન-૩ ચંદ્રની ધરતી દક્ષિણ ધ્રુવ ઉપર સૌપ્રથમવાર સફળતાપૂર્વક ઉતરાણ કરીને ભારત દેશની તાકાતનો પરચો આપ્યો એ આપણાં સૌ ભારતીયો માટે આનંદની ઘડી અને ગૌરવની વાત છે. વિજ્ઞાન અને ટેકનોલોજીમાં ભારત દેશના વૈજ્ઞાનિકો ચારેકોર ડંકો વગાડી રહ્યા છે. ત્યારે દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સહિત સમગ્ર વિશ્વના વૈજ્ઞાનિકોએ ઈસરોની ટીમને ખૂબ ખૂબ અભિનંદન આપ્યા છે. સમગ્ર વિશ્વમાં આપણાં દેશનું યુવાધન મેઘાવી શક્તિના દર્શન કરાવી રહ્યું છે. ત્યારે તાપી જિલ્લામાંથી જેમનું બાળપણ વિત્યું છે એવા વૈજ્ઞાનિક પ્રોફેસર સંતોષ વડવળે સાથે દુરવાણી ઉપર બેંગલોરથી વાતો થઈ.

ચંદ્ર ઉપર સંશોધન કરી રહેલા રોવરની સાચી માહિતી મળી ત્યારે તાપી જિલ્લાના વાલોડ તાલુકાના વેડછી ગામે સ્વરાજ આશ્રમ ખાતે અભ્યાસ કરીને ચંદ્ર સુધી દેશની કિર્તીને પહોંચાડનાર વિરલ વૈજ્ઞાનિક અને પ્રોફેસર સંતોષ વડવળે અને ઈસરોના વૈજ્ઞાનિકોની સમગ્ર ટીમને ખૂબ ખૂબ અભિનંદન આપવા જ પડે. ગાંધી વિદ્યાપીઠના નિવૃત્ત પ્રા.વસંતભાઈ વડવળે પોતાની કર્મભૂમિ વેડછીને બનાવી અને પોતાનું આયખુ ખર્ચી નાંખ્યું. ગાંધી વિચાર સાથે સાદગીનું જીવન જીવતા અને નિવૃત્તિ બાદ હાલમાં અમદાવાદમાં સ્થાયી થયા છે.તેમના જ દિકરા સંતોષ કે જેઓ Physical Research Laboratory - Dr. વિક્રમ સારભાઈ દ્વારા સ્થપાયેલ જેમાં ૨૦૦૫થી જોડાયા છે. હાલ મિશન ચંદ્રયાન-૩ નું રોવર જે કામ કરી રહ્યું છે



એ વિભાગના પ્રિન્સિપલ ઈન્વિસ્ટીગેટર તરીકે તેઓ ફરજ બજાવી રહ્યા છે.

સખત પરિશ્રમ વિના સિધ્ધિ પ્રાપ્ત થતી નથી. આટલી મોટી સફળતા મળ્યા બાદ આ મિશનમાં યોગદાન આપનાર અનેક વૈજ્ઞાનિકોની રોમાંચક અને પ્રેરક વાતો બહાર આવી રહી છે. પ્રોફેસર. સંતોષ વડવળે ધો.૮ સુધી સ્વરાજ આશ્રમ વેડછીમાં શિક્ષણ મેળવીને ધો.૧૦ બોર્ડની સીધી પરીક્ષા આપી ધો.૧૧,૧૨ એલેમ્બિક વિદ્યાલય,વડોદરા તેમજ એમ.એસ. યુનિવર્સીટી, વડોદરાથી BSC/MSC નો અભ્યાસ કર્યો છે. ત્યારબાદ દેશની પ્રખ્યાત ઈન્સ્ટિટ્યુટ TIFR મુંબઈ ખાતે તેમણેઁ૨ ્હ કર્યું હતું. ત્યારબાદ બે વર્ષ પોસ્ટ ડોકટરેટમાં CFA Centre for Astrophysics, Harvard Universityથી કર્યું છે. તેમણે અમેરીકાની નાસા સહિત વિશ્વના અનેક દેશોમાં અવકાશના X Ray પ્રોજેકટ ઉપર કામ કર્યુ છે. ખૂબજ સરળ સ્વભાવના પ્રોફેસર.સંતોષભાઈ મિશન એક્સપરીમેન્ટ પ્રયોગો કરી અનેક દેશોમાં માર્ગદર્શક,એડવાઈઝર તરીકે કામગીરી કરી છે. શાળા/કોલેજના વિદ્યાર્થીઓને પ્રેરણા પુરી પાડે છે. તેમની સફળતાનો શ્રેય, ન માત્ર ખગોલ ભૌતિક શાસ્ત્ર પરંતુ તેમના પ્રેમ, ધગશ અને અથાગ મહેનતને આપે છે. સાથે સાથે તેમના પરિવારના વડીલોનાં આશીર્વાદ અને ગુરૂજનોનો પણ તેટલો જ ફાળો છે. તેમના જીવન સંગીની નિલમબહેન વિશે જણાવતાં ડૉ. વડવળે કહે છે કે તેમની અતિશય વ્યાવસાયિક વ્યસ્તતામાં ઘર, બાળકો, તેમનું શિક્ષણ અને પરિવારની પૂરી જવાબદારી કુશળતાથી ધીરજપૂર્વક નિભાવી તેમની આ સફરના ૨૪ વર્ષથી સાથી રહ્યા છે.

ચંદ્રયાન-૩નામિશનદરમિયાનતા.૨૪/૮/૨૩ના રોજ રાત્રે ૧૦ વાગ્યે પ્રોફેસર સંતોષભાઈએ ખૂબ જ રસપ્રદ માહિતી આપતા જણાવ્યું હતું કે હાલમાં જ રોવરને કમાન્ડ મોકલ્યા છે. ત્યાં સૂર્યનો પ્રકાશ ૧૪ દિવસ સુધી છે એટલે સોલારથી બેટરી ચાર્જ કરી રેડી જ રાખવાનું તેમજ વાતાવરણને ધ્યાને લઈ એક એક પળનો અમારે ઉપયોગ કરી લેવાનો હોય છે. મારા દેશ માટે મારે યોગદાન આપવું છે. મારો મૂળ વિષય astrophysics છે અને તેમની expertize X Ray astronomy મા છે. જેમાં exotic Objects એટલે કે તારાઓ અને બ્રહ્માંડ સંહિતા,ન્યુટ્રોન સ્ટાર,બ્લેક હોલ,પલ્સર્સ વિગેરેનો અભ્યાસ એકસ રે વેવની મદદથી કરવાનો હોય છે. ગેલેક્ષીની બહાર તેનું રીસર્ચ સતત ચાલુ છે. આ ઉપરાંત X Ray એસ્ટોનોમી માટે ઈન્સ્ટ્રૂમેન્ટ વિકસાવવુ,ટેલીસ્કોપ ડિઝાઈન કરવાની હોય છે. નાસામાં મિશન એક્સ રે માં જ કામ કર્યું છે. પ્રોફેસર સંતોષભાઈ ૨૦ વર્ષ પહેલાં ંજી થી પરત આવ્યા ત્યારે ચંદ્રયાન-૧ અને એસ્ટ્રોસેટ બંને મિશન સાથે જોડાયેલા હતા. ચંદ્રયાન-૧ એક એક્સપરીમેન્ટ જ હતું સાથે જ ચંદ્રયાન-૨ માં પણ સંશોધનો ચાલુ જ હતા. જેને વર્ષ ૨૦૧૯માં લોન્ચ કરવામાં આવ્યું હતું. ચંદ્રયાન-૨ ના લેન્ડીંગમાં આપણે ભલે તેમાં સફળ ના થયા પણ ઓર્બિટર પુરી રીતે સફળ છે. અને હજુ સુધી કાર્યરત છે. Ch-2 ઓર્બિટર પર પણ એક પ્રયોગ XSM ના તેઓ પ્રિન્સીપલ ઈન્વીસ્ટીગેટર છે. તેમાંથી ઘણું બધુ શીખ્યા અને ત્યારબાદ આજે ચંદ્રયાન-૩ ખૂબ સારી રીતે કામ કરી રહ્યું છે. રોવર ધીમે ધીમે દ્રઢ નિર્ધાર સાથે આગળ વધી રહ્યું છે. ચંદ્રની સપાટી પર નાના-મોટા કેટર્સ તેમજ શેડો પડે કે નહીં તે સતત મોનીટરીંગ કરશું તથા દર પાંચ મીટરે રોવર ઉભુ રહેશે.

Ch-2 ની શરૂઆત વર્ષ ૨૦૦૯ -૧૦ માં રશિયા સાથેના જોઈન્ટ પ્રોજેક્ટ તરીકે થઈ હતી. તેમાં ઓર્બિટર/રોવર જ આપણે (ISRO) દ્વારા બનાવવાના હતા. લેન્ડર રશિયાનું હતું. પણ ૨૦૧૧ માં રશિયાનું એક મિશન ફેઈલ થવાથી આપણે (ISRO) પૂર્ણ મિશન બનાવવાનું નક્કી કર્યું. પ્રોફેસર સંતોષભાઈનું ઈન્સ્ટ્રૂમેન્ટ APXS પેલોડ ચંદ્રની સપાટી પર આવેલ તત્વો વિશે માહિતી મેળવશે. આ વિષયક ફોટોગ્રાફ, ત્યાંની સપાટી નું તાપમાન અને તત્વોનો ડેટા મેળવી પ્રોફેસર વડવળે અને તેમની ટીમ સંશોધન કરશે. હવે સંપૂર્ણ આપણી ટેકનોલોજીનો ઉપયોગ કરીને આત્મનિર્ભર બન્યા છીએ. હવે પછીનું મિશન આદિત્ય- L1 અને બીજા ૩/૪ મહિનામાં X Po Sat લોન્ચ થશે. પ્રોફેસર સંતોષ વડવળેએ દેશના તમામ શુભેચ્છકોનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિત તાપી જિલ્લા વહીવટી તંત્ર,ગાંધી વિદ્યાપીઠ અને સ્વરાજ આશ્રમ વેડછી પરિવારે માનવજાતના આ મહાન સંશોધન કાર્ય માટે ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવી છે.

## ગુજરાત રાજ્યમાં હાલ ભારે વરસાદની કોઈ સંભાવના નથી

। અમદાવાદ, તા.૨૭ ।

રાજ્યમાં હાલ ભારે વરસાદની કોઈ સંભાવના નથી. ગુજરાતમાં ઓગસ્ટ મહિનો કોરો જઈ રહ્યો છે. દર વર્ષની સરખામણીમાં આ વર્ષે ઓગસ્ટ મહિનામાં ૮૫ ટકા ઓછો વરસાદ નોંધાયો છે. હાલ ગુજરાતમાં એક પણ સિસ્ટમ સક્રિય નથી. જેને કારણે ભારે વરસાદની કોઈ સંભાવના નથી. પરંતુ હવે વાતાવરણને જોતા લાગે છે કે, માત્ર ઓગસ્ટ જ નહિ, સપ્ટેમ્બર મહિનો પણ કોરો જશે. સપ્ટેમ્બરમાં ઓછા વરસાદના એંધાણ છે. હવે એવુ લાગે છે કે વરસાદ વગર જ ચોમાસાની વિદાય થઈ જશે. અલ-નીનો કારણે વરસાદની સિસ્ટમમાં ભારે અસર પડી છે. હવે ભાઈ-બહેનોનો પવિત્ર તહેવાર રક્ષાબંધન આવી રહ્યો છે. બે દિવસ બાદ ૩૦ ઓગસ્ટ રક્ષાબંધન છે. ત્યારે જો તમને રક્ષાબંધનના દિવસોમાં વરસાદની ચિંતા સતાવી રહી છે, તો જાણી લો કે તમે રક્ષાબંધનના દિવસે છુટાછવાયા વરસાદની આગાહી છે. આગામી ત્રણ દિવસ હવામાન વિભાગની ભારે વરસાદની કોઈ આગાહી નથી. તેથી તમે રક્ષાબંધનનું બિન્દાસ્ત પ્લાનિંગ કરી શકો છો. હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે જણાવ્યું કે, હાલ રાજ્યમાં સારા વરસાદની શક્યતા નહીવત છે. ૨૭થી ૩૦ ઓગસ્ટ દરમિયાન દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્રમાં હળવા ઝાપટાં પડશે. પિયત વ્યવસ્થાપન હોય તો ખેડૂતોએ પીયત કરવું જોઈએ. ગરમીની આગાહી કરતા તેઓએ જણાવ્યું છે કે, ૨૮ ઓગસ્ટથી દેશમાં ગરમી વધવાની શક્યતા છે.

### ચાણક્યપુરી પછી શ્યામલ ચાર રસ્તાનો વારો

# અમદાવાદમાં હવે શ્યામલ ચાર રસ્તા પાસે ટાયર કિલર બમ્પ લગાવાયા

### ચાણક્યપુરીમાં ફિયાસ્કો થયા બાદ પણ હવે તંત્ર દ્વારા વધુ સ્થળોએ આ પ્રકારે કિલર બમ્પ લગાડવામાં આવી રહ્યા છે

। અમદાવાદ, તા.૨૭ ।

અમદાવાદમાં ચાણક્યપુરી વિસ્તારમાં રોંગ સાઈડ જતા વાહનચાલકોને અટકાવવા માટે થઈને કિલર બમ્પ લગાવવામાં આવ્યા હતા. હવે શ્યામલ ચાર રસ્તા પાસે પણ કિલર બમ્પ લગાવવામાં આવ્યા છે. શહેરમાં રોંગ સાઈડ વાહનચાલકોને ટ્રાફિક નિયમોનુ ભંગ કરતા અટકાવવા માટે થઈને તંત્રએ હવે શહેરમા અનેક સ્થળે આ પ્રકારે કિલર બમ્પ લગાવવાની કાર્યવાહી શરુ કરી છે.

અમદાવાદમાં ચાણક્યપુરી વિસ્તારમાં રોંગ સાઈડ જતા વાહનચાલકોને અટકાવવા માટે થઈને કિલર બમ્પ લગાવવામાં આવ્યા હતા. હવે શ્યામલ ચાર રસ્તા પાસે પણ કિલર બમ્પ લગાવવામાં આવ્યા છે. શહેરમાં રોંગ સાઈડ વાહનચાલકોને ટ્રાફિક નિયમોનુ ભંગ કરતા અટકાવવા માટે થઈને તંત્રએ હવે શહેરમા અનેક સ્થળે આ પ્રકારે કિલર બમ્પ લગાવવાની કાર્યવાહી શરુ કરી છે. ચાણક્ય પુરીમાં ફિયાસ્કો થયા બાદ પણ હવે તંત્ર દ્વારા વધુ સ્થળોએ આ પ્રકારે કિલર બમ્પ લગાડવામાં આવી રહ્યા છે. શ્યામલ ચાર રસ્તા પાસે એક જ દિવસમાં કિલર બમ્પની કેટલીક સ્પ્રિંગ તૂટી જતા વાહન ચાલકો રોંગ સાઈડ વાહન હંકારવા લાગ્યા છે. સ્થાનિકો પણ કહી રહ્યા છે કે, અહીં લોકોએ મોટુ ચક્કર કાપીને જવુ પડતુ હોઈ આ શોર્ટ કટ અપનાવે છે. જેથી આ માટેનો પણ ઉકેલ આપવો જોઈએ.



### ચૂંટણી પહેલા ગુજરાતમાં નવાજૂનીના એંધાણ

# યુવરાજસિંહ જાડેજાએ કોંગ્રેસ નેતાઓની સાથે ભોજન લીધું

### કેટલીક તસવીરો સામે આવતા રાજકારણમાં ગરમાવો

। અમદાવાદ, તા.૨૭ ।

લોકસભા ચૂંટણીને હલે ગણતરીના મહિનાઓ જ બાકી છે ત્યારે ગુજરાતના રાજકારણમાં ગરમાવો આવવા લાગ્યો છે. એક તરફ બીજેપીમાં આંતરિક જૂથવાદ સામે આવી રહ્યો છે તો બીજી તરફ આમ આદમી પાર્ટી પણ તૂટી રહી છે. તાજેતરમાં ઘણા આપ નેતા કોંગ્રેસમાં જોડાયા હતા. આજ કેટલીક તસવીરો સામે આવી છે જેના કારણે ગુજરાતના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. થરાદ ખાતે યુવરાજસિંહ ધારાસભ્ય ગેનીબેન ઠાકોર અને પૂર્વ ધારાસભ્ય ગુલાબસિંહને મળ્યા



હતા. મુલાકાત બાદ યુવરાજસિંહ જાડેજાએ કોંગ્રેસના નેતાઓ સાથે ભોજન પણ લીધું હતું.

તમને જણાવી દઈએ કે, થોડા દિવસો પહેલા યુવરાજસિંહ જેલવાસ ભોગવી ચૂક્યા છે. જેલમાંથી બહાર આવ્યા બાદ તેમણે એક ઈન્ટરવ્યૂમાં એમ પણ કહ્યું હતું કે, જેલવાસ દરમિયાન મને અમારી પાર્ટી તરફથી જોઈએ તેટલો સહયોગ નહોતો મળ્યો. તે સમયે જગદીશ ઠાકોર મારા સંપર્કમાં હતા.

તો બીજી તરફ યુવરાજસિંહ આમ આદમી પાર્ટીમાંથી વિધાનસભાની ચૂંટણી લડવાની હતા, પરંતુ છેલ્લે કોઈ કારણસર લડ્યા નહોતા. આ મુલાકાતથી યુવરાજસિંહ કોંગ્રેસમાં જોડાશે તેવી ચર્ચાએ જોર પકડ્યું છે. જો કે,આ મુલાકાત અંગે યુવરાજસિંહનું કોઈ નિવેદન સામે આવ્યું નથી. પરંતુ તેમની મુલાકાતથી અનેક અટકળો વહેતી થઈ છે.


### રમત ગમત મંત્રી હર્ષ સંઘવીની મોટી જાહેરાત

# મહિલા ખેલાડી તેમજ પુરુષ ખેલાડીને સરખું સન્માન મળશે

### પહેલા કોઈ સ્પોર્ટસ ઈવેન્ટ યોજાતી તો પુરુષને અલગ રકમ સન્માન અને મહિલાને અલગ સન્માન અપાતું હતું

। અમદાવાદ, તા.૨૭ ।

આગામી સમયમાં ઓલમ્પિક આવે તે પહેલાં ગુજરાત સરકારનું મોટું પગલું ભર્યું છે, આ સાથે રમત ગમત મંત્રી હર્ષ સંઘવીની મોટી જાહેરાત, મહિલા ખેલાડી અને પુરુષ ખેલાડીને સરખુ સન્માન મળશે,જો કોઈ ખેલાડી કોઈ સ્પર્ધા જીતે તો બંને ને સરખું સન્માન આપવા કહ્યું છે, પહેલા જ્યારે પણ કોઈ સ્પોર્ટસ ઈવેન્ટ યોજાતી તો પુરુષને અલગ રકમ સન્માન અને મહિલાને અલગ સન્માન અપાતું હતું . મુળ ગુજરાતના વતની હોય તેવા ખેલાડીઓ માટે :-



ઓલિમ્પિક રમતોત્સવના કોઈપણ મેડલ વિજેતા તેમજ એશિયાન ગેમ્સના સુવર્ણપદક વિજેતા ગુજરાતના ખેલાડીઓને વર્ગ-૧ અધિકારી તરીકે નિમણુંક.એશિયાન ગેમ્સમાં સિલ્વર અથવા બ્રોન્ઝ મેડલ વિજેતા ગુજરાતના ખેલાડીઓને વર્ગ-૨ અધિકારી તરીકે નિમણુંક કરવામાં આવે છે. સરકારમાં થતી ગૃપ-સી ની કુલ ભરતીમાં લાયક ખેલાડીઓ માટે ૨ ટકા અનામત રાખવામાં આવે છે. ઓલિમ્પિક ગેમ્સ ગોલ્ડ મેડા લિસ્ટને ૫ કરોડ આપ વામાં આવે છે.સિલ્વર મેડાલિસ્ટને ૩ કરોડ આપવામાં આવે છે, બ્રોન્ઝ વિજેતાને ૨ કરોડ રુપિયા આપવામાં આવે છે.એશિયાન ગેમ્સ વિજેતા ખેલાડીઓને ક્રમશ પ્રથમ નંબર પર ૧ કરોડ, ત્યારબાદ સિલ્વર મેડાલિસ્ટને ૧ કરોડ અને બ્રોન્ઝ મેડાલિસ્ટને ૨૫ લાખ રુપિયા આપવામાં આવે છે.




## ડી.સી. ફીજીકલી ચેલેનઝ લાયન ભાવિન પરમારને "દિવ્યાગતા ક્ષેત્રે" વિશિષ્ઠ સેવાકીય કામગીરી કરવા બદલ લાયન્સ ક્લબ ઇન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટના ડાયમંડ એવોર્ડથી નવાજવામાં આવ્યા

। અમદાવાદ, તા.૨૭ ।

લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ 3232-B1 દ્વારા તા.૧૫-૮-૨૦૨૩ના રોજ વિશિષ્ઠ સેવાકીય કામગીરીને બિરદાવવા બદલ એવોર્ડ સેરિમનીનું આયોજન હોટલ હયાત,આશ્રમ રોડ ખાતે કરવામાં આવ્યું હતું. જેમા ડી.સી. ફીજીકલી ચેલેનઝ લાયન ભાવિન પરમાર ને "દિવ્યાગતા ક્ષેત્રે" સુંદર કામગીરી કરવા બદલ *ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન કમલેશ શાહ* 3232 B-4 વડોદરાના હસ્તે *સ્પેશિયલ ડાયમંડ એવોર્ડ* એનાયત કરવામાં આવ્યો હતો જે ધોળકા માટે ગૌરવ લેવા જેવુ છે. આ ઉપરાંત લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ 3232-B1ના પાસ્ટ ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન રસિકભાઈ પટેલ તરફથી પણ લાયન ભાવિન પરમાર ને "દિવ્યાગતા ક્ષેત્રે" સુંદર કામગીરી બદલ Certificate of Appreciation એનાયત કરવામાં આવ્યું હતું.






અમદાવાદ નવરંગપુરા ખાતે કર્ણાટક સંઘ દ્વારા એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શુભ પ્રસંગે મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા તેમજ આ કાર્યક્રમનું કર્ણાટક સંઘે ખૂબ જ સરસ રીતે આયોજન કર્યું હતું.

## રમતો ક્યા રમાડવી તેના માટે 33 સ્પોટની કરાઈ પસંદગી

। અમદાવાદ, તા.૨૭ ।

ઓલિમ્પક ૨૦૩૬ ગુજરાતમાં યોજાશે એ નક્કી છે. ગુજરાત હવે ઓલિમ્પિકની તૈયારીમાં લાગી ગયું છે. ગુજરાતના આંગણે હવે ઓલિમ્પિક રમાશે. ત્યારે ગુજરાતમાં આ માટે આલિશાન તૈયારીઓ આરંભી દેવાઈ છે. ઓલિમ્પિક ૨૦૩૬ માટે એસપીવને ગોલિમ્પિક નામ આપવામાં આવ્યું છે. એટલુ જ નહિ, અહી ત્રણ હજાર મકાનોનું ભવ્ય ગામ બનશે. ત્યારે ગુજરાતમાં કયા જગ્યાએ ઓલિમ્પિક યોજાશે તે માટે તૈયારી ચાલી રહી છે. ગુજરાતમાં ઓલિમ્પિક યોજવાના લક્ષ્ય સાથે ૩૩ સ્થળો નક્કી કરાયા છે. ગુજરાતમાં ઓલિમ્પિક રમતોની ઉજવણી ક્યા થઈ શકે તે માટે ગુજરાત સરકાર દ્વારા કામગીરી શરૂ કરાઈ છે. ગુજરાતમાં ઓલિમ્પિક રમતોની શક્યતાને પગલે ૩૩ સ્થળોની પસંદગી કરાઈ છે. જેમાંથી ૧૭ સ્પોટ અમદાવાદમાં છે. તો ૬ સ્પોટ ગાંધીનગરમાં છે. બાકીના સ્પોટ રાજ્યમાં અન્ય સ્થળોએ છે. આ ૩૩ સંભવિત સ્પોટ્સ પર સિંગલ સ્પોર્ટસ માટે ૨૨ અને મલ્ટી સ્પોર્ટસ માટે ૧૧ સ્થળ પસંદ કરાયા છે.










માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨